CMYK

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૨ સપ્ટેમ્બર ૨૦૨૩, શુક્રવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૭૯, ભાદરવો સુદ સાતમ | અંક : ૫૭ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## કેનેડા અને ભારત વચ્ચે રાજદ્વારી સબંધો વધુ વણસ્યા

# ભારતે કેનેડિયન લોકો માટેના વિઝા હાલ પૂરતા સ્થગિત કર્યા

### કેનેડામાં હાઈ કમિશન અને કોન્સ્યુલેટ દ્વારા સામનો કરવામાં આવતા સુરક્ષા જોખમોને જોતા સામાન્ય કામગીરીમાં વિક્ષેપ પડ્યો છે : વિદેશ મંત્રાલયના પ્રવક્તા

। નવી દિલ્હી, તા.૨૧ ।

કેનેડા અને ભારત વચ્ચે રાજદ્વારી સબંધો વણસ્યા છે. કેનેડાએ ખાલિસ્તાન તરફી વલણ દાખવતાં કેન્દ્રએ સરકારે મોટો નિર્ણય લીધો છે. ખાલિસ્તાન સમર્થક નિજ્જર હત્યા કેસ મામલે ભારત-કેનેડાના સંબંધમાં ખટાશ જોવા મળી રહી છે. એવામાં આજે વિદેશ મંત્રાલયના પ્રવક્તા અરિંદમ બાગચીએ કહ્યું કે, કેનેડિય લોકો માટેની વિઝા પ્રોસેસને હાલ પૂરતી સ્થગિત કરવામાં આવી છે. કેનેડામાં વિઝા સેવાઓ પર, એમઈએના પ્રવક્તા અરિંદમ બાગચીએ કહ્યું કે, કેનેડામાં હાઈ કમિશન અને કોન્સ્યુલેટ દ્વારા સામનો કરવામાં આવી રહેલા સુરક્ષા જોખમોથી તમે બધા વાકેફ છો. આનાથી તેમની સામાન્ય કામગીરીમાં વિક્ષેપ પડ્યો છે. હાઈ કમિશન અને કોન્સ્યુલેટ્સ અસ્થાયી રૂપે પ્રક્રિયા કરવામાં અસમર્થ છે. માટે હાલમાં કેનેડિયન લોકોને ભારતના વિઝા નહીં મળે. અમે આ પરિસ્થિતિની સમીક્ષા કરી રહ્યા છીએ. વિદેશ મંત્રાલયના પ્રવક્તા અરિંદમ બાગચીએ વિવાદ વચ્ચે આજે કરેલી પ્રેસ કોન્ફરન્સ કહ્યું કે, કેનેડા આતંકવાદીઓનું આશ્રયસ્થાન બની ગયું છે, પાકિસ્તાન તેને મદદ કરી રહ્યું છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા બાગચીએ કહ્યું કે, હરદીપ સિંહ નિજ્જરની હત્યામાં ભારતીય એજન્ટોની સંભવિત સંડોવણીના આરોપ રાજકીય પ્રેરિત છે. હકીકતમાં, તાજેતરમાં કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટૂડોએ દાવો કર્યો હતો કે નિજ્જરની હત્યામાં ભારતીય એજન્ટનો હાથ હોઈ શકે છે. જોકે, ત્યારબાદ વિદેશ મંત્રાલય દ્વારા આ આરોપ ોને ફગાવી દેવાયા હતા. ભારત-કેનેડા વચ્ચે ઉભા થયેલો ગજગ્રાહ નવી ચરમસીમાએ પહોંચ્યો છે.

### હાઈ કમિશન અને કોન્સ્યુલેટ્સ અસ્થાયી રૂપે પ્રક્રિયા કરવામાં અસમર્થ છે

ખાલિસ્તાની નેતાની હત્યાનો આરોપ ભારત સરકાર પર લગાવ્યા બાદ કેનેડા સાથેના ભારતના સંબંધો વણસી રહ્યાં છે. બંને દેશોએ એક બીજાના રાજદ્વારીની હકાલપટ્ટી કર્યા બાદ હવે આજે સવારના અહેવાલ અનુસાર ભારતે કેનેડાવાસીઓને આપવામાં આવતા વિઝા સ્થગિત રાખવાનો નિર્ણય કર્યો છે. કેનેડિયનોને આપવામાં આવતા ભારતના વિઝા પર સસ્પેન્શનની જાહેરાત બાદ સ્થિતિ વધુ વણસી રહી હોવાના સંકેત મળી રહ્યાં છે. જોકે અગાઉ હવે ૧ વાગ્યાના સુમારે આ વિઝા સસ્પેન્ડ કરવાની જાહેરાત કરનાર કેનેડા વિઝા સર્વિસ સંભાળતી કંપની બીએલએસ ઈન્ટરનેશનલે એકાએક સવારે બહાર પાડેલ નોટિસ હટાવી દીધી હતી. કંપનીની વેબસાઈટ પરથી કેનેડિયન નાગરિકો માટે વિઝા સેવાઓ સસ્પેન્ડ કરવા અંગેની નોટિસ પાછી ખેંચી લીધી હતી. બીએલએસ ઇન્ટરનેશનલ, વિઝા સુવિધાઓ ઓફર કરતી ભારતીય કંપનીએ અગાઉ કહ્યું હતું કે કેનેડામાં ભારતીય મિશનની નોટિસમાં "આગામી સૂચના સુધી" વિઝા સેવાઓ સ્થગિત કરવા માટે "ઓપરેશનલ કારણો" ટાંકવામાં આવ્યા છે.

### કેનેડાએ ભારત સરકારના ટોચના અધિકારીઓ સમક્ષ આ મુદ્દો ઉઠાવ્યો છે

જોકે હવે આ અસમંજસની સ્થિતિમાં સૌની નજર ભારત સરકાર એટલેકે વિદેશ મંત્રાલય તરફ છે. ન્યૂઝ એજન્સી દ્વારા ભારતના વિદેશ મંત્રાલયના પ્રવક્તાને પૂછવામાં આવેલા પ્રશ્નોનો જવાબ નહોતો આપ્યો. મંગળવારે કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટૂડોએ હાઉસ ઓફ કોમન્સમાં જણાવ્યું હતું કે, કેનેડાની સુરક્ષા એજન્સીઓ કેનેડિયન નાગરિક હરદીપસિંહ નિજ્જરની હત્યા અને ભારત સરકારની સંભવિત સંડોવણીના વિશ્વસનીય આરોપોની સક્રિય તપાસ કરી રહી છે. હરદીપસિંહ નિજ્જરની હત્યાના દોષિતોને ન્યાયના કઠેડામાં ઊભા કરવા માટે સુરક્ષા એજન્સીઓ દ્વારા જરૂરી પગલાં લેવાશે. જસ્ટિન ટૂડોએ જણાવ્યું હતું કે કેનેડાએ ભારત સરકારના ટોચના અધિકારીઓ અને સુરક્ષા અધિકારીઓ સમક્ષ આ મુદ્દો ઉઠાવ્યો છે. ગયા સપ્તાહે મેં જી-૨૦માં વ્યક્તિગતરૂપે સીધા વડાપ્રધાન નરેન્દ્ર મોદી સમક્ષ પણ આ મુદ્દો ઉઠાવ્યો હતો.

### કેનેડાએ વર્ષ ૨૦૦૦થી ૩.૬ બિલિયન ડોલરથી વધુનું રોકાણ કર્યું છે

કેનેડાના વડાપ્રધાન ટૂડો આટલેથી જ રોકાયા નહોતા. તેમના આ નિવેદન પછી કેનેડાએ ભારતના ટોચના રાજદૂત પવન કુમાર રાયને દેશમાંથી નીકળી જવાનો આદેશ આપ્યો હતો. ટૂડોએ પવન કુમાર રાયને ભારતની ગુપ્તચર સંસ્થા રોના એજન્ટ ગણાવ્યા હતા. વિદેશ મંત્રી મેલાની જોલીએ કહ્યું કે, ટૂડોની વાત સાચી સાબિત થાય તો તે અમારી સંપ્રભુતા અને એકબીજા સાથેના સંબંધોના પાયાના નિયમોનો ભંગ ગણાશે તેથી અમે ભારતના ટોચના ડિપ્લોમેટને કાઢી મૂક્યા છે. પીએમ ટૂડો આ બાબત અમેરિકન પ્રમુખ બાઈડેન સમક્ષ પણ ઉઠાવી ચૂક્યા છે. હરદીપ નિજ્જરની ૧૮ જૂને ગોળી મારીને હત્યા કરી દેવાઈ હતી. કેનેડા ભારતનું ૧૭મું સૌથી મોટું વિદેશી રોકાણકાર છે. કેનેડાએ વર્ષ ૨૦૦૦થી ૩.૬ બિલિયન ડોલરથી વધુનું રોકાણ કર્યું છે. ભારતીય શેરબજાર અને ડેટ માર્કેટમાં કેનેડિયન પોર્ટફોલિયો રોકાણકારોનું અબજો ડોલરનું રોકાણ છે.

## ન્યૂઝ બ્રિફ

### જસ્ટિન ટ્રુડોએ હોટલમાં સુરક્ષા લેવાનો ઈનકાર કરી દીધો હતો



। નવી દિલ્હી, તા.૨૧ ।

ખાલિસ્તાની આતંકી હરદીપ સિંહ નિજ્જરની હત્યા અંગે વાહિયાત નિવેદન આપનારા કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટૂડો જી૨૦ સમિટ દરમિયાન જ નારાજ અને પરેશાન દેખાઈ રહ્યા હતા. તેમણે લલિત હોટેલમાં ભારતીય સુરક્ષા લેવાનો પણ ઈનકાર કરી દીધો હતો. તેઓ બે દિવસ સુધી હોટેલથી બહાર પણ આવ્યા નહોતા. સૂત્રો અનુસાર તે હોટેલમાં પરેશાન દેખાઈ રહ્યા હતા. મોટી વાત એ છે કે રાષ્ટ્રપતિ તરફથી આયોજિત ડિનરમાં પણ ટૂડો સામેલ થયા નહોતા.

### ભારત સરકાર મહિલા બિલ દ્વારા મહિલાઓ માટે સારૂ કામ કરી રહી છે



। નવી દિલ્હી, તા.૨૧ ।

દેશની સંસદમાં રજૂ કરવામાં આવેલા મહિલા આરક્ષણ બિલ તરફ સૌ કોઈનું ધ્યાન ખેંચી રહ્યું છે. પ્રધાનમંત્રી મોદીએ તેને નારી શક્તિ વંદન વિધેયક નામ આપ્યું છે. આ બિલને લઈને સદનમાં પક્ષ વિપક્ષે પોતાના તર્ક રજૂ કર્યા હતા. આ દરમ્યાન હવે પાકિસ્તાનમાંથી આવેલી સીમા હૈદરે પણ મહિલા આરક્ષણ બિલ પર ખુલીને વાત કરી છે.

### ઈરાન બનાવશે તો અમે પણ અણુબોમ્બ બનાવીશુ

। રિયાદ, તા.૨૧।

સાઉદી અરબના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાનએ એક ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે જો સાઉદી અરબનો હરીફ દેશ ઈરાન પરમાણુ બોમ્બ તૈયાર કરી લેશે તો તે પણ પરમાણુ બોમ્બ બનાવી લેશે. તેમણે કહ્યું કે જો ઈરાન પાસે એક બોમ્બ હશે તો અમારી પાસે પણ એક હોવો જોઈએ. તેમને એક વીડિયો ક્લિપમાં આ ટિપ્પણી કરતાં સાંભળી શકાય છે. મોહમ્મદ બિન સલમાને કહ્યું કે જ્યારે પણ કોઈ દેશ પરમાણુ હથિયાર મેળવી લે છે.







કૉંગ્રેસ સાંસદે કુલી સાથે મુલાકાત કરી

## રાહુલ ગાંધી બન્યા કુલી, માથે ઊઠાવ્યો લોકોનો બોજો

### રાહુલ ગાંધીએ આ દરમિયાન કુલીઓની મુશ્કેલીને પણ ધ્યાનથી સાંભળી અને તેને સમજ્યા પણ ખરા

। નૂહ, તા.૨ ।

કૉંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રા ચાલુ છે. આ કડીમાં રાહુલ ગાંધી દિલ્હીના આનંદ વિહાર રેલવે સ્ટેશન પહોંચ્યા. અહીં તેમણે કુલીઓ સાથે મુલાકાત કરી છે. જે વીડિયો સામે આવ્યો છે કે તેમાં દેખાઈ રહ્યા છે કે રાહુલ ગાંધી કુલીઓ વચ્ચે બેઠા છે. કૉંગ્રેસ તરફથી એક વીડિયો જાહેર કરી એક્સ પર કહેવામાં આવ્યું છે, “ભારત જોડો યાત્રા ચાલુ છે! મહાત્મા ગાંધીના વિચારોથી પ્રેરિત થઈને જનનાયક રાહુલ ગાંધીએ ભારત જોડોની જે યાત્રા શરૂ કરી છે.

રાષ્ટ્રીય રાજધાનની એક શાળાની ઘટના

## દિલ્હીની સ્કૂલમાં બોમ્બની ધમકીથી ભારે અફરાતફરી



। નવી દિલ્હી, તા.૨૧ ।

રાષ્ટ્રીય રાજધાની દિલ્હીની એક સ્કૂલમાં બોમ્બની ધમકી મળતા હડકંપ મચી ગયો છે. આ ધમકી બાદ સાવચેતીના ભાગરૂપે સ્કૂલ કેમ્પસને ખાલી કરી દેવામાં આવ્યુ હતું. આ ઘટના સાઉથ દિલ્હીના આરકે પૂરમ સ્કૂલની છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે સ્કૂલને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીભર્યો ઈમેલ આવ્યો છે. આ સૂચના મળતા જ પોલીસ તાત્કાલિક એક્શનમાં આવી ગઈ છે. ઘટના સ્થળ પર બોમ્બ સ્ક્વોડ, ફાયર બ્રિગેડ વિભાગ અને સ્થાનિક પોલીની ટીમ પહોંચી ગઈ છે. બોમ્બ સ્ક્વોડ દ્વારા સ્કૂલ કેમ્પસની તલાશી લેવામાં આવી હતી. ઈમેલ કાલે આવ્યો હતો. આજે સવારે જોયા બાદ સ્કૂલ વહીવટી તંત્ર દ્વારા પોલીસને કોલ કરવામાં આવ્યો હતો. પ્રાપ્ત માહિતી પ્રમાણે ઈમેલમાં કહેવામાં આવ્યું હતું કે, પ્રિન્સિપાલના રૂમની આસપાસ બોમ્બ રાખવામાં આવ્યો છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ વધુ એક રેકોર્ડ બનાવ્યો

## મોદીની વોટ્સએપ ચેનલના એક જ દિવસમાં ૧૦ લાખથી વધુ ફોલોઅર્સ

### મોદીના એક્સપર ૯૧ મિલિયનથી વધુ, ફેસબુક પર ૪૮ મિલિયન, ઈન્સ્ટાગ્રામ પર ૭૮ મિલિયનથી વધુ ફોલોઅર્સ

। નવી દિલ્હી, તા.૨૧ ।

એક્સ, ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ જેવા વિવિધ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર રેકોર્ડ ફોલોઅર્સ કર્યા પછી, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ વધુ એક રેકોર્ડ બનાવ્યો છે. તાજેતરમાં જ વોટ્સએપએ ચેનલ પ્લેટફોર્મની સેવા શરૂ કરી છે. જેના પર પીએમ મોદીએ પોતાનું એકાઉન્ટ પણ બનાવ્યું છે. આ એકાઉન્ટ બનાવ્યાના માત્ર એક જ દિવસમાં ૧૦ લાખ ફોલોઅર્સ વટાવી ગયા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીને એક્સપર ૯૧ મિલિયનથી વધુ લોકો ફોલો



કરે છે. પીએમ મોદીના ફેસબુક પર ૪૮ મિલિયન ફોલોઅર્સ છે. આ સિવાય ઈન્સ્ટાગ્રામ પર તેના ૭૮ મિલિયનથી વધુ ફોલોઅર્સ છે. આ બધાની વચ્ચે માત્ર એક જ દિવસમાં ૧૦ લાખ ફોલોઅર્સ પીએમની વોટ્સએપ ચેનલ સાથે જોડાઈ ગયા છે અને આ સંખ્યા સતત વધી રહી છે.

ભ્રષ્ટાચારના કેસમાં ઈમરાન ખાનની ધરપકડ થઈ છે

## ઈમરાન સામે ગુનાહિત કાવતરાનો આરોપ, ફાંસીની સજા થઈ શકે

### ઈમરાન ખાન પર સૈન્ય ઠેકાણાઓ પર હુમલાનું ષડયંત્ર રચવાનો અને લોકોને હિંસા માટે ભડકાવવાનો આરોપ

। ઈસ્લામાબાદ, તા.૨૧ ।

પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાન પર ૯મી મેના રોજ થયેલી હિંસામાં ‘ગુનાહિત કાવતરું’ રચવાનો આરોપમાં લાગ્યો છે, જેની વધુમાં વધુ સજા ફાંસી હોવાનું કહેવાય છે. સમાચાર એજન્સીએ પંજાબ (પાકિસ્તાન)ના વરિષ્ઠ પોલીસ અધિકારીને ટાંકીને જણાવ્યું છે કે, ઈમરાન ખાન પર સૈન્ય ઠેકાણાઓ પર હુમલાનું ષડયંત્ર રચવાનો અને લોકોને હિંસા માટે ભડકાવવા માટે ‘ગુનાહિત કાવતરું’નો આરોપ લાગ્યો છે. ઉલ્લેખનિય છે કે, ભ્રષ્ટાચારના કેસમાં ૯મી મેના રોજ ઈમરાન ખાનની ધરપકડ કરવામાં આવી હતી. ધરપકડ બાદ પાકિસ્તાનમાં હિંસાત્મક ઘટનાઓના અહેવાલો સામે આવ્યા હતા. હિંસા દરમિયાન



રાવલપિંડીમાં સેનાના હેડક્વાર્ટર ઉપરાંત ડઝનથી વધુ સરકારી ઈમરતો પર આગ ચાંપવામાં આવી હતી, ત્યારે ઈમરાન ખાન સહિત તેમની પાર્ટી તહરીક-એ-ઈન્સાફ સહિત ઘણા નેતાઓ અને કાર્યકર્તાઓ પર લાહોર કોર કમાન્ડર હાઉસ અને અસ્કરી ટાવર પર હુમલા કરવાનો આરોપ લાગ્યો છે.

હુમલાખોરોએ ૧૫ ગોળીઓ ચલાવી

## પંજાબના ગેંગસ્ટર સુખા દુનેકની કેનેડામાં હત્યા કરવામાં આવી

### સુખા દુનેક વર્ષ ૨૦૧૭માં નકલી દસ્તાવેજોની મદદથી ભારતથી કેનેડા ભાગી ગયો હતો : સુખદુલ સિંહ વિરુદ્ધ સાત ફોજદારી કેસ નોંધાયેલા છે

। ઓટ્ટાવા, તા.૨૧ ।

કેનેડામાં મોગા જિલ્લાના દવિન્દર બંબિહા ગેંગના સુખદુલ સિંહ ઉર્ફે સુખા દુનેકની બુધવારે (૨૦ સપ્ટેમ્બર) રાત્રે હત્યા કરવામાં આવી હતી. આ ઘટના ૧૯ જૂને સરેમાં આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યા જેવી જ છે. આરોપીએ સુખદુલ સિંહ ઉર્ફે સુખા દુનાકે પર લગભગ ૧૫



ગોળીઓ મારી હતી. સુખા દુનેક ૨૦૧૭માં નકલી દસ્તાવેજોની મદદથી ભારતથી કેનેડા ભાગી ગયો હતો. સુખદુલ સિંહ વિરુદ્ધ સાત ફોજદારી કેસ નોંધાયેલા છે. પંજાબ પ્રદેશ અને આસપાસના વિસ્તારોમાંથી ઓછામાં ઓછા ૨૯ ગેંગસ્ટર છે, જેઓ કાયદાથી બચવા માટે ભારતની બહાર આશ્રય લઈ રહ્યા છે. તેઓ ઘણા વર્ષો પહેલા ભારતીય પાસપોર્ટ પર અથવા નકલી મુસાફરી દસ્તાવેજોની મદદથી નેપાળ થઈને અન્ય દેશમાં ભારત છોડી ગયા હતા.

## પત્રકાર સંમેલન સમારોહ

"ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત"દ્વારા તારીખ ૨૪/૦૯/૨૦૨૩ રવિવારનાં રોજ મહિસાગર જિલ્લાનાં સંતરામપુર ખાતે આવેલ નગરપાલિકા હોલમાં પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવેલ છે જેમાં મહિસાગર જિલ્લાનાં પત્રકારોને સંમાનિત કરવામાં આવશે.

અતિથી વિશેષ

ડો. કુબેરભાઈ મનુસખભાઈ ડીંડોર કેબીનેટ મંત્રી, પ્રાથમિક માધ્યમિક પ્રૌઢ શિક્ષણ, ગુજરાત સરકાર

સુરેશ આર. પટેલ એડીટર - ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત (દૈનિક સમાચાર પત્ર)

મુખ્ય મહેમાન

શ્રી ભાવિન પંડ્યા
કલેક્ટર મહિસાગર

શ્રી જયદિપસિંહ ડી. જાડેજા
એસ.પી. મહિસાગર

શ્રી દશરથ બારીયા
બીજેપી પાર્ટી પ્રમુખ મહિસાગર

શ્રી બાબુભાઈ કે. પટેલ
જિલ્લા પંચાયત પ્રમુખ મહિસાગર

શ્રી બી.ઝેડ. પટેલીયા
બીજેપી પાર્ટી પ્રમુખ સંતરામપુર

શ્રી ધવલ સંગાડા
મામલદાર સંતરામપુર

શ્રી હરીષભાઈ વળવઈ
તા. પં. પ્રમુખ સંતરામપુર

શ્રીમતી મંગુબેન ભરતભાઈ માલીવાડ
તા. પં. પ્રમુખ કડાણા

શ્રી દિપસિંહભાઈ હઠીલા,
ચીફ ઓફિસર સંતરામપુર

પત્રકાર
સંતોષ જી. જોષી
પી.એન. પટેલ
અમીતકુમાર આર. ધોબી
ઓમકારસિંહ પી. ચૌહાણ
ભરતકુમાર એ. પંડયા

**ન્યૂઝ બ્રિફ**

## મેટા કંપનીના કનેક્ટ કાર્યક્રમ માટે ગુજરાતના 3 વિદ્યાર્થીની પસંદગી

। અમદાવાદ, તા.૨૧ ।

ગુજરાત યુનિવર્સિટીમાં સ્ટાર્ટ અપસ માટે મહત્વની ભૂમિકા ભજવી રહેલી યેંજીઈઝ ના ૪ સ્ટાર્ટઅપને મેટા કંપનીના કનેક્ટ કાર્યક્રમ માટે આમંત્રણ મળ્યું છે. માર્ક ઝકરબર્ગની મેટા કંપનીના કનેક્ટ કાર્યક્રમ માટે પસંદગી થવી તે કોઈ સિદ્ધિ મેળવવાથી કમ નથી. વર્ચ્યુઅલ રિયાલિટી પર તૈયાર થયેલા ચાર સ્ટાર્ટઅપની કનેક્ટ કાર્યક્રમ માટે મેટા દ્વારા પસંદગી કરવામાં આવી છે. આગામી ૨૭ સપ્ટેમ્બર અને ૨૮ સપ્ટેમ્બરે કેલિફોર્નિયા મેટાનો કનેક્ટ કાર્યક્રમ યોજાશે. જેમાં આ ચાર સ્ટાર્ટઅપને સ્થાન મળ્યું છે. મેટાના કનેક્ટ કાર્યક્રમ માટે યેંજીઈઝ ના સ્ટાર્ટઅપ પ્લુટોનમ ટેક્નોલોજીસના કેયુર ભલાવત જાજલ, મેડિકલ સ્ટાર્ટઅપના અર્પણ સલૂજા, રેપરોસાય બાયોસાયનસિસ સ્ટાર્ટઅપના ગોપીનાથ વર્ધરાજન અન્સ સિમ્યોટમી સ્ટાર્ટઅપના દેવર્ષિ શાહની પસંદગી થઈ છે. આ ચારેય સ્ટાર્ટઅપ વર્ચ્યુઅલ રિયાલિટી પર કામ કરે છે જેમાંથી ૩ સ્ટાર્ટઅપ ગુજરાતના છે જ્યારે એક સ્ટાર્ટઅપ બેંગલોરનું છે. આ બધાજ સ્ટાર્ટઅપ કેલિફોર્નિયા જશે અને મેટા કપનીના હેડ ક્વાર્ટરની મુલાકાત પણ લેશે.

## બાયડમાં ખેડૂતોને મોટા પ્રમાણમાં નુકસાનને લઈ વળતરની માંગ કરવામાં આવી

। અરવલ્લી, તા.૨૧ ।

બાયડના અપક્ષ ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ રાજ્યના મુખ્યપ્રધાનને પત્ર લખીને ખેડુતોને નુક્સાન વળતરની માંગ કરી દીધી છે. ખેતરોમાં પાણી ભરાઈ જવાને લઈ સમસ્યા સર્જાઈ છે. ખેતી ઉપરાંત માલમિલ્કતને પણ મોટા પ્રમાણમાં નુક્શાન થયુ હોવાનુ પત્ર લખીને મુખ્યપ્રધાનને જણાવ્યુ છે. આમ ખેડૂતોને મોટા પ્રમાણમાં નુક્સાનને લઈ હવે વળતરની માંગ કરવામાં આવી છે. અરવલ્લી જિલ્લામાં ભારે વરસાદ વરસ્યો હતો. વરસાદને પગલે જિલ્લામાં અનેક વિસ્તારો જળબંબાકાર થયા હતા. બીજી તરફ ખેડૂતોના ખેતરોમાં પણ પાણી ભરાઈ જવાને લઈ ખેતીમાં નુક્સાનની સ્થિતિ છે. અરવલ્લી જિલ્લામાં બાયડ, ધનસુરા અને મોડાસા સહિતના વિસ્તારોમાં ભારે વરસાદને લઈ ખેડૂતો હવે ચિંતામાં મુકાયા છે.

# આણંદમાં માહિકાંઠાનાં ગામોમાં પૂરે તારાજી સર્જી

। આણંદ, તા.૨૧ ।

આણંદ જિલ્લામાંથી પસાર થતી મહિસાગર નદીમાં આવેલા પુરનાં પાણી ઓસર્યા બાદ હવે ગંભીરા, કોઠીયાખાડ બામણગામ સહિત આસપાસનાં ગામોના લોકો પોતાનાં ધરે પરત ફરી રહ્યા છે, ત્યારે તારાજીનાં દ્રષ્યો સામે આવી રહ્યા છે. ધરવખરી અનાજ કપડા તણાઈ જતા લોકો બેહાલ બન્યા છે, સાથે સાથે બે હજાર વિધાથી વધુ જમીનમાં તમાકુ,કપાસ અને શાકભાજીનો પાક નાસ પામતા ખેડુતોને કરોડો રૂપિયાનું આર્થિક નુકશાન થતા ખેડુતો સરકાર પાસે સહાયની આશા રાખી બેઠા છે, કડાણા ડેમમાંથી ૧૧ લાખ કયુસેક પાણી મહિસાગર નદીમાં છોડવામાં આવતા મહિસાગર નદી ગાંડીતુર બની હતી અને કાંઠાગાળાનાં ગામોમાં વિનાસ વેર્યો હતો,આણંદ જિલ્લાનાં મહિકાંઠે આવેલા ગંભીરા ભાઠા વિસ્તારમાં નદીનાં પુરનાં પાણી ફરી વળતા લોકોને ભારે આર્થિક નુકશાન પહોંચ્યું છે.નદીમાં જળસ્તર એકાએક વધી જતા લોકોને પહેરેલ કપડે પોતાનાં પશુઓને લઈને ધરબાર છોડીને જીવ બચાવીને ભાગવું પડયું હતું

અંદાજે ૨૪ કલાક બાદ પુરનાં પાણી ઓસરતા આજે સ્થાનિક રહીસો પરત ફરતા ધરોમાં કાદવનાં ઢગ ખડકાયા હતા તેમજ વીજ પુરવઠો ખોરવાઈ જતા પીવાનાં પાણીની પણ અછત સર્જાઈ હતી લોકોએ પૈસા ખર્ચીને પાણીનું ટેક્રર મંગાવી ધરને ધોઈને સાફ કરવું પડયું હતું, અનેક લોકોની ધરવખરી અને કપડા પાણીમાં તણાઈ ગયા હતા જયારે ખાટલા ગાદલા પાણીમાં પલળી જતા તેમજ અનાજ અને મરી મસાલા પણ પાણીમાં પલળી જતા લોકોને ભારે નુકશાન થયું હતું ગંભીરા ગામનાં ભાઠા વિસ્તારમાં ૩૦૦થી વધુ ખેડુતો તમાકુની સામુહિક ખેતી કરે છે,અને અંદાજે દર વર્ષે પાંચ કરોડ રૂપિયાની તમાકુનું ઉત્પાદન થાય છે,તેમજ ભાઠા વિસ્તારની તમાકુ ઉંચી ગુણવત્તાવાળી હોય તેનાં ભાવ પણ સારા મળે છે,પરંતુ નદીમાં આવેલા પુરનાં કારણે તમાકુનો પાક ધોવાઈ ગયો છે,તેમજ કપાસ અને શાકભાજીનો પાક પણ ધોવાઈ જતા ખેડુતોને મોંધા ભાવનું બિયારણ,ખાતર પાણીનો ખર્ચ પ્રતિ એકર દસથી ૩૦ હજારનો કર્યા બાદ ગંભીરા, કોઠીયાખાડ,બામણગામ સહીતનાં વિસ્તારોમાં બે હજારથી વધુ જમીનમાં પુરનાં પાણીએ વિનાસ વેરતા ખેડુતો પાયમાલ થઈ ગયા છે



ગણપતિની સ્થાપના વિવિધ પ્રકારની કરવામાં આવે છે. શ્યામલ ખાતે ગણપતિની પ્રતિમા બનાવાઈ છે.

**ગુજરાતમાં વરસાદ અંગે મહત્ત્વના સમાચાર**

## કચ્છ અને દ્વારકા જિલ્લામાં મધ્યમ વરસાદની આગાહી

### હવામાન વિભાગે આગામી ૨૪ કલાકમાં રાજ્યમાં વરસાદની તીવ્રતા ઘટશે તેવી જાહેરાત કરી છે

। અમદાવાદ, તા.૨૧ ।

ગુજરાતમાં વરસાદ અંગે હવામાન વિભાગ દ્વારા મહત્ત્વની આગાહી કરવામાં આવી છે. છેલ્લાં કેટલાંક દિવસોથી વરસાદે જે વિરામ લીધો હતો તેના પછી ફરી એકવાર મેઘરાજાએ એન્ટ્રી પાડી છે.

ફરી એકવાર મેઘરાજાએ ધુઆંધાર બેટિંગ શરૂ કરી દીધી છે. રાજ્યમાં વરસી રહેલાં વરસાદને કારણે જળાશયો પણ છલકાઈ રહ્યાં છે. જોકે, હવામાન વિભાગની આગાહીને કારણે એલર્ટ રહેવાની પણ જરૂર છે. હવામાન વિભાગે આગામી ૨૪ કલાકમાં રાજ્યમાં વરસાદની તીવ્રતા ઘટશે તેવી જાહેરાત કરી છે. જ્યારે કચ્છ અને દ્વારકા જિલ્લામાં મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે.

હવામાન વિભાગની મોટી આગાહી સામે આવી છે. જેમાં ગુજરાતના બે જિલ્લાઓમાં ભારે વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. ઉલ્લેખનીય છેકે, અત્યાર સુધી રાજ્યમાં સારો એવો વરસાદ થઈ ચુક્યો છે. આંકડાઓની વાત કરીએ તો અત્યાર સુધીમાં રાજ્યમાં

રાજ્યમાં વરસી રહેલા વરસાદને કારણે રાજ્યના મહત્વની ૨૦૭ જળ પરિયોજનાઓમાં ૯૩.૪૪ ટકા જેટલો જળસંગ્રહ થયો છે. જેમાં રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનામાં કુલ જળસંગ્રહ શક્તિના ૯૯.૭૩ ટકા જેટલો જળસંગ્રહ થયો છે. જ્યારે ૫૪ જળાશયો એવા છે કે જેમાં ૧૦૦ ટકાથી વધુ જળસંગ્રહ થયો છે. બીજી તરફ, ૯૦ જળાશયોમાં ૭૦ ટકાથી ૧૦૦ ટકા જળસંગ્રહ, ૨૯ જળાશયોમાં ૫૦ ટકાથી ૭૦ ટકા જળસંગ્રહ, ૨૩ જળાશયોમાં ૨૫ ટકાથી ૫૦ ટકા જળસંગ્રહ, ૧૦ જળાશયોમાં ૨૫ ટકા કરતાં ઓછો જળસંગ્રહ થયો છે. તેમાં ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયો, મધ્ય ગુજરાતના ૧૭ જળાશયો, દક્ષિણ ગુજરાતના ૧૩, કચ્છના ૨૦ અને સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયોનો સમાવેશ થાય છે. ઉત્તર ગુજરાતની વાત કરવામાં આવે તો, મહેસાણાનો ધરોઈ ડેમ ૯૩.૫૦% ભરાયો છે. આ ડેમમાં ૫૫૦૦ ક્યુસેક પાણીની આવક થઈ રહી છે. બીજી તરફ, ડેમમાંથી ૫૦૦ ક્યુસેક પાણી છોડાઈ રહ્યું છે. ઉલ્લેખનીય છે કે, ડેમની ભયજનક જળ સપાટી ૬૨૨ ફૂટ સામે હાલમાં ૬૨૦.૩૫ ફૂટે સપાટી પહોંચી છે.

**ખાદ્ય પદાર્થોને લઈ આરોગ્ય વિભાગ સતર્ક બન્યુ**

## રાજકોટમાં ખ્યાતનામ ઇશ્વર ઘુઘરાવાળાને ત્યાંથી મનપાએ લીધેલો નમૂનો ફેઇલ થયો

### આરોગ્ય વિભાગની તપાસમાં કલર અને અખાદ્ય રસાયણની હાજરી જોવા મળી છે જેના કારણે ઇશ્વર ઘુઘરાવાળા સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે

। રાજકોટ, તા.૨૧ ।

રાજકોટમાં ખાદ્ય પદાર્થોને લઈ આરોગ્ય વિભાગ સતર્ક બન્યું છે. વિવિધ વિસ્તારોમાં દુકાનોમાં આરોગ્ય વિભાગની તપાસમાં સામે આવ્યું હતું કે ઈશ્વર ઘુઘરાવાળા દ્વારા ઉપયોગમાં લેવામાં આવતી ચટણીમાં ભેળસેળ સામે આવી છે. મહાનગર પાલિકાની આરોગ્ય વિભાગની ટીમ દ્વારા છેલ્લા ૨૪ કલાકમાં ૩૭ જેટલા ધંધાર્થીઓને ત્યાં તપાસ હાથ ધરવામાં આવી હતી જે પૈકી ત્રણ ડેરીમાંથી પણ દુધના નમૂના લેવામાં આવ્યા હતા. રાજકોટ શહેરમાં ખ્યાતનામ એવા ઈશ્વર ઘુઘરાવાળાને ત્યાંથી મહાનગર પાલિકાએ લીધેલો નમૂનો ફેઈલ થયો છે. થોડા દિવસો પહેલા રાજકોટ મહાનગર પાલિકાની આરોગ્ય વિભાગની ટીમ દ્વારા હાથીખાના વિસ્તારમાં આવેલા ઈશ્વર ઘુઘરાવાળાને ત્યાંથી ચટણીના નમૂના લીધા હતા અને આ નમૂના લેબોલેટરીમાં પરીક્ષણ અર્થે મોકલવામાં આવ્યા હતા.

**વર્ક પરમીટ ઉપર UK જતાં યુવાનો માટે લાલબત્તી સમાન કિસ્સો**

## આણંદ પંથકનાં યુવાનને UKમાં નોકરીના આભરખા ભારે પડ્યા

### પૈસા ખૂટી પડ્યા, પાસપોર્ટ ચોરાયો, ફૂટપાથ પર રાતવાસો, UK નોકરી માટે ગયેલા મીથિલ પટેલની કપરી સ્થિતિ

। આણંદ, તા.૨૧ ।

આજના યુવાઓમાં વિદેશ જવાનો જબરો ક્રેઝ જોવા મળી રહ્યો છે. આવી સ્થિતિ વચ્ચે વર્ક પરમીટ ઉપર **UK** જતાં યુવાનો માટે લાલબત્તી સમાન કિસ્સો સામે આવ્યો છે. આણંદ પંથકનાં યુવાનને **UK** માં નોકરીના આભરખા ભારે પાડયા છે. હાલ આ યુવાન યુકેમાં ભરાયો હોવાનો વીડિયો સામે આવતા વતનમાં પરિજનો મુંજાયા છે. જે પોતાના વતન આવવા માટે દર દર ભટકી રહ્યો છે. આ મામલે જાણવા મળતી વિગત એવી છે કે મૂળ નડિયાદનો છે વતની મીથિલ પટેલ ઘણા સમયથી પ રિવાર સાથે અમદાવાદમાં સ્થાયી થયો છે. આવી સ્થિતિ વચ્ચે યુવકને યુકેમાં નોકરીના સપના દેખાયા બાદ એજન્ટનો ભેટો થયો હતો. જેની જરૂરી કાર્યવાહી કર્યા બાદ આ યુવાન બે માસ પહેલા એજન્ટ મારફતે યુકે ગયો હતો. પરંતુ ત્યાં જઈને તેના પગ તળેથી જમીન સરખી જાય તેવી ચોંકાવનારી ઘટના સામે આવી હતી અને હાલ આ યુવાન **UK** ના કિંગ્સબરીમાં ફસાયો છે.

**વિશેષ લેખ**

**લોકસભામાં મહિલાઓ માટે "નારી શક્તિ વંદન અધિનિયમ" બન્યો કાયદો**

# હવેથી લોકસભા અને દેશની અન્ય વિધાનસભાઓમાં દર ત્રીજી સાંસદ એક મહિલા હશે



**સાંપ્રત પ્રવાહો**

લેખક : દીપક જગતાપ









નવી સંસદના પહેલા જ દિવસે ઐતિહાસિક મહિલા અનામત બિલ લોકસભામાં રજૂ કરવામાં આવ્યું હતું. કેન્દ્ર સરકાર વતી આ બિલને નારી શક્તિ વંદન એક્ટ નામ આપવામાં આવ્યું છે. કાયદા મંત્રી અર્જુન રામ મેઘવાલે લોકસભામાં નારી શક્તિ વંદન એક્ટ રજૂ કર્યો હતો. એનડીએ સરકારે આ ૧૨૮મા બંધારણીય સુધારા ખરડાને "નારી શક્તિ વંદન અધિનિયમ" નામ આપ્યું છે. આ સાથે નવા સંસદ ભવનમાં દાખલ થયેલો આ સૌપ્રથમ ખરડો છે. આ બિલ૪૫૪મતોથી ૨/૩બહુમતિથી પાસ થતા બિલ હવે કાયદો બની ગયો છે. જે દેશની કરોડો મહિલાઓ માટે આનંદના સમાચાર છે. આ કાયદો બન્યા બાદ લોકસભા અને દેશની અન્ય વિધાનસભાઓમાં દર ત્રીજી સાંસદ એક મહિલા હશે.

નારી શક્તિ વંદન અધિનિયમ એ એક ઐતિહાસિક કાયદો છે જે મહિલા સશક્તિકરણને વધુ વેગ આપશે અને આપણી રાજકીય પ્રક્રિયામાં મહિલાઓની વધુ મોટી ભાગીદારી માટે સક્ષમ બનશે."

**નારી શક્તિ વંદન કાયદાના મહત્વના મુદ્દા**

આ બિલ લોકસભા અને દેશની તમામ વિધાનસભાઓમાં રજૂ કરવામાં આવ્યું છે. આ બિલ અનુસાર ૩૩ ટકા સીટો મહિલાઓ માટે આરક્ષિત હશે. આ બિલ પાસ થયા બાદ લોકસભામાં મહિલાઓ માટે ૧૮૧ સીટો અનામત રહેશે. હાલમાં લોકસભામાં મહિલા સાંસદોની સંખ્યા માત્ર ૮૨ છે.

નારી શક્તિ વંદન એક્ટ મુજબ દિલ્હી વિધાનસભામાં પણ મહિલાઓને ૩૩ ટકા અનામત આપવામાં આવશે. આ હિસાબે દિલ્હીમાં મહિલાઓ માટે ૨૩ સીટો અનામત રાખવામાં આવશે. આ બિલ અનુસાર **SC-ST** મહિલાઓને ક્વોટા આપવામાં આવશે. હાલમાં દેશમાં અનામત બેઠકોની સંખ્યા ૮૪ (**SC**) અને ૪૭ (**ST**) છે. આ મુજબ એસસી સમુદાયની અનામત બેઠકોમાંથી ૨૮ બેઠકો મહિલાઓ માટે જ્યારે એસટી સમુદાયની અનામત બેઠકોમાંથી ૧૬ મહિલાઓ માટે અનામત રાખવામાં આવશે.

મહિલા અનામત બિલ ૧૫ વર્ષ માટે રહેશે. આ પછી સરકારે મહિલાઓને અનામત આપવા માટે ફરીથી બિલ લાવવું પડશે. સરકાર નારી શક્તિ વંદન બિલ પસાર કરવા મક્કમ રહ્યું ઘણી ચર્ચાઓ થઈ. વિરોધ પક્ષે પણ સમર્થન કર્યું. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ નવી સંસદમાં પ્રથમ દિવસે કહ્યું હતું કે, તેમની સરકાર "નારીશક્તિ વંદન બિલ" ને લોકસભા અને રાજ્ય વિધાનસભાઓમાં મહિલા અનામત માટેનો કાયદો બનાવવા માટે કટિબદ્ધ છે.

**PM** નરેન્દ્ર મોદીએ કહ્યું, "નારી શક્તિ વંદન કાયદા દ્વારા આપણું લોકતંત્ર વધુ મજબૂત બનશે. હું નારી શક્તિ વંદન કાયદા માટે દેશની માતાઓ, બહેનો અને પુત્રીઓને અભિનંદન આપું છું. હું તેમને ખાતરી આપું છું કે, અમે "બિલને કાયદો બનાવવા માટે પ્રતિબદ્ધ છીએ." જોકે આ કાયદો ૨૦૨૪ ની લોકસભા ચૂંટણીમાં લાગુ નહીં થઈ શકે. કારણ કે સીમાંકન પ્રક્રિયા પૂર્ણ થયા બાદ જ તેનો અમલ કરવામાં આવશે અને ૨૦૨૯ ની સામાન્ય ચૂંટણીમાં આવું થઈ શકે છે. હાલમાં, લોકસભાની કુલ ૫૪૩ બેઠકોમાંથી, ૮૨ ચૂંટાયેલા મહિલા સાંસદો છે જે કુલ સાંસદોની સંખ્યાના ૧૪.૩૬% છે.

આ બિલ લાગુ કરવાની માંગ ઘણી જૂની હતી. મહિલા અનામત બિલની માંગ છેલ્લા ૨૭ વર્ષથી ચાલી રહી હતી . આ બિલ લાગુ થયા બાદ સંસદ અને રાજ્યની વિધાનસભાઓમાં મહિલાઓ માટે ૩૩ ટકા સીટો અનામત રહેશે. આ બિલ અનુસાર, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે અનામત બેઠકોમાંથી એક તૃતીયાંશ બેઠકો **SC-ST** સમુદાયમાંથી આવતી મહિલાઓ માટે અનામત રાખવામાં આવશે. આ અનામત બેઠકો રોટેશન સિસ્ટમ દ્વારા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં વિવિધ પ્રદેશોમાં ફાળવી શકાય છે. મહિલા અનામત વિધેયક અનુસાર મહિલાઓ માટે સીટોનું આરક્ષણ માત્ર ૧૫ વર્ષ માટે રહેશે.આ બિલમાં દરખાસ્ત છે કે, લોકસભાની દરેક ચૂંટણી પછી અનામત બેઠકો ફેરવવી જોઈએ. રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશમાં વિવિધ મતવિસ્તારોમાં રોટેશન દ્વારા અનામત બેઠકો ફાળવવામાં આવી શકે છે.

**શું છે મહિલા અનામત બિલ?**

ભારતનું મહિલા અનામત બિલ એ બંધારણીય સુધારા ખરડો છે. તેના દ્વારા એવું કહેવામાં આવ્યું છે કે લોકસભા અને રાજ્ય વિધાનસભાઓમાં મહિલાઓ માટે ૩૩% અનામત આપવામાં આવશે. આ બિલ સૌપ્રથમ ૧૯૯૬માં રજૂ કરવામાં આવ્યું હતું, પરંતુ ત્યારથી તે પસાર થઈ શક્યું નથી. બિલ મુજબ ઉમેદવારોને અનામત બેઠકો માટે કોઈપણ રાજકીય પક્ષમાંથી ચૂંટણી લડવાની છૂટ આપવામાં આવશે.આ બિલ ૩૩% ક્વોટાની અંદર **SC, ST** અને એંગ્લો-ઈન્ડિયન્સ માટે પેટા-આરક્ષણનો પણ પ્રસ્તાવ મૂકે છે. રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશના વિવિધ મતવિસ્તારોમાં રોટેશન દ્વારા અનામત બેઠકો ફાળવવામાં આવી શકે છે. મહિલા આરક્ષણ બિલના સમર્થકો દલીલ કરે છે કે તે મહિલાઓના સશક્તિકરણ અને પ્રતિનિધિત્વને સુધારવા માટે જરૂરી પગલું છે.

આ અનામત સીધા ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ માટે લાગુ પડશે. રાજ્યસભા અને રાજ્યોની વિધાનસભાને લાગુ પડશે નહીં. આ બિલમાં બંધારણની કલમ **239AA** હેઠળ રાજધાની દિલ્હીની વિધાનસભામાં મહિલાઓને ૩૩% અનામત આપવામાં આવશે. એટલે કે દિલ્હી વિધાનસભામાં પણ ૭૦માંથી ૨૩ સીટો મહિલાઓ માટે આરક્ષિત હશે. અન્ય રાજ્યોની વિધાનસભાઓમાં પણ મહિલાઓ માટે ૩૩ ટકા અનામત લાગુ કરવામાં આવશે. વર્તમાન બિલમાં મહિલા અનામત ૧૫ વર્ષ (સામાન્ય રીતે ત્રણ ચૂંટણી) માટે લાગુ કરવામાં આવી હતી. આ પછી સંસદ ઈચ્છે તો મહિલા અનામતને આગળ લઈ જઈ શકે છે. રસપ્રદ વાત એ છે કે જ્ઞાતિ આધારિત અનામતની જોગવાઈ પણ દેશમાં દસ વર્ષથી લાગુ કરવામાં આવી હતી જે અત્યાર સુધી ચાલુ છે. જણાવી દઈએ કે ૧૯૯૬થી જ્યારે પણ મહિલા અનામત બિલ આવ્યું છે ત્યારે આ મુદ્દો ઉઠાવવામાં આવ્યો છે. ઘણા રાજકીય પક્ષો પણ પછાત વર્ગની મહિલાઓ માટે ક્વોટાની માંગ કરી રહ્યા છે. જો કે આ બિલમાં આવી કોઈ જોગવાઈ નથી.

**ન્યૂઝ બ્રિફ**

## મલેશિયા સામેની મેચ રદ થતાં ભારત સેમિફાઈનલમાં

। નવી દિલ્હી, તા.૨૧ ।

એશિયન ગેમ્સ ૨૦૨૩માં આજે મહિલા ક્રિકેટ ઈવેન્ટમાં ભારત અને મલેશિયા વચ્ચે મેચ રમાઈ હતી. આ ક્વાર્ટર ફાઈનલ મેચને વરસાદના કારણે રદ કરવામાં આવી હતી. આ સાથે જ ભારતીય મહિલા ક્રિકેટ ટીમે સેમિફાઈનલમાં સ્થાન મેળવી લીધું છે. ભારત અને મલેશિયા વચ્ચે રમાયેલી આ મેચમાં ભારતની ઈનિગ દરમિયાન પણ વરસાદ વિલેન બન્યો હતો, જેના કારણે ૧૫-૧૫ ઓવરની મેચ રમાઈ હતી. ભારતીય મહિલા ક્રિકેટ ટીમે આ ૧૫ ઓવરની મેચમાં ૧૭૩ રન બનાવ્યા હતા. ત્યાર પછી મલેશિયાની ઈનિંગ દરમિયાન માત્ર ૨ બોલની રમત બાદ ભારે વરસાદના કારણે મેચ રોકી દેવામાં આવી હતી. હવે અમ્પાયર્સે સતત પડી રહેલા વરસાદના કારણે મેચ રદ કરવાનો નિર્ણય કર્યો છે.

## સ્પિનર ચહલની પત્ની ધનશ્રી વર્લ્ડ કપમાં મચાવશે ધમાલ



। મુંબઈ, તા.૨૧ ।

ભારતમાં વર્લ્ડ કપ ૨૦૨૩ આવતા મહિને શરૂ થઈ રહ્યો છે. આ ટુર્નામેન્ટ ૫ ઓક્ટોબરથી ભારતની યજમાનીમાં રમાશે. આ મહિનાની શરૂઆતમાં વર્લ્ડ કપ માટે ટીમ ઈન્ડિયાની જાહેરાત કરવામાં આવી હતી. વર્લ્ડ કપ માટેની ભારતીય ક્રિકેટ ટીમમાં લેગ સ્પિનર યુઝવેન્દ્ર ચહલનો સમાવેશ કરવામાં આવ્યો નથી. ૨૦૧૬માં ચહલે વન-ડે ક્રિકેટમાં પદાર્પણ કર્યું હતું. ત્યારથી તે મર્યાદિત ઓવરના ક્રિકેટમાં ભારતનો અગ્રણી સ્પિનર છે. જોકે, તેમ છતાં ચહલને વર્લ્ડ કપની ટીમમાં સામેલ કરવામાં આવ્યો ન હતો. યુઝવેન્દ્ર ચહલ વર્લ્ડ કપ માટે ટીમ ઈન્ડિયાની સ્કીમ ઓફ થિંગ્સમાં પણ સામેલ નથી. અનુભવી સ્પિનર રવિચંદ્રન અશ્વિનને ઓસ્ટ્રેલિયા સામેની વન-ડે શ્રેણીમાં સ્થાન મળ્યું છે. એશિયા કપની ફાઈનલમાં અક્ષર પટેલના બેકઅપ તરીકે વોશિંગ્ટન સુંદરનો સમાવેશ કરવામાં આવ્યો હતો, પરંતુ યુઝવેન્દ્ર ચહલના નામ અંગે કોઈ ચર્ચા નથી. આનો સ્પષ્ટ અર્થ છે કે તેને વર્લ્ડ કપની ટીમમાં સ્થાન મળવાની કોઈ આશા નથી. વર્લ્ડ કપની ટીમમાં ૨૮ સપ્ટેમ્બર સુધી ફેરફાર થઈ શકે છે. યુઝવેન્દ્ર ચહલ વર્લ્ડ કપ ટીમનો ભાગ નથી પરંતુ તેની પત્ની ધનશ્રી વર્મા વર્લ્ડ કપમાં જોવા મળશે.

### શ્રીલંકામાં સિરાજે મચાવ્યો હતો હાહાકાર

# મોહમ્મદ સિરાજ આઈસીસીની ODI બોલરોની રેન્કિંગમાં નંબર વન પર

### ભારતીય ક્રિકેટ ટીમના ફાસ્ટ બોલર મોહમ્મદ સિરાજે એશિયા કપ ફાઇનલમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું

। દુબઈ, તા.૨૧ ।

શ્રીલંકા સામે એશિયા કપ ફાઈનલમાં ઘાતક બોલિંગ કરીને સમગ્ર ટીમને ૫૦ રનમાં આઉટ કરવામાં મહત્વની ભૂમિકા ભજવનાર મોહમ્મદ સિરાજને આનો ઘણો ફાયદો થયો છે. ICCની તાજેતરની ODI બોલરોની રેક્િંગમાં તે નંબર વન પર પહોંચી ગયો છે. તેણે બીજા સ્થાને રહેલા ઓસ્ટ્રેલિયાના જોસ હેઝલવુડથી ઘણું અંતર બનાવી લીધું છે. કુલદીપ યાદવ પણ ટોપ ૧૦ બોલરોમાં સામેલ છે. જોકે તેને રેક્િંગમાં નુકસાન થયું



છે. ભારતીય ક્રિકેટ ટીમના ફાસ્ટ બોલર મોહમ્મદ સિરાજે એશિયા કપ ફાઈનલમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું. તેની કાતીલ બોલિંગથી તેણે શ્રીલંકાની બેટિંગની કમર તોડી નાખી હતી. માત્ર એક ઓવરમાં ૪ વિકેટ લઈને સનસનાટી મચાવનાર આ બોલરે તાજેતરની ICC ODI રેન્કિંગમાં ફરીથી નંબર વનનું સ્થાન મેળવી લીધું છે. ભારતીય સ્પિનરકુલદીપ યાદવે ટોપ ૧૦ રેન્કિંગમાં પોતાનું સ્થાન જાળવી રાખ્યું છે. એશિયા કપ ફાઈનલ જેવી મોટી મેચમાં શ્રીલંકાની બેટિંગને એકલા હાથે ધ્વસ્ત કરનાર મોહમ્મદ સિરાજ ૬૯૪ પોઈન્ટ સાથે ICC ODI બોલરોની રેક્િંગમાં પ્રથમ સ્થાને પહોંચી ગયો છે. ઓસ્ટ્રેલિયાનો જોસ હેઝલવુડ ૬૭૮ પોઈન્ટ સાથે બીજા ક્રમે છે જ્યારે ન્યુઝીલેન્ડનો ટ્રેન્ટ બોલ્ટ એક પોઈન્ટ પાછળ ત્રીજા સ્થાને છે.

### એશિયન ગેમ્સ ફૂટબોલમાં ભારતનો પ્રથમ વિજય

# એશિયન ગેમ્સ ફૂટબોલમાં ભારતનો બાંગ્લાદેશની સામે ૧-૦થી વિજય

### ચીન સામે હારનો સામનો કરનારી ભારતીય ટીમ માટે સુકાની સુનીલ છેત્રીએ એકમાત્ર ગોલ કરી ટીમને વિજયની ભેટ ધરી

। નવી દિલ્હી, તા.૨૧ ।

ભારતીય ફૂટબોલ ટીમે એશિયન ગેમ્સમાં બાંગ્લાદેશને ૧-૦થી હરાવ્યું છે. સુનીલ છેત્રીની કેપ્ટનશીપ હેઠળ આ ભારતીય ટીમની પ્રથમ જીત છે. આ અગાઉ ચીન સામેની મેચમાં ભારતીય ટીમને હારનો સામનો કરવો પડ્યો હતો. પરંતુ બાંગ્લાદેશ સામે ભારતીય ટીમે શાનદાર વાપસી કરી હતી. સુનીલ છેત્રીએ છેલ્લી ઘડીએ ગોલ કર્યો હતો. ભારતીય ફૂટબોલ ટીમના કેપ્ટન સુનીલ છેત્રીએ આ મેચનો એકમાત્ર ગોલ ૮૫મી મિનિટે કર્યો હતો. બંને ટીમોના ખેલાડીઓ શરૂઆતથી જ ગોલ કરવાનો ભરસક પ્રયાસ કરી રહ્યા હતા, પ રંતુ કોઈને પણ સફળતા મળી ન હતી. ભારત-બાંગ્લાદેશના ખેલાડી મેચના પ્રથમ હાફ સુધી કોઈ ગોલ કરી શક્યા ન હતા. જો કે ભારતીય ટીમે બીજા હાફમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું. બંને ટીમોના ખેલાડીઓએ ગોલ કરવાના ઘણાં મોકા મળ્યા હતા પરંતુ તેનો ફાયદો ઉઠાવવામાં નિષ્ફળ રહ્યા હતા. આ મેચમાં શરૂઆતની ૨૦ મિનિટમાં બાંગ્લાદેશના ખેલાડીઓનું વર્ચસ્વ જોવા મળ્યું હતું, પરંતુ તે પછી ભારતીય ખેલાડીઓએ વાપસી કરી હતી. બાંગ્લાદેશને મ્યાનમાર અને ભારતને ચીન સામે પ્રથમ મેચમાં હારનો સામનો કરવો પડ્યો હતો, જેથી બંને ટીમો માટે આ મેચ ખુબ મહત્વપૂર્ણ હતું. એક સમયે એવું લાગી રહ્યું હતું કે મેચ બરાબરી તરફ આગળ વધી રહી છે. પરંતુ સુનીલ છેત્રીએ ૮૫મી મિનિટે ગોલ કરી ભારતીય ટીમને જીત અપાવી હતી.



મોહાલીમાં ભારત અને ઓસ્ટ્રેલીયા વચ્ચેની પ્રથમ વનડે મેચની પૂર્વસંધ્યાએ ઓસ્ટ્રેલીયન ક્રિકેટરોએ પ્રેક્ટીસ કરી હતી.

### સિરીઝનો પ્રથમ મુકાબલો મોહાલીમાં રમાશે

# ઈન્ડિયા આજથી ઓસ્ટ્રેલિયા સામે ત્રણ મેચની વનડે સિરીઝ રમશે

। નવી દિલ્હી, તા.૨૧ ।

ટીમ ઈન્ડિયાએ ૨૨ સપ્ટેમ્બરથી ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ ૩ મેચની વનડે સિરીઝ રમવાની છે. સિરીઝનો પ્રથમ મુકાબલો શુક્રવાર ૨૨ સપ્ટેમ્બરે મોહાલીમાં બપોરે ૧.૩૦ કલાકથી રમાશે. મોહાલી વનડે પહેલા ફેન્સ માટે ખરાબ સમાચાર સામે આવ્યા છે. હકીકતમાં ટીમના બે ખતરનાક ખેલાડી પ્રથમ વનડેથી બહાર થઈ ગયા છે અને કેપ્ટને તેની પુષ્ટિ કરી છે. ઓસ્ટ્રેલિયન ફાસ્ટ બોલર મિચેલ સ્ટાર્ક અને ઓલરાઉન્ડર ગ્લેન મેક્સવેલ ભારત સામે પ્રથમ વનડે મેચમાંથી બહાર થઈ ગયા છે. જ્યારે સ્ટીવ સ્મિથ ટીમમાં વાપસી કરશે. ભારત અને ઓસ્ટ્રેલિયા પંજાબ ક્રિકેટ એસોસિએશન સ્ટેડિયમમાં શુક્રવારે ટકરાશે. મેચ પહેલા પત્રકાર પરિષદમાં ઓસ્ટ્રેલિયાના કેપ્ટન કમિન્સે કહ્યુ- સ્ટાર્ક અને મેક્સવેલ શુક્રવારે મેદાનમાં ઉતરશે નહીં. પોતાની ખુદની ઈજા પર અપડેટ આપતા ઓસ્ટ્રેલિયાના કેપ્ટન પેટ કમિન્સે કહ્યુ- હું સારો અનુભવ કરી રહ્યો છું. મારી કાંડાની ઈજા ઠીક થઈ ગઈ છે. હું ત્રણ મેચની સિરીઝ રમવાની આશા કરી રહ્યો છું.

### ફૂડ ડિલિવરી બોયનું નસીબ ચમક્યું

# ભારતીય લોકેશ કુમાર નેધરલેન્ડની ટીમના નેટ બોલર તરીકે જોડાયો

### અલૂરમાં શરુ થનાર પ્રી-વર્લ્ડ કપ પ્રેક્ટિસમાં નેધરલેન્ડ્સમના બેટ્સમેનોને સ્પિન બોલિંગનો સામનો કેવી રીતે કરવો તે શીખવશે

। ચેન્નાઈ, તા.૨૧ ।

ચેન્નઈના એક ફૂડ ડિલીવરી બોયની કિસ્મત ત્યારે ચમકી જ્યારે તેને સીધા ઈન્ટરનેશનલ ક્રિકેટ ટીમના સપોર્ટ સ્ટાફમાં સામેલ કરી લેવામાં આવ્યો હતો. ૨૯ વર્ષીય લોકેશ કુમાર ૪૮ કલાકની અંદર ફૂડ ડિલીવરી બોયથી ઈન્ટરનેશનલ ક્રિકેટના સપોર્ટ સ્ટાફ સાથે જોડાઈ ગયો હતો. લોકેશ વનડે વર્લ્ડ કપ ૨૦૨૩ માટે નેધરલેન્ડ્સની ટીમ સાથે જોડાયો છે. તે નેટ બોલર તરીકે ટીમ સાથે પ્રેક્ટિસ કરશે અને અલૂરમાં શરુ થનાર પ્રી-વર્લ્ડ કપમાં નેધરલેન્ડ્સમના બેટ્સમેનોને સ્પિન બોલિંગનો સામનો કેવી રીતે કરવો તે શીખવશે.

લોકેશ કુમાર ૫ વર્ષથી ડિલીવરી બોય તરીકે કામ કરી રહ્યો છે. નેધરલેન્ડ્સની ટીમે નેટ બોલર માટે એક જાહેરાત બહાર પડી હતી. લેફ્ટ આર્મ ફાસ્ટ બોલરથી ચાઈનામેન બનેલા લોકેશનું સિલેકશન ૧૦ હજાર બોલરનું મૂલ્યાંકન કર્યા બાદ કરવામાં આવ્યું હતું.

લોકેશે એક ઈન્ટરવ્યું દરમિયાન કહ્યું હતું કે, આ મારા કરિયરની સૌથી કિંમતી ક્ષણોમાંથી એક છે. હું હજુ સુધી ટીએનસીએ થર્ડ ડિવિઝન લીગમાં પણ નથી રમ્યો.

### ૨૦૨૪માં યોજનારા ટીર૦ વર્લ્ડ માટે તૈયારી શરૂ

# ટીર૦ વર્લ્ડ કપની મેચ USના ત્રણ શહેરોમાં પણ યોજાશે

### જૂન ૨૦૨૪માં યોજાનાર ટીર૦ વર્લ્ડ કપ વેસ્ટ ઇન્ડિઝ અને અમેરિકાની સંયુક્ત યજમાનીમાં યોજાશે

। નવી દિલ્હી, તા.૨૧ ।

વનડે વર્લ્ડ કપ ૨૦૨૩નું આયોજન ૫ ઓક્ટોબરથી ભારતમાં થવાનું છે. બીજી તરફ આઈસીસીએ વર્ષ ૨૦૨૪માં યોજાનાર ટીર૦ વર્લ્ડ કપને લઈને પણ તૈયારી શરુ કરી દીધી છે. જૂન ૨૦૨૪માં યોજાનાર ટીર૦ વર્લ્ડ કપમાં કુલ ૨૦ ટીમો ભાગ લેશે. આ ઉપરાંત આ ટીર૦ વર્લ્ડ કપ વેસ્ટ ઈન્ડિઝ અને અમેરિકાની સંયુક્ત યજમાનીમાં યોજાશે. આઈસીસીએ અમેરિકાના ત્રણ શહેરોના નામ ફાઈનલ કરી લીધા છે જ્યાં ટીર૦ વર્લ્ડ કપની મેચોનું આયોજન કરવામાં આવશે.

આઈસીસીએ અમેરિકાના જે ત્રણ શહેરો પસંદ કર્યા તેમાં ન્યૂયોર્ક ઉપરાંત ફ્લોરિડા અને ડલાસ સામેલ છે. આ પ્રથમ વખત હશે જ્યારે અમેરિકામાં આટલી મોટી ક્રિકેટ ઈવેન્ટનું આયોજન કરવામાં આવશે. ન્યૂયોર્કમાં નાસાઉ કાઉન્ટી, ફ્લોરિડામાં બ્રોવાર્ડ કાઉન્ટી જ્યારે ડલાસમાં ગ્રાંડ પ્રેયરીમાં મેચ રમાશે. ટીર૦ વર્લ્ડ કપમાં ભારત-પાકિસ્તાન વચ્ચેની મેચ ન્યૂયોર્ક શહેરથી ૩૦ માઈલ દૂર ૩૪,૦૦૦ હજારની ક્ષમતા ધરાવતા આઈઝનહોવર પાર્ક સ્ટેડિયમમાં યોજાઈ શકે છે. અમેરિકાના આ ત્રણ શહેરોના નામોની જાહેરાત કરતા આઈસીસીએ તેના નિવેદનમાં કહ્યું હતું કે, 'અમેરિકા અમારા માટે એક મહત્વપૂર્ણ બજાર છે અને આ વેન્યુ અમને વિશ્વના સૌથી મોટા સ્પોર્ટ્સ માર્કેટમાં પ્રવેશવાની મોટી તક આપે છે. આનાથી અમને ક્રિકેટને આગળ વધારવામાં પણ મદદ મળશે.

### રેલવે બોર્ડે એક મોટો નિર્ણય કર્યો

# રેલ અકસ્માત પીડિતોને અપતા વળતરમાં ૧૦ ગણો વધારો કરાયો

### ટ્રેન દુર્ઘટનામાં મૃતક યાત્રીઓના પરિજનોને ૫ લાખ, ગંભીર રીતે ઈજાગ્રસ્ત યાત્રીઓને ૨.૫ લાખ રુપિયા મળશે

। નવી દિલ્હી, તા.૨૧ ।

રેલવે બોર્ડે એક મોટો નિર્ણય કર્યો છે જેમાં રેલવે અકસ્માતના પીડિતોને આપવામાં આવતા વળતરમાં વધારો કરવામાં આવ્યો છે. હવે જો કોઈ રેલ યાત્રી ટ્રેન દુર્ઘટનામાં મૃત્યુ પામે તેમજ ઈજાગ્રસ્ત થાય તો પહેલા કરતા તેને ૧૦ ગણું વધારે વળતર મળશે. આ પહેલા રેલવે દ્વારા છેલ્લી વખત એક્સ-ગ્રેશિયાની રકમ વર્ષ ૨૦૧૨ અને ૨૦૧૩માં સુધારો કરવામાં આવ્યો હતો. એક રિપોર્ટ મુજબ રેલવે તરફથી મળતી જાણકારી મુજબ ટ્રેન દુર્ઘટનામાં જીવ ગુમાવનારા તેમજ ઈજાગ્રસ્ત થયેલા યાત્રીના પરિજનોને આપ વામાં આવતા વળતરની રકમમાં વધારો કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. રેલવેના ૧૮મી સપ્ટેમ્બરના જાહેર કરાયેલા પરિપત્રની તારીખથી જ આ લાગુ થઈ જશે. આ નવા વળતરની રકમમાં વધારો થયા બાદ હવેથી ટ્રેન દુર્ઘટનામાં મૃતક યાત્રીઓના પરિજનોને ૫૦ હજારની બદલે ૫ લાખ રુપિયા મળશે જ્યારે ગંભીર રીતે ઈજાગ્રસ્ત યાત્રીઓને ૨૫ હજારની બદલે ૨.૫ લાખ રુપિયા આપવામાં આવશે. આ સિવાય નજીવી ઈજા થનારા યાત્રીઓને ૫ હજારને બદલે ૫૦ હજાર રુપિયા મળશે. રેલવે બોર્ડે દ્વરા જણાવવામાં આવ્યું હતું કે ટ્રેન દુર્ઘટનાના કિસ્સામાં જો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલ મુસાફર ૩૦ દિવસથી વધુ સમયથી હોસ્પિટલમાં દાખલ થવા પર તેમને વધારાની રકમ આપવાની પણ જાહેરાત કરવામા આવી છે જેમા દર ૧૦ દિવસના સમયગાળાના અંતે અથવા રજાની તારીખે બે માંથી જે વહેલું હોય તે દિવસે ૩ હજાર પ્રતિ દિવસ આપવામાં આવશે. આ ઉપરાંત પરિપત્રમાં જણાવવામાં આવ્યું હતુ કે રેલવે અધિનિયમ ૧૯૮૯ ટ્રેન દુર્ઘટના અને અપ્રિય ઘટનાઓમાં મુસાફરોના મૃત્યુ અથવા ઈજા માટે વળતરની જવાબદારી નક્કી કરે છે.

### આગરા પોલીસે ૧૫ લાખ લોકો સાથે છેતરપિંડીની ઘટના અટકાવી

# ઉત્તર પ્રદેશ પોલીસે છ હજાર બેન્ક એકાઉન્ટ, ૨૭ વેબસાઈટ બંધ કરાવી

### વેબ પોર્ટલના માધ્યમથી વિદેશના સર્વરોથી લાઈવ રિસ્ટ્રીમીંગ દ્વારા ગેરકાયદેસર સટ્ટાબાજી કરી રહ્યા હતા

। આગરા, તા.૨૧ ।

ઉત્તરપ્રદેશના આગરા પોલીસે ૧૫ લાખ લોકો સાથે છેતરપિંડીની ઘટનાને બનતી અટકાવી છે. પોલીસના જણાવ્યા અનુસાર દેશ-વિદેશમાં બેઠેલા ઠગ ૧૫ લાખ લોકો સાથે ૩૮ હજાર કરોડ રૂપિયાની છેતરપિંડી કરવાની તૈયારીમાં હતા. સઘન તપાસ બાદ પોલીસે ૬ હજાર બેંક એકાઉન્ટ અને ૨૭ વેબ સાઈટને બંધ કરાવી દીધી છે. થોડા મહિના પહેલા શાહગંજ પોલીસ સ્ટેશનમાં એક ખાનગી કંપનીએ એફઆઈઆરનોંધાવી હતી. જયારે સાયબર સેલે આ અંગે તપાસ શરુ કરી તો તે ચોંકી ગયા હતા. પોલીસેના જણાવ્યા અનુસાર ઠગ લાઈવ કન્ટેન્ટ, લાઈવ ગેમિંગ, થર્ડપાર્ટી એપ અને વેબ પોર્ટલના માધ્યમથી ચીન, વિયેતનામ, ફિલીપીન્સના સર્વરોથી લાઈવ રિસ્ટ્રીમીંગ દ્વારા ગેરકાયદેસર સટ્ટાબાજી કરી રહ્યા હતા.

પોલીસે લગભગ ૪ મહિનાની તપાસ બાદ સમગ્ર રેકેટનો પર્દાફાશ કર્યો હતો. સાયબર ટીમે ૨૭ ગેમિંગ વેબસાઈટ અને અલગ-અલગ બેંકોમાં ભાડા પર ખોલેલા ૬ હજાર ખાતા કેન્દ્ર અને રાજ્યની એજન્સીઓની મદદથી બંધ કર્યા હતા.

પોલીસનું કહેવું છે કે ચીન, રશિયા, વિયેતનામ અને ફિલીપીન્સમાં બેઠલા ઠગો ઓટીટીપ્લેટફોર્મનો ડેટા ચોરી કરી લોકોને નકલી એપ્સ પર સટ્ટાબાજી કરવા માટે કહેતા હતા. તેઓ દરરોજ ૮૦થી ૧૦૦ કરોડની કમાણી કરતા હતા. સાયબર ઠગીના આ મામલામાં દેશના ઘણાં લોકો સામેલ છે. આ લોકો ૩૦ ટકા કમિશનમી લાલચ આપી લોકોથી બેંક ખાતા ખોલાવતા અને તેમના ખાતાથી દરરોજ ૨૦થી ૨૫ લાખનું ટ્રાન્ઝેક્શન કરતા હતા.

પોલીસ કમિશ્નરે જણાવ્યું કે ગેંગમાં સામેલ લોકો તેમના ખાસ સર્વરથી ગેમિંગ અને સટ્ટાબાજીની વેબસાઈટ બનાવતા હતા. સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ જેમ કે વોટ્સએપ, ઈન્સ્ટાગ્રામ અને ટેલીગ્રામના માધ્યમથી લોકો સાથે સંપર્ક કરતા હતા. તેમને સટ્ટાબાજી અને ગેમિંગ દ્વારા ઘરે બેઠા લાખો રૂપિયા કમાવવાની લાલચ આપતા હતા. જયારે વ્યક્તિ તેમની વાતોમાં ફસાઈ જાય ત્યારે તેઓ તેને પોતાની વેબસાઈટ પર સબસ્ક્રાઈબર બનાવી લેતા હતા. તેઓ ઓટીટીપ્લેટફોર્મ પરથી ડેટા ચોરતા હતા અને લાઈવ સ્ટ્રીમિંગ દ્વારા લોકોને સટ્ટો લગાવવા કહેતા હતા. શરૂઆતમાં સટ્ટો લગાવનાર વ્યક્તિ ખુબ નફો કમાતો હતો પરંતુ વેબ સાઈટ પર સબ્સ્ક્રાઈબર્સની સંખ્યા વધતાની સાથે જ ઠગો પોતાનું અસલી રૂપ દેખાડવાનું શરુ કરી દેતા હતા. પહેલા યુઝર્સ પાસેથી સબસ્ક્રિપ્શન ચાર્જ લેતા અને જયારે એપથી ૧૦૦-૨૦૦ કરોડ રૂપિયાની કમાણી કરી લેતા તો વેબ સાઈટ પેજ બંધ કરી દેતા હતા. સાયબર ઠગ પહેલી વેબ સાઈટ બંધ કરવા બાદ નવી વેબ સાઈટ શરુ કરી દેતા હતા.

### વરસાદના વિઘ્ન વચ્ચે ભારતીય ટીમ સેમિફાઈનલમાં

# શેફાલી વર્મા એશિયન ગેમ્સ મહિલા ક્રિકેટમાં ફીફ્ટી કરનાર પ્રથમ ભારતીય

### શેફાલી વર્માએ ૩૯ બોલમાં ૬૭ રન બનાવ્યા જે દરમિયાન તેણેજ ચોગ્ગા અને ૫ છગ્ગા ફટકાર્યા

। નવી દિલ્હી, તા.૨૧ ।

ભારતીય મહિલા ક્રિકેટ ટીમ એશિયન ગેમ્સ ૨૦૨૩ની સેમિફાઈનલમાં પહોંચી ગઈ છે. ભારત અને મલેશિયા વચ્ચે રમાયેલી મેચ વરસાદના કારણે રદ થઈ હતી. પ્રથમ બેટિંગ કરતા ભારતીય ટીમે ૨ વિકેટના નુકસાને ૧૭૩ રન બનાવ્યા હતા. જેના જવાબમાં મલેશિયાની ટીમ માત્ર ૨ બોલ જ રમી શકી હતી. ભારત તરફથી બેટિંગ કરતા શેફાલી વર્માએ ઈતિહાસ રચ્યો હતો. તે એશિયન ગેમ્સમાં ફિફ્ટી ફટકારનાર પ્રથમ ભારતીય ખેલાડી બની ગઈ છે.

ભારતીય ઈનિંગની શરૂઆત કરવા સ્મૃતિ મંધાના અને શેફાલી વર્મા મેદાન પર ઉતરી હતી. સ્મૃતિ ૧૬માં ૨૭ રન બનાવી આઉટ થઈ હતી. જયારે શેફાલીએ ૩૯ બોલમાં ૬૭ રન બનાવ્યા હતા. આ દરમિયાન શેફાલીએ ૪ ચોગ્ગા અને ૫ છગ્ગા ફટકાર્યા હતા. શેફાલી ભારત માટે એશિયન ગેમ્સમાં ફિફ્ટી ફટકારનાર પ્રથમ મહિલા ખેલાડી બની ગઈ છે.

ભારત માટે જેમિમા રોડ્રિગ્સ ૪૭ રન બનાવી અણનમ રહી હતી. તેણે ૨૯ બોલમાં ૬ ચોગ્ગા ફટકાર્યા હતા.



જયારે રિચા ઘોષ ૭ બોલમાં ૨૧ રન બનાવી અણનમ રહી હતી. રિચાએ આ દરમિયાન ૩ ચોગ્ગા અને ૧ છગ્ગો પણ ફટકાર્યો હતો. ટાર્ગેટનો પીછો કરતા મલેશિયાની ટીમ માત્ર ૨ બોલ જ રમી શકી હતી. ત્યારબાદ વરસાદના કારણે મેચ રદ કરવામાં આવી હતી. ભારતીય ટીમે સેમિફાઈનલમાં સ્થાન મેળવી લીધું છે. હવે સેમિફાઈનલ ૨૪ સેપ્ટેમ્બરના રોજ રમાશે અને ફાઈનલ ૨૫ સેપ્ટેમ્બરે રમાશે.

## તંત્રી લેખ...

# નારી શક્તિ વંદન વિધેયકે તમામ રાજકીય પાર્ટીઓને એક અવસર આપ્યો છે

લોકસભા અને રાજ્ય વિધાનસભાઓમાં મહિલાઓ માટે ૩૩ ટકા સીટો અનામત રાખનારું 'નારી વંદન વિધેયક' સ્વાગતયોગ્ય તો છે જ, આ અર્થમાં પણ ઐતિહાસિક છે કે તે નવા સંસદ ભવનના પહેલા દિવસની કાર્યવાહીનો હિસ્સો બન્યું. નવા સંસદ ભવનની આનાથી શાનદાર કોઈ બીજી શરૂઆત થઈ પણ નહોતી શકતી અને વડાપ્રધાન મોદીએ યોગ્ય જ કહ્યું કે એનાથી ભારતીય લોકતંત્ર મજબૂત થશે. જોકે લોકસભામાં એનડીએ સરકારને ભારે બહુમત મળેલ છે અને રાજ્યસભામાં પણ તેનું ફ્લોર પ્રબંધન સારું છે , એવામાં આ વિધેયકને કાયદો બનવામાં કોઈ અડચણ નહીં આવે. ઘણા લાંબા સમયથી દેશની અડધી આબાદીને એવા કાયદાની પ્રતીક્ષા હતી અને હવે જ્યારે મહિલા મતદારો ૧૮મી લોકસભા ચૂંટવાની બહુ નજીક છે, ત્યારે આ વિધેયક તેમને બહેતર કાલનું આશ્વાસન આપે છે. તેનાથી સ્ત્રી સશક્તીકરણની પ્રક્રિયાને એક પુખ્ત આધાર મળી ગયો છે. આપણા બંધારણ નિર્માતાઓએ દેશના નાગરિકોને મતાધિકાર આપતી વખતે તેમાં કોઈ પ્રકારનો ભેદભાવ નહોતો કર્યો, તથ્ય એ પણ છે કે આઝાદીના પહેલા સાડા સાત દાયકામાં દેશના તમામ મહત્ત્વપૂર્ણ પદોને મહિલાઓ શોભાવી ચૂકી છે, પરંતુ આ ઉપલબ્ધિ આપણા લોકતંત્રની સ્વાભાવિક પરિમતિને બદલે પ્રતીકવાદની જ દેન વધુ રહી. આ જ કારણ રહ્યું કે તમામ શૈક્ષણિક-ભૌતિક પ્રગતિ છતાં જન-પ્રતિનિધિઓ મામલે મહિલાઓમાં ખાસ પ્રગતિ ન થઈ. આપણા બંને સદનોમાં કુલ મળીને ૭૫૦૦ સાંસદોએ પોતાનું યોગદાન આપ્યું છે, તેમાં મહિલા સાંસદોની સંખ્યા માત્ર ૬૦૦ રહી છે, આજે પણ લોકસભામાં મહિલાઓનું પ્રતિનિધિત્વ ૧૫ ટકાની નીચે જ છે અને તેમાંથી પણ મોટાભાગની કોઈને કોઈ વગદાર પરિવાર સાથે જોડાયેલી છે. પરંતુ અનામત એકમાત્ર ઈલાજ નથી. પાકિસ્તાન અને બાંગ્લાદેશ જેવા પડોશી દેશોમાં વર્ષથી વિધાયી સંસ્થાઓમાં સ્ત્રીઓની સંખ્યા અનામત રહી છે, પરંતુ ત્યાં તેમની હાલત કેવી છે, એ જણાવવાની જરૂર નથી. ખુદ આપણા દેશમાં જ પંચાયતી સંસ્થાઓમાં કેટલાય સ્થળોએ ૫૦ ટકા સુધી મહિલા અનામત લાગુ છે. પરંતુ સરપંચ-પતિ અને પાર્ષદ-પતિ પણ આપણા જ સમાજની હકીકત છે. તેથી પડકાર રાજકીય પક્ષો આગળ છે કે તેઓ જમીની સ્તર પર મહિલા નેતૃત્વ ઘડવાની કોશિશ કરે. પાર્ટી સંગઠનના તમામ વિભાગોમાં તેમને કમ સે કમ ૩૩ ટકા પ્રતિનિધિત્વ આપે. માત્ર દેખાડવા માટે મહિલા ઉમદવારોને ચૂંટણીમાં ઉતારી દેવાના ગતકડાને મતદારો ગંભીરતાથી નથી લેતા. એનાથી નથી પાર્ટીઓનું ભલું થવાનું, ના લોકતંત્રનું. નારી શક્તિ વંદન વિધેયકે તમામ રાજકીય પાર્ટીઓને એક અવસર આપ્યો છે કે તેઓ મહિલાઓની રાજકીય આકાંક્ષાઓ પ્રત્યે સંવેદનશીલ વલણ અપનાવે. આ કાયદાનો રાજકીય લાભ હવે ચાહે ગમે તે લઈ જાય, કારણ કે પછાત વર્ગોમાં એને લઈને જેવી પ્રતિક્રિયા જોવા મળી છે, તે આવનાર દિવસોમાં દેશની ચૂંટણી રાજનીતિને વધુ ગૂંચવશે.

## પાકિસ્તાન અને કેનેડાની સરકારો ભારત પ્રત્યે શંકે પાદે કરવાની દાનત ધરાવે છે

ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યાના ઠીક ત્રણ મહિના બાદ કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોએ સંસદના એક આપાતકાલીન સત્રમાં જાહેરાત કરી કે નિજ્જરના મોતમાં 'ભારતીય એજન્ટો'ની સંડોવણીના 'વિશ્વસનીય આરોપ' છે, અને એક વરિષ્ઠ ભારતીય રાજદ્વારીને 'હત્યા'માં તેમની કથિત ભૂમિકા માટે નિષ્કાસિત કરવાના આદેશ આપી દીધા. હરદીપ સિંહ નિજ્જર ખાલિસ્તાન ટાઈગર ફોર્સનો વડો અને વેક્નૂવરના સરીમાં ગુરુ નાનક શીખ ગુરુદ્વારાનો પ્રમુખ હતો. ઉલ્લેખનીય વાત એ છે કે ટ્રુડોએ 'વિશ્વસનીય આરોપો'ની વાત કરી, નહિ કે 'વિશ્વસનીય પુરાવા'ની! ત્રણ મહિનાનો લાંબો સમય વીતી ગયો છે, પરંતુ હત્યાની તપાસને લઈને કેનેડિયન એજન્સીઓએ કોઈ જાહેર ખુલાસો નથી કર્યો. આ મામલે કોઈપણ મહત્ત્વપૂર્ણ પ્રગતિના કોઈ પુરાવા જાહેર નથી કરાયા. જોકે ટ્રુડોનું નિવેદન આગળની તપાસને દિશા ચોક્કસ આપી શકે છે. ઉલ્લેખનીય છે કે ટ્રુડોએ આ આરોપ નવી દિલ્હીમાં ૯-૧૦ સપ્ટેમ્બરમાં આયોજિત જી-૨૦ શિખર સંમેલનમાં ભાગ લીધા બાદ સ્વદેશ પાછા ફરીને લગાવ્યા છે. નવી દિલ્હીમાં ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કેનેડામાં ચરમપંથી તત્ત્વોને ભારત વિરોધી ગતિવિધિઓમાં સાથ આપવાને લઈને તેમની સાથે કઠોર શબ્દોમાં વાત કરી હતી. જોકે ભારતે આવા ઘટનાક્રમોને તેની સાથે જોડવાના કોઈપણ પ્રયાસને ફગાવી દીધો છે. ત્યારબાદ જ્યારે કેનેડિયન પીએમને પોતાના વિમાનમાં ટેકનિકલ ફોલ્ટને કારણે શિખર સંમેલન ખતમ થયા બાદ લગભગ બે દિવસ સુધી નવી દિલ્હીમાં જ રોકાવા મજબૂર થવું પડ્યું તો ટ્રુડોને ભારતીય અધિકારીઓએ પણ ભાવ નહોતો આપ્યો, કારણ કે તેમણે કેનેડા વાપસીમાં ભારતની મદદની ઓફર પણ ઠુકરાવી દીધી હતી. તેના તરત બાદ કેનેડાએ ઓક્ટોબર ૨૦૨૩માં ભારત માટે નિર્ધારિત એક ટ્રેડ મિશનને 'સ્થગિત' કરવાની જાહેરાત કરી દીધી. જવાબમાં ભારતે કેનેડા સાથે મુક્ત વેપાર સમજૂતી (ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ) પર ચાલી રહેલ વાતચીતને પણ રદ કરવાનું એલાન કરી દીધું. અસલમાં 'વિશ્વસનીય આરોપ' ટ્રુડો અને મોદી વચ્ચે ઝડપથી અંગત થતા જઈ રહેલા સંઘર્ષના આગામી ચરણ જેવા દેખાય છે. ટ્રુડોના પૂર્વ સલાહકાર જોસેલિન કૂલસનના એક નિવેદનથી એ બિલકુલ સ્પષ્ટ થઈ જાય છે, જેમાં તેમણે કહ્યું કે કેનેડાના આરોપની 'દુનિયાભરમાં એક બોમ્બના પ્રભાવ' જેવી અસર થશે. આ વાતથી સ્પષ્ટ છે કે આ નિરાધાર આરોપ ભારતને બદનામ કરવાના એક સુનિયોજિત ષડયંત્રનો હિસ્સો છે. કૂલસને આગળ કહ્યું કે ભારત હવે એ દેશોના સમૂહમાં સામેલ થઈ જશે જે વિદેશમાં રાજકીય વિરોધીઓની હત્યા કરે છે, જેવું કે સઉદી અરબે ૨૦૧૮માં તુર્કીમાં બેઠેલા પોતાના પત્રકાર જમાલ ખશોગીની હત્યા કરાવી હતી. આ દાવો કેટલો ખોખલો છે, એ દરેક વ્યક્તિને ખબર હશે કે જે નિજ્જર અને ખશોગી, બંને મામલે પરિચિત છે. એક તરફ ખશોગી મામલે સાફ પુરાવા છે. સઉદી કોન્સ્યુલેટમાં ખશોગીને યાતના આપીને તેમની હત્યા કરવાના સીસીટીવી ફૂટેજ અને ઓડિયો રેકોર્ડિંગ ઉપલબ્ધ થયા. બીજું, ખશોગી એક અસંતુષ્ટ પત્રકાર હતા, જેમને કોઈપણ રીતે અપરાધિક ગતિવિધિઓ કે સમૂહો સાથે કોઈ લેવાદેવા ન હતી.

# માત્ર રૂપિયા કમાવાની ઈચ્છા એ કોઈ ધ્યેય નથી ! એવું વિચારી સારું લક્ષ્ય રાખી ખુદની સાથોસાથ અન્યને પણ જીવનમાં પ્રેરણા આપી જાય, એવું ધ્યેય હોવું જોઈએ



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)



હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. તારી લીલાઓ અપરંપાર છે, અને તેને પામવાની કે જાણવાની કોશિશ કરીએ, તો એમાં સફળતા મળતી નથી. પરંતુ માણવાની કોશિશ કરીએ તો સાધુ પુરુષો કંઈક અંશે સફળ થાય છે, પરંતુ અમારી જેવા સંસારીઓ માટે તો એ કાર્ય દુર્લભ છે. જ્યારે જ્યારે જીવ ને એવો અહેસાસ થાય છે કે, હવે તો બધું જ જ્ઞાન પ્રાપ્ત થઈ ગયું છે, અને જીવનમાં સુખ દુખની ઘડીએ પણ સમ રહી શકાશે, ત્યારે જ કંઈક એવી ઘટના ઘટે કે અંદરનો માંહ્યલો એ સ્વીકારી ના શકે. મમતાનો રંગ બહુ ગહેરો હોય છે, અને એ બહુ આસાનીથી છૂટતો નથી. જેને આપણે ધર્મરાજ કહીએ છીએ, એ યુધિષ્ઠિર પણ આ પરીક્ષામાં પાસ થયા નથી, તો આપણી તો શું વિસાત!! એટલે સ્વજન જ્યારે દુઃખમાં હોય, ત્યારે આપણે સ્વાભાવિક રીતે જ ખુશ કે આનંદિત રહી શકતા નથી, અને હમણાંતો દાદાને પથારીમાં સહજ કેટલી એ સમસ્યા હોય, એટલે તે ભાવ ઉદાસ કરે,અને જીવ સતત નામ-સ્મરણ ગાયત્રી મંત્રનું રટણ કરી બુદ્ધિ સમ રાખવા મથે, અને સદગુરુ કૃપા એ તરત સ્થિરતા પણ પ્રાપ્ત કરે. આવાં નિરાશા ના ભાવ દૂર કરવા હમણાં હમણાં ક્યારેક જૂનાં ગીત સાંભળું છું, તો હમણાં એક ગીત સાંભળ્યું અને આજે શુક્રવાર એટલે તરાને કી તર્જ જીવન કાં અર્ક અંતર્ગત એને જોઈએ.

રુક જાના નહીં તું કહી હાર કે,
કાંટો પે ચલકે મિલેગે સાયે બહાર કે,
ઓ રાહી ઓ રાહી.
ઓ રાહી ઓ રાહી.

૧૯૭૪ બનેલી ઈમ્તિહાન નામની આ ફિલ્મમાં લક્ષ્મીકાંત-પ્યારેલાલનું સંગીત છે અને કિશોર કુમારનો અવાજ. પહેલા કોઈ અસરાર ઉલ હસન નામના અન્ય મુસ્લિમ શાયરે આ રચના લખી હતી, પછી મઝરુહ સુલતાનપુરી એ તેને યોગ્ય શબ્દ દેહ આપ્યો, અને ફિલ્મમાં વિનોદ ખન્ના તેમજ તનુજા એ અભિનય કર્યો હતો.

જીવનમાં હકારાત્મક અભિગમ કેળવવા માટે શાયર ખુદ પોતાની જાતને ધક્કો આપે છે, અને કહે છે રુક જાના નહીં, ક્યારેય ચાલતો ચાલતો અટકી જઈશ નહીં. આ જીંદગીમાં કાંટા ઉપર ચાલીને જ બહાર સુધી પહોંચાય છે, એટલે કે અવરોધો પાર કરીએ પછી જ જીવનની સુંદરતા વધે છે, જીવનમાં બહાર આવી હોય એવા અનુભવ થાય છે, ખુશીના ફૂલો ખીલે છે, અને રંગબેરંગી ભાવોની રંગોળી રચાય છે. પરંતુ શરત માત્ર એટલી જ છે કે સમસ્યા અવરોધ કે પછી જે કંઈ મુશ્કેલ લાગતું હોય એ બધું જ સહન કરવું પડે, અને જો રોદણાં રડવા બેસી જઈએ તો, જીવન ખલાસ થઈ જતું પણ દેખાય છે. એટલે કે દરેક જણ આ સમસ્યાઓથી ગભરાઈને આત્મહત્યા નથી કરતાં, પરંતુ તેમને જીવનમાં કંઈક નવું કરવાની કોશિશ નથી કરતા કે, પછી બધું જ સરખું થઈ જશે, બસ થોડી હિંમતની જરૂર છે, એવો ભાવ કેળવી શકતા નથી, અને સતત નિરાશામાં રહે છે, અન્યને પણ નિરાશામાં ગરકાવ કરતાં રહે છે.

જેમ દિવસ પછી રાત આવે છે, એટલે કે સૂર્ય અને ચન્દ્રની હાજરી જીવન માટે બહુ જ જરૂરી છે. એ જ રીતે સુખ-દુઃખના મુકામો પણ જીવનમાં એટલા જ જરૂરી છે, સમયની એક એક ઘડી આપણને કંઈક નવું શીખવા માટે જ આવી રહી છે. પરંતુ આપણે તે સત્ય એક બાજુ રાખી અને આપણી સાથે શું શું થયું, અને અન્ય કેમ આ તકલીફમાં નથી, એ વાતનો સતત ખેદ મનમાં ને મનમાં કરી, વધુને વધુ નિરાશ થઈ જતા હોઈએ છીએ, બાકી સમસ્યા એટલી મોટી ક્યારેય હોતી નથી કે જેનો કોઈ ઉકેલ શોધી ન શકાય!!. આમ પણ આપણે ત્યાં કહેવત છે કે ઈશ્વર, એક બારી બંધ કરે તો બીજી ખોલતો જ હોય છે. કોઈ પણ રોગ આપ્યા પહેલા તેની દવા પણ તે તૈયાર રાખતો હોય છે. પરંતુ વાસ્તવિકતાનો સામનો ન કરી શકવાની આપણી બુદ્ધિની નાદાનિયત ને કારણે આપણે વધુ ને વધુ નિરાશામાં ગરકાવ થતા જઈએ છીએ, અને જીવન અંધારી ખાઈ જેવું બની જાય છે. આ ગીતની એક-એક પંક્તિમાં જીવનમાં કોઈ મુશ્કેલી આવે તો તેને કારણે અટક્યા વિના અને પગમાં તીવ્ર કાંટા વાગે તોય તેની ચિંતા કર્યા વિના આગળ વધવાની પ્રેરણા આપે છે. આટલું જ નહીં, લક્ષ્ય સુધી પહોંચવાની. પ્રેરણા પણ આ ગીત આપે છે. આટલું જ નહીં, લક્ષ્ય સાથે પહોંચવાના મનોબળ સાથે પોતાની ધૂન પર નીકળી પડેલાને જોઈ સૂરજ પણ અટકી પડે છે અને તેના દ્રઢ નિર્ધાર સમક્ષ ઝૂકી જાય છે. આ ઉદાહરણ આપી શાયર મંજિલ ભણી નીકળેલા યુવાનને અનેરું બળ પૂરું પાડે છે. આટલેથી અટક્યા વિના શાયર એમ પણ કહે છે કે તારી સાથે માર્ગમાં કોઈ સાથી પણ નથી. મંજિલ પર પહોંચવું એ તારી અઘરી પરીક્ષા સમુ છે. કોઈનેય જોયા વિના, અટક્યા વિના, તારે સતત આગળ વધતા રહેવાનું છે. તારી સાથે તારા સ્વપ્ન સિવાય બીજું કોઈ નથી, તું મંજિલ પર પહોંચે ત્યારે તને આવકારવા નિસર્ગ શીતળ છાયો પાથરીને રાહ જોઈ રહ્યું હશે, એવી શાયર હૈયાધારણ પણ આપે છે.


૪૭ વર્ષ પહેલાં લખાયેલું આ ગીત આજની પેઢીને પણ એટલું જ પ્રેરણાદાયી છે, અને હવે આવનારી બીજી સદી સુધી પણ આ પ્રેરણાને સમયનો કાટ નહીં લાગે, તેનો ચળકાટ યથાવત્ રહેશે. જીવનના કોઈ પણ ક્ષેત્રની વ્યક્તિને આ ગીત અનેરું પ્રોત્સાહન આપે છે અને આપતું રહેશે, પરંતુ જેને જીવનમાં કંઈક વિશેષ કરવું છે એવો સંકલ્પ કરે કોઈ વિશેષ ધ્યેય કે લક્ષ્ય રાખે તો બધું જ થઈ શકે. આજકાલ યુવાનો પોતાનું લક્ષ્ય પુરું કરવા માટે ખરેખર રાત-દિવસ જોયા વગર મથતા હોય છે. પરંતુ એમાં માત્ર એક નાનો ફેરફાર કરવાની જરૂર છે, એટલે કે એક તો સતત સ્પર્ધાના આ યુગમાં ક્યારે કોણ ફેંકાઈ જશે, કે કોણ રોકાઈ જશે, કે કોણ નાપાસ થશે, એ નક્કી હોતું નથી. ત્યારે માત્ર ને માત્ર મારા ભોગવિલાસ કે સાધન સંપન્નતા વધારે એવું બને ત્યાં સુધી લક્ષ્ય રાખવુ નહીં. એટલે કે માત્ર રૂપિયા કમાવાની ઈચ્છા એ કોઈ ધ્યેય નથી, એવું વિચારી સારું લક્ષ્ય રાખે તો ખુદની સાથોસાથ અન્યને પણ જીવનમાં પ્રેરણા આપી જાય, એવું કંઈક કરવું જોઈએ. જેમ કે આઝાદી પહેલા દરેક ભારતીયનું સ્વપ્ન હતું, આઝાદ ભારત, એટલે કે અંગ્રેજોને આપણા દેશમાંથી હાંકી કાઢવા, અને દેશ ઉપર સંપૂર્ણ સત્તા ભારતીયોની રહે. આપણે જોઈએ છીએ કે આ સ્વપ્ન સાચું પડ્યું, અને આપણે આજે આઝાદ થયાં. પરંતુ દેશ એક રીતે આઝાદ થયો છે પરંતુ માનસિકતાની દ્રષ્ટિએ આજે આપણે આપણા ને આપણા ગુલામ થતા જઈએ છીએ, એટલે કે આપણી જરૂરિયાતો આપણે એટલી વધારી દીધી છે કે, તેને પૂરી કરવા માટે આપણે સાચું-ખોટું કંઈ વિચારી શકતા નથી, તો સમાજનું ચિત્ર બદલવું હશે, એટલે કે વર્તમાન સમાજમાં ફેરફાર કરવા હશે, તો ફરી પાછા બધાએ એક જ ધ્યેય રાખવું પડશે, અને એ હિંદુ સંસ્કૃતિનો વિશ્વમાં ડંકો વગાડવો, અથવા તો ફરી પાછી તેને વિશ્વ ઉજાગર કરવી.

જીવન છે તો સતત કંઈ ને કંઈ સારું ખરાબ થવાનું જ છે, અને એ સત્યનો સહર્ષ સ્વીકાર કરી નાની મોટી તકલીફોને ગણકાર્યા વગર જીવનમાં ચાલતા રહેવું, જેને કારણે જીવન બંધિયાર થઈ જશે નહીં, અને નાની નાની વાતમાં પણ ખુશી આપશે. આમ પણ ખુશ રહેવા માટે કંઈ દરેક જણાએ મુકેશ અંબાણી કે રતન ટાટા બનવાની જરૂર નથી, અને એ લોકો પણ ખુશ છે એવી ક્યાં ખાતરી આપી શકાય એમ છે?? ખુશી તો આપવાથી વધે છે, એ સત્ય યાદ રાખી આપણાથી અન્યને જેટલા ખુશ કરી શકાય તેટલા કરવા, અથવા તો અન્યની સમસ્યાઓ હળવી કરીએ, તો પણ મનને ઘણી શાંતિ મળે છે. આજ સુધીના જીવનમાં આડો આંક વળ્યો હોય, એ રીતે આ લાવ તે લાવ!! આ કર તે કર!! એમ કર્યું. પરંતુ હવે ભોગની બાબતમાં જીવને હવે બસ કર એમ કરવું પડશે, અને તો જ જીવનમાં નવી દિશાનાં દ્વાર ખુલશે. જ્યાં સતત સત્યનો સુરજ આપણને સત્કારવા ઉભો હશે, ગ્રહ નક્ષત્ર શુભ મંગલ ગાન કરી રહ્યા હશે, અને સકલ અસ્તિત્વ આપણા ધ્યેયને પૂરું કરવા મથી રહ્યું હશે. હું અને તમે આપણે બધા જ સંસારી છીએ અને આ સંસારની મોહ-માયા મમતાના ધાગા એટલા આસાનીથી ઉકેલી શકવાના નથી, ત્યારે અંદરનો માંહ્યલો કે અંતર આત્માનો અવાજ રુક જાના નહીં તું કહી હાર કે!! એ સતત સંભળાતો રહે એમ જીવન જીવી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

# અજ્ઞાનનો નાશ ન થાય ત્યાં સુધી વાસનાનો નાશ થતો નથી વાસનાનો નાશ ન થાય ત્યાં સુધી પાપ અટકતું નથી



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા



ભાગવત એ પરમ હંસ સંહિતા છે. હંસની ખાસિયત છે કે, દૂધ દૂધ પી જવું ને પાણી પાણી હેવા દેવું.એમ પરમહંસો પણ જડ અને ચેતનને જુદાં પાડીને જડથી અલિપ્ત થઈ ને ચેતનમાં સ્થિર થાય છે. નાળિયેરમાં પાણી હોય છે ત્યાં સુધી કોપરું કાચલીને વળગી રહે છે, પણ પાણી સૂકાઈ ગયા પછી કાચલી અને કોપરું જુદાં પડી જાય છે. સંસાર કાચલી છે, જીવ કોપરું છે. સંસારના રસ જ્યાં સુધી મીઠા લાગે છે ત્યાં સુધી કોઈ જીવ સંસારથી જુદો પડતો નથી, પણ જેના સંસારનો રસ સૂકાઈ જાય એ જ સંસારરૂપી કાચલીથી જુદો પડી જાય છે.જ્ઞાની પરમ હંસ અને ભાગવત પરમહંસ બે પ્રકારના છે.ઋષભ દેવજીએ જ્ઞાની પરમહંસનો અને ભરતજીએ ભાગવત પરમ હંસનો આદર્શ રજૂ કર્યો છે તે આપણે જોઈ ગયા છઠ્ઠા સ્કંધમાં આપણને શુકદેવજી ધ્યાન, અર્ચન અને નામ નો મહિમા સમજાવે છે.શુકદેવજી કહે છે કે, રાજન!એક એક પાપનું પ્રાયશ્ચિત્ત શાસ્ત્રમાં બતાવેલું છે. જો તે વિધિ પૂર્વક કરવામાં આવે,તો પાપનો નાશ થાય છે, પણ પ્રાયશ્ચિત્ત કર્યા પછી ફરીથી પાપ ન થવું જોઈએ. નહીંતર પ્રાયશ્ચિત્ત કરવાનો અર્થ નથી.

ત્યારે રાજા પૂછે છે કે,પ્રાયશ્ચિત્ત કર્યા પછી પણ પાપ કરવાની ઈચ્છા થાય છે. પ્રાયશ્ચિત્તથી પાપ નો નાશ થાય છે,પણ પાપની વાસનાનો નાશ થતો નથી.તો એ વાસના કેમ જાય તે કહો! એવો ઉપાય બતાવો કે, પાપ કરવાની વાસના જ ન રહે.શુકદેવજી સાવધાન કરે છે,રાજન, મન ઉપર જરાય વિશ્વાસ ન રાખો. એક વાર મનને છૂટ આપશો,તો ફરીથી પાપ કરવા તૈયાર થશે. પાપ વાસના અજ્ઞાનમાંથી જાગે છે અને અજ્ઞાન નું મૂળ અહંકાર છે. શ્રી કૃષ્ણ ભગવાનને જે પ્રાણ અર્પણ કરે છે, તેને પાપ કરવાની ઈચ્છા થતી નથી.તેન અહંકાર જાય છે.

તપ, બ્રહ્મચર્ય, શમ, દમ, મનની સ્થિરતા, દાન, સત્ય, શૌચ અને યમ, નિયમ વડે પાપની વાસના ઓનો નાશ થાય છે.પરંતુ હે પરીક્ષિત, પાપી પુરુષની જેવી શુદ્ધિ ભગવાનને આત્મ સમર્પણ કરવાની અને એના ભક્તોની સેવા કરવાથી થાય છે.તેવી શુદ્ધિ તપ શ્ચર્યા આદિ દ્વારા થતી નથી.પાપી મનુષ્ય ભક્તિથી જેવો પવિત્ર થાય છે તેવો શમ,દમ,તપ વગેરેથી પણ થતો નથી.

હે રાજા ! તારા પ્રાણ ભગવાનને અર્પણ કર એટલે પાપની વાસના જશે. ભગવાન નારાયણને જે પોતાના પ્રાણ અર્પણ કરે છે, પ્રતિ શ્વાસે નારાયણના મંત્રનો જપ કરે છે, તેને પછી પાપ અડશે નહીં. શ્રીકૃષ્ણને પોતાના પ્રાણ અર્પણ કરે તેને પાપ કરવાની ઈચ્છા જ થતી નથી. પ્રાણ અર્પણ કરવા એટલે પ્રાણે પ્રાણે, શ્વાસે શ્વાસે ઈશ્વરના નામનો જપ કરવો. દરેક કાર્યમાં ઈશ્વરનું અનુસંધાન રાખવું. શ્વાસે શ્વાસે ભાગવતસ્મરણ રાખે તે મનુષ્ય પાપ કરી શકતો નથી. પાપમાં તેની પ્રવૃત્તિ નહીં થાય. પાપની સામેના આ યુદ્ધમાં ભગવાનનું શરણું લેવું એ જ શ્રેષ્ઠ માર્ગ છે.પહેલાં ભગવાનનું સ્મરણ પછી સંસારના કાર્યો. પરમાત્માનું જ્ઞાન ન થાય ત્યાં સુધી વાસનાનો વિનાશ થતો નથી. વાસના અજ્ઞાન માંથી જન્મે છે. ઈશ્વરના સ્વરૂપનું જ્ઞાન થાય અને જગત કેવું છે તે સમજાય, તો વાસનાનો વિનાશ થાય. ઈશ્વર આનંદરૂપ છે અને સંસાર દુઃખરૂપ છે, તેવો અનુભવ થયા પછી વાસનાનો વિનાશ થાય છે. એ જ્ઞાનને સતત ટકાવી રાખવા પ્રાણને શ્રીકૃષ્ણાર્પણ કરો. અજ્ઞાનનો નાશ ન થાય ત્યાં સુધી વાસનાનો નાશ થતો નથી. વાસનાનો નાશ ન થાય ત્યાં સુધી પાપ અટકતું નથી.જ્ઞાની કેવળ ઈન્દ્રિયોને વિષયમાં જતી રોકવાનો પ્રયત્ન કરે છે, પણ તેથી વાસનાનો વિનાશ થતો નથી. ઈન્દ્રિયોને રોકવાથી નહીં પરંતુ પ્રભુ પ્રત્યે વાળવાથી વાસનાનો વિનાશ થાય છે.એક-એક ઈન્દ્રિય ને પરમાત્મા તરફ વાળો તો જ વાસનાનો નાશ થશે. મનને પવિત્ર કરવું હોય તો આંખને ભાગવત સ્વરૂપમાં સ્થિર કરો.છઠ્ઠા સ્કંધમાં ત્રણ પ્રકરણો છેઃ ૧. ધ્યાન પ્રકરણ તેના ચૌદ અધ્યાયો છે.ચૌદ અધ્યાયોનો અર્થ છે પાંચ કર્મેન્દ્રિય,મન,બુદ્ધિ,ચિત્ત, અહંકાર આ ચૌદને પરમાત્મામાં પરોવી રાખે તો ધ્યાન સિદ્ધ થાય છે. ૨. અર્ચન પ્રકરણ બે અધ્યાયમાં સ્થલ અર્ચન અને સૂક્ષ્મ અર્ચન નું વર્ણન કર્યુ છે.૩.નામ પ્રકરણઃબે અધ્યાયોમાં ગુણ સંકીર્તન નામ સંકીર્તનનું વર્ણન કર્યુ છે.

પરમાત્માના મંગલમય નામનો જપ કરો. જ્ઞાનમાર્ગી હોય કે ભક્તિમાર્ગી હોય તો પણ ઈશ્વરનું ધ્યાન કર્યા વગર ચાલતું નથી.એકમાં મન સ્થિર થાય તો મનની શક્તિ વધે છે. એ માટે ત્રણ સાધન ધ્યાન અર્ચન અને નામ જપ બતાવ્યાં છે.આ ત્રણ સાધનો કરે તેના પાપ નો નાશ થાય અને તે કોઈ દિવસ નરકમાં ન જાય.પ્રભુના મંગલમય સ્વરૂપનું ધ્યાન-જપ કરવાની આદત પાડો અને નિયમિત સેવા કરો. નરકમાં જવું ન પડે તે માટે ત્રણ સાધનો કરો.રોજ ઠાકોરજી ની સેવા કરો. નામ-જપ કરો અને ધ્યાન કરો.આ ત્રણ સાધન તમારા થી ન થાય તો એક સાધનમાં દ્રઢ નિષ્ઠા રાખો. વાસનાનો વિનાશ ઈન્દ્રિયોનેભક્તિ રસમાં તરબોળ ન કરો ત્યાં સુધી થતો નથી.ભક્તિ દ્વારા જીવ ભગવાન પાસે જાય છે. યમુના મહારાણી ભક્તિસ્વરૂપ છે.જીવનો ઈશ્વર સાથે સંબંધ જોડી આપે છે.ભક્તિ દ્વારા જીવનો બ્રહ્મ સંબંધ થાય છે.ધ્યાન અર્ચન અને નામસ્મરણ આ ત્રણ સાધનથી ભક્તિ દ્રઢ થાય છે.દાન થી,વ્રતથી દ્રવ્યશુદ્ધિ થશે પણ મન ની શુદ્ધિ થતી નથી, તે તો ધ્યાનથી જ થશે.દાન કરવાથીપણ ભગવાન મળતા નથી.દાનનું ફળ છે લક્ષ્મી. ગીતાજીમાં ભગવાન કહે છે કે, ન વેદોથી,ન તપથી,ન દાનથી અને ન તો યજ્ઞથી મારી પ્રાપ્તિ થાય છે. મન શુદ્ધિ પરમાત્માના ધ્યાનથી થાય છે, તેથી રોજ ધ્યાન કરવાની જરૂર છે.દયાનમાં એકાગ્રતા ન થાય તો નામ સ્મરણ ની જરૂર છે. આ ત્રણ ન થાય તો કાંઈ નહીં પણ આમાંના એકને પકડી રાખો. સાધન વિના સિદ્ધિ પ્રાપ્ત થતી નથી. મનુષ્યના જીવનમાં લક્ષ્ય નક્કી કરવું જોઈએ.જે જીવનમાં એક ધ્યેય નથી તે જીવન નાવિક વગર ની નૌકા જેવું છે. ધ્યેય નક્કી કરી તે ધ્યેય સિદ્ધ કરવા સાધન કરો. આ કળિકાળમાં કોઈ થઈ શકતું નથી, તેથી નામ સ્મરણનો આશરો લેવો. કળિકાળમાં નામ સેવા પ્રધાન બતાવી છે.કળિયુગ માં સ્વરૂપ સેવા જલદીથી ફળતી નથી. સ્વરૂપસેવા ઉત્તમ પણ છે પણ તેમાં પવિત્રતાની જરૂર છે. એવી પવિત્રતા કલિનો માણસ રાખી શકતો નથી, તેથી નામસેવા મોટી કહી છે. પરમાત્મા નો પ્રત્યક્ષ સાક્ષાત્કાર થયો નથી, ત્યાં સુધી નામનો આશ્રય રાખે એને એક દિવસ સાક્ષાત્કાર જરૂર થાય છે,સીતાજી ધ્યાન સાથે નામ સ્મરણ એવી રીતે કરે છે કે,વૃક્ષ નાં પાંદડે પાંદડામાંથી રામનામનો ધ્વનિ નીકળે છે. પરમાત્માના નામ માં આવી નિષ્ઠા થવી કઠણ છે. નામ સ્મરણ કરતાં અટકી પડે છે, પાપ જીભને પકડી રાખ છે.નામ સ્મરણ અતિશય સુલભ છે છતાં થતું નથી.

# નિદ્રાદેવી રિસામણે ગયા હોય તો મનાવવાની યુક્તિઓ



આપણે અન્ય કોઈ દેવી-દેવતાઓમાં માનતા હોઈએ કે ન માનતા હોઈએ અને તેમની કૃપાની યાચના કરતા હોઈએ કે ન કરતા હોઈએ, પણ નિદ્રાદેવીની કૃપા ન હોય તો આપણું જીવન ઉપરતળે થઈ જાય છે. જેઓ અનિદ્રાના રોગથી પીડાતા હોય કે ગમે તે કારણસર ઊંઘ ન આવવાને કારણે મોડી રાત સુધી કે ઘણી વાર સૂર્યોદય સુધી પણ પડખાં ઘસવા પડતાં હોય તેમને ખ્યાલ છે કે બીજું કોઈ રિસાય તો હજુ ચાલે પણ આ દેવીના રિસામણા બહુ જ તકલીફદાયક હોય છે. આધુનિક જિંદગીની ભાગદોડ અને રહેણીકરણીને લીધે આપણે ઊંઘ વેચીને ઉજાગરા ખરીદી લીધા છે. પૂરતી ઊંઘ ન થવાનું પરિણામ ડાયાબિટીસ, હાઈ બ્લડપ્રેશર, હૃદયરોગ, ડિપ્રેશન અને મેદસ્વીતા હોઈ શકે છે. આમ તો ઊંઘ એ આપણને પ્રકૃતિ પાસેથી મળેલું વરદાન છે પણ આપણી જ બેવકૂફીઓને કારણે ઘણી વાર આ અમૂલ્ય એવી જણસ આપણે ગુમાવી બેસીએ છીએ. શરીર અને મન માટે અનિવાર્ય એવી નિદ્રા જો રિસામણે ગઈ હોય તો એને મનાવવા માટે કેટલાક ઉપાયો કરી શકાય. એ માટે જીવનશૈલીને લગતા કેટલાક ઉપાયો મદદરૂપ થઈ શકે છે. અમેરિકાસ્થિત માનસશાસ્ત્રી થેરેસા સ્નોરબાર્ક કહે છે કે મગજના કેન્દ્રમાં આવેલી સુપરચ્યાસમેટિક ન્યુક્લિયસ નામની સર્કિટ ઉજાસથી બહુ પ્રભાવિત થાય છે. મગજનો આ હિસ્સો આપણા શરીરમાં હોર્મોન્સના સ્રાવનો આધાર છે જેમાંના અમુક હોર્મોન્સનો સ્રાવ આપણે ઉંઘતા હોઈએ ત્યારે અને કેટલાક જાગૃત અવસ્થામાં જ થાય છે. આપણા શરીરમાં એક પ્રાકૃતિક ઘડિયાળ છે જેને સિરાકેડિયન રીધમ કહેવાય છે જે આપણી સૂવા-ઉંઘવાની યંત્રણા પર કાબૂ ધરાવે છે. સવારે જેવા ઊઠો કે જાડા પડદા નાખ્યા હોય એવા અંધારિયા રૂમમાં સુસ્ત થઈને પડ્યા રહેવાને કે ફોનમાં વ્હોટસઅપ મેસેજ કે સોશિયલ મીડિયા મચેડ્યા કરવાને બદલે સૌથી પહેલાં પડદા હટાવી દો, બારી બારણાં ખોલી નાખો અને સૂર્યપ્રકાશને અંદર પ્રવેશવા દો.

# દેવતાઓ માટે જેમ અમૃત છે, મનુષ્યો માટે તેમ છાસ છે

આયુર્વેદ એ માત્ર ચિકિત્સાશાસ્ત્ર નહીં પણ સમગ્ર જીવનનું વિજ્ઞાન (સાયન્સ ઓફ લાઈફ) છે.એટલે જ આયુર્વેદમાં આહારદ્રવ્યોનું, વિવિધ વ્યંજનોનું અને તેનાં ગુણદોષોનું ઔષધો/સારવાર જેટલું જ વિશદ વર્ણન કરેલું છે. અરે ત્યાં સુધી કે આયુર્વેદમાં પાણીના પણ વિવિધ પ્રકાર અને તેના ગુણોનું વર્ણન પણ કરેલું છે. પાણી પર આટલું ઊંડું ચિંતન -મનન કરનાર ઋષિઓ અન્ય ખાદ્ય -પેય પદાર્થોની બાબતમાં કેમ પાછળ રહે ? આ જ અનુસંધાનમાં આયુર્વેદમાં દૂધમાંથી દહીં બનાવ્યાં પછી તેમાં મલાઈ, પાણીનું પ્રમાણ અને મંથનસંસ્કાર અનુસાર એમાંથી જુદી જુદી પાંચ ચીજો બનાવી શકાય છે તેવું વર્ણન છે. આધુનિક આહારશાસ્ત્ર હજુ દહીં (કર્ડ) છાસ કે યોગર્ટથી આગળ નથી વધી શક્યું ત્યારે સેંકડો વર્ષ પહેલાં આયુર્વેદમાં નીચેની પાંચ ભક્ષ્ય ચીજોનું વર્ણન મળે છે.

ઘોલ : દહીંમાં પાણી નાખ્યાં વિના જ ઉપરના ચીકાશવાળા ઘાટા ભાગ સહિત વલોવેલુ દહીં ઘોરવું કહેવાય છે. મથીત : દહીંમાંથી ઉપરનો ચિકાસવાળો ભાગ કાઢી લીધા પછી પાણી નાખ્યા વગર વલોવેલુ દહીં મથીત કહેવાય છે. તક્ર : દહીંના પ્રમાણથી ચોથા ભાગનું પાણી એમાં ઉમેરી વલોવેલુ દહીં તક્ર કહેવાય છે. ઉદશ્ર્ચિત – દહીંનાં પ્રમાણથી અડધા ભાગનું પાણી ઉમેરી વલોવેલુ દહીં ઉદશ્ર્ચિત કહેવાય છે. છચ્છીકા : વલોણામાંથી વલોવીને જેમાંથી માખણ કાઢી લીધું હોય અને જેમાં ઘણું પાણી ઉમેરેલું હોય તેને છચ્છીકા(છાશ) કહેવાય છે, આયુર્વેદના મત અનુસાર છાશ એ આંતરડાનું રસાયણ



છે. આંતરડામાં થતાં રોગો જેવાં કે હરસ, મસા, સંગ્રહણી, ભગન્દર, ઝાડા, મરડો વગેરે રોગોને મટાડે છે. ગ્રહણી જેવો સહેલાઈથી ન મટતો રોગ પણ છાશથી મટી શકે છે. ગ્રહણીમાં ખોરાક ઝાડા વાટે પચ્યા વગર બહાર આવતો હોય છે. ક્યારેક મળ બંધાયને આવે તો ક્યારેક પાણી જેવો પ્રવાહી ઝાડો થતો હોય છે. આધુનિક વિજ્ઞાનમાં ગ્રહણીને આઈ. બી. એસ. (ઈરિટેબલ બોવલ સિન્ડ્રોમ) સાથે સરખાવી શકાય છે. પરંપરાગત રીતે વૈદ્યો આવા રોગીને માત્ર છાશ ઉપર રાખીને આ રોગને મટાડી દે છે. મ્યુકો-કોલાઈટિસ કે જેને આયુર્વેદમાં કફાતિસાર કહેવામાં આવે છે. આ રોગમાં જમ્યા પછી જાજરું જવાની ઈચ્છા થતી હોય છે. અથવા સવારનાં સમયે એક વારમાં પેટ સાફ ન આવતાં બે-ત્રણ વાર મળપ્રવૃત્તિ થતી હોય છે. ઘણીવાર ચા-નાસ્તા પછી પણ આવી ઈચ્છા થાય છે. કેટલીકવાર મળપ્રવૃત્તિની ઈચ્છા અર્જ ખૂબ થાય છે પણ ઝાડો ખૂબ જ થોડો થતો હોય છે. આવાં લક્ષણોવાળાં કફાતિસાર (મ્યુકોકોલાઈટીસ) માં છાશ ઉત્તમ પરિણામ લાવે છે. હરસ મસા માટે તો નિષ્ણાતો છાશ લેવાની ખાસ ભલામણ કરતા હોય છે. મસા એકવાર મટી ગયા પછી નિત્ય છાસ લેવામાં આવે તો હરસ મસાની સમસ્યા ફરી થવાનું પ્રમાણ ઘણાં અંશે ઘટાડી શકાય છે. જે લોકો હંમેશાં છાશનું સેવન કરે છે તેઓને પાચન અને આંતરડાનાં રોગો અડકી શકતા નથી. પેટમાં ખૂબ જ ગેસ થયો હોય તો છાશમાં હિંગ, જીરું, નમક (સિંધાલૂણ કે સૌવર્ચલ) અને વાટેલી રાઈ નાખીને લેવાથી વાયુનું અનુલોમન કરીને ગેસ મટાડે છે,ભૂખ લગાડે છે અને ખોરાક પ્રત્યે રુચિ વધારે છે. ખોરાકને બરાબર પચાવે છે અને પેટના રોગો થવા દેતી નથી. જ્યારે એસીડીટી (પિત્ત)ની સમસ્યા હોય ત્યારે છાશ સાકર સાથે લેવી જોઈએ. આપણે જે મીઠી લસ્સી પીએ છીએ એ પણ પિત્તની સમસ્યા માટે ઉત્તમ છે. કફની સમસ્યાવાળાઓએ છાશ ત્રિકટુ (સૂંઠ-મરી -પીપર) નાખીને લેવી જોઈએ. શરદી, સળેખમ, સાઈનસ વગેરેમાં આ રીતે લીધેલી છાશ કફને તોડી નાખે છે. આમ છાશ ઘણાંબધા રોગોનાં વિષચક્રને તોડીને એમને મહાત કરે છે. ચામડીનાં રોગો થવા માટેનાં મુખ્ય કારણોમાં ખોરાકનું બરાબર પાચન ન થવું એ પણ એક કારણ છે. છાશથી ખોરાકનું બરાબર પાચન થતાં ચામડીનાં રોગો પણ મટે છે. આચાર્ય ભાવમિશ્ર સફેદડાઘ(લ્યુકોડર્મા) માં છાશને ઉત્તમ માને છે. બાહ્ય ઉપચાર તરીકે છાશ ખોડામાં ખૂબ જ ઉપયોગી છે. છાશથી માથું ધોવાથી ખોડો મટે છે અને વાળ મુલાયમ અને લીસ્સાં બને છે. સૌરાષ્ટ્ર, કાઠિયાવાડ કે સોરઠની કધયાઓના વાળ લાંબા અને ઘટ્ટ હોવાનાં મુખ્ય કારણોમાંથી રોજિંદા આહારમાં છાસનું સેવન પણ એક મહત્ત્વનું કારણ છે.

# મહેન્દ્ર સિંહ ધોની શાંત અને કૂલ હોવા માટે જાણીતો છે

મહેન્દ્ર સિંહ ધોની તેના ફેન્સમાં નિઃશંક પણે મેદાન પર શાંત અને કૂલ હોવા માટે જાણીતો છે. ધોની મેદાન પર પોતાનો ગુસ્સો બતાવે એવું બહુ ઓછું જોવા મળે છે. ધોની લગભગ ૧૬ વર્ષ ટીમ ઈન્ડિયા માટે રમ્યો છે. તે એકમાત્ર કેપ્ટન રહ્યો છે. જેણે ભારતને ૩ ICC ટ્રોફી જીતી છે. પણ ફાસ્ટ બોલર ઈશાંત શર્માએ હવે ધોનીને લઈને ચોંકાવનારો ખુલાસો કર્યો છે. તેણે કહ્યું છે કે ધોની મેદાનમાં ઘણી વખત ખેલાડીઓ સાથે દુર્વ્યવહાર કરે છે. ઈશાંત શર્માએ રણવીર અલ્હાબાદિયા સાથેના એક ઈન્ટરવ્યુમાં વાત કરતા કહ્યું, “માહી ભાઈ પાસે એક જ સ્ટ્રેન્થ નથી. ઘણી બધી છે.



આ દરમિયાન ઈન્ટરવ્યુ લેનારએ પૂછ્યું હતું કે શું તેનો સ્વભાવ શાંત છે? ઈશાંતે કહ્યું હતુ કે ના તે શાંત અને કૂલ નથી. પરંતુ તે ગ્રાઉન્ડમાં ખૂબ જ ગાળો બોલે છે. પણ બધા સાથે તેને સારું બને છે. તેનો રૂમ ક્યારેય ખાલી નથી હોતો. તે જ્યારે સૂવા જાય ત્યારે જ તે એકલો હોય છે. બાકીનાં સમયમાં તેની સાથે કોઈને કોઈ બેસે છે અને મજા કરે છે. ઈશાંતે આગળ કહ્યું હતું કે “તમે IPL જુઓ કે ભારતીય ટીમ જુઓ. તેના રૂમમાં હંમેશા લોકો બેઠા હશે. જેવી ગામડાની ફિલિંગ હોય ને, તેવી જ તેના રૂમની પણ છે. ત્યાં માત્ર વૃક્ષોની જ કમી છે.” તે વ્યક્તિનો સંપર્ક કોઈ એટલી આસાનીથી કરી શકતું નથી, કારણ કે તે તેનો ફોન તેની પાસે રાખતો નથી. ઈશાંત શર્માએ વધુમાં કહ્યું કે, “ટેસ્ટ મેચમાં બોલિંગ કર્યા બાદ માહી ભાઈએ મને પૂછ્યું કે તું થાકી ગયો છે? મે જવાબ આપ્યો કે, બહુ જ વધારે. તો તે ગુસ્સે થઈ ગયા હતા અને કહ્યું હતું કે ભાઈ તુ ઘરડો થઈ ગયો હોય તો ક્રિકેટ છોડી દે. તે સમયે મને એક થ્રો માટે ઠપકો આપવામાં આવ્યો હતો.

# પેટના ખૂણે ખૂણેથી ગંદકી સાફ કરી દેશે જામફળ જેવું દેખાતું આ ફળ

સ્વાસ્થને હેલ્દી અને ફિટ રાખવા માટે તાજા ફળ અને લીલા શાકભાજીનું સેવન કરવું જોઈએ. તેમાં ભરપૂર માત્રામાં પોષક તત્વો અને વિટામિન્સ હોય છે, જે સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક હોય છે. આવી જ રીતનું એક ફળ નાશપતિ. તેમાં પ્રોટીન, કાર્બ્સ, ફાઈબર, વિટામિન સી, પોટેશિયમ, કોપર, વિટામિન સહિત કેટલાય પોષક તત્વો રહેલા છે. તેના સેવનથી પાચનતંત્ર મજબૂત થાય છે. આવો આજે અમે આપને નાશપતિના ફાયદા વિશે વાત કરીએ. ડાયાબિટીસને કંટ્રોલ કરે- હેલ્થલાઈનમાં છપાયેલ એક સમાચાર અનુસાર, નાશપતિના સેવનથી ડાયાબિટીસ કંટ્રોલ થાય છે. બ્લડ શુગરને કંટ્રોલ કરવામાં મદદ મળે છે. ડાયાબિટીસના દર્દીએ નાશપતિનું સેવન કરવું જોઈએ.



પાચનતંત્રને મજબૂત કરે- નાશપતિના સેવનથી પાચનતંત્ર મજબૂત થાય છે. તે પેટના સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક છે. તેના સેવનથી પેટ સારી રીતે સાફ થાય છે. નાશપતિમાં ફાઈબર હોય છે. જે ખાવાનું પાચન કરવામાં મદદ કરે છે. ગેસના



દર્દીઓ માટે આ ફળ ખૂબ જ લાભકારી છે. તેના નિયમિત સેવનથી ડાઈઝેશન સિસ્ટમ મજબૂત થાય છે. જેને પાચન સંબંધી કેટલીય સમસ્યા છે, તેને આ ફળ ખાવું જોઈએ. હાર્ટને રાખે છે હેલ્દી નાશપતિના સેવનથી હાર્ટ માટે ખૂબ જ લાભકારી છે. તેના સેવનથી હાર્ટ મજબૂત થાય છે. તેમાં કેટલાય એન્ટી ઓક્સિડેંટ હોય છે, જે હાર્ટ માટે ખૂબ જ લાભકારી છે. તેના સેવનથી હાર્ટ અટેકનો ખતરો ઓછો રહે છે.

વજન ઘટાડે- નાશપતિના સેવનથી વજન ઘટે છે. તેને ખાવાથી પાચનતંત્ર મજબૂત થાય છે અને જેનાથી પેટ ફુલવાની સમસ્યા નથી રહેતી. નિયમિત રીતે નાશપતિના સેવનથી વજન કંટ્રોલમાં રહે છે. એનર્જી બૂસ્ટર-એનર્જી બૂસ્ટ કરવા માટે નાશપતિ ખૂબ જ ફાયદાકારક છે. તે બોડીમાં એનર્જી બૂસ્ટરનું કામ કરે છે. તેના સેવનથી શરીરને ઊર્જા મળે છે. નિયમિત રીતે તેના સેવનથી સ્વાસ્થ્યને કેટલાય ફાયદા થાય છે. સ્વાસ્થ્યને સારુ રાખવા માટે તેને ડાયટમાં સામેલ કરી શકો.

BOLLYWOOD NEWS FLASH

## પરિણીતી-રાઘવ ચઢ્ઢાના લગ્નના ફંક્શન શરૂ થઈ ગયા છે : રાઘવ ચઢ્ઢા અને પરિણીતી લગ્ન કરવા જઈ રહ્યા છે




। મુંબઈ, તા.૨૧ ।

રાઘવ ચઢ્ઢા અને પરિણીતી ચોપરા ૨૪ સપ્ટેમ્બરે ઉદયપુરમાં લગ્ન કરવા જઈ રહ્યા છે. પરિણીતી અને રાઘવ લગ્નની એક મોટી ઉજવણીની તૈયારી કરી રહ્યા છે, જે ૧૭ સપ્ટેમ્બરથી શરૂ થઈ ગયું છે. રાઘવ પરિણીતીએ લગ્ન સમારોહ માટે ઉદયપુરનો તાજ લીલા પેલેસ પસંદ કર્યો છે. લગ્ન સમારોહ ૨ દિવસ સુધી ચાલશે. પરિણીતી અને રાઘવ ૨૩ સપ્ટેમ્બરે વેલકમ લંચ સાથે લગ્નની ઉજવણી શરૂ કરશે. આવો જાણીએ બંને પાસે કેટલી મિલકત છે.

તમને જણાવી દઈએ કે રાઘવ ચઢ્ઢા આમ આદમી પાર્ટીનો યુવા ચહેરો છે જ્યારે પરિણીતી ચોપરા બોલિવૂડની પ્રખ્યાત અભિનેત્રી છે. ૧૩ મે, ૨૦૨૩ ના રોજ, બંનેએ લાંબી રાહ જોયા પછી દિલ્હીના કપૂરથલા હાઉસમાં એક ખાનગી સમારંભમાં સગાઈ કરી. જેમાં તેમના પરિવારના સભ્યો અને રાજકીય જગત સાથે જોડાયેલા કેટલાક લોકોએ ભાગ લીધો હતો. હાલ બંને પરિવારોમાં લગ્નની તૈયારીઓ જોરશોરથી ચાલી રહી છે. રાઘવ ચઢ્ઢા આમ આદમી પાર્ટીના નેતા અને સાંસદ છે. વર્ષ ૨૦૧૨ માં તેમણે આમ આદમી પાર્ટીમાં જોડાઈને તેમની રાજકીય કારકિર્દીની શરૂઆત કરી. આ સાથે તેઓ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પણ છે. તેમણે ગ્રાન્ટ થોર્ન્ટન, ડેલોઈટ, શ્યામ માલપાણી સહિત ઘણી મોટી એકાઉન્ટન્સી ફર્મ્સમાં કામ કર્યું છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર તેમની કુલ સંપત્તિ ૫૦ લાખ રૂપિયાની આસપાસ છે. જો રાઘવના ખાનગી ઘરની વાત કરીએ તો તેના ઘરની કિંમત ૩૭ લાખ રૂપિયા છે. પરિણીતી ચોપરા સંપત્તિના મામલામાં રાઘવ ચઢ્ઢા કરતાં ઘણી આગળ છે. તમને જણાવી દઈએ કે, રાઘવ અને પરિણીતીએ લંડન સ્કૂલ ઓફ ઈકોનોમિક્સમાં અભ્યાસ કર્યો છે.

# એસએસ રાજામૌલી બનાવી રહ્યાં છે ઓસ્કર ટાઈપ ફિલ્મ

। મુંબઈ, તા.૨૧ ।

છેલ્લાં કેટલાંક સમયથી અથવા તો એમ કહો કે કોરોના કાળથી જ બોલીવુડ પર સાઉથ ઈન્ડસ્ટ્રી ખુબ હાવી થઈ ગઈ છે. બાહુબલી-૨ હોય, પુષ્પા હોય કે પછી આરઆરઆર સાઉથની આ તમામ ફિલ્મોએ બોક્સ ઓફિસ પર બોલીવુડને રીતસરની પછડાટ આપી છે. એટલું જ નહીં રાજા મૌલીની ફિલ્મ ઓસ્કર પણ જીતીને આવી છે. ત્યારે ફરી એકવાર ભારતને ઓસ્કર મળવાની આશા જાગી છે. કારણકે, ફરી એકવાર એસ.એસ.રાજામૌલી બનાવી રહ્યાં છે ઓસ્કર ટાઈપ ફિલ્મ... બાહુબલી અને આરઆરઆર જેવી સારી ફિલ્મો આપ્યા



બાદ એસએસ રાજામૌલી નવી ફિલ્મ લઈને આવી રહ્યા છે. આ વખતે એસએસ રાજામૌલીએ એવી ફિલ્મ બનાવવાનું નક્કી કર્યું છે, જે ન માત્ર બોક્સ ઓફિસ પર ધમાલ મચાવે પરંતુ સિનેમા જગતનો સૌથી મોટો એવોર્ડ ઓસ્કર પણ જીતશે. હા... એસએસ રાજામૌલીએ મેડ ઈન ઈન્ડિયા નામની ફિલ્મની જાહેરાત કરી છે. ગણેશ ચતુર્થીના અવસર પર એસએસ રાજામૌલી મૂવીઝે સોશિયલ મીડિયા પર તેમની નવી ફિલ્મની પ્રથમ ઝલક પણ રિલીઝ કરી છે. એસએસ રાજામૌલીની નવી ફિલ્મ મેડ ઈન ઈન્ડિયા મૂવી ભારતીય સિનેમાની બાયોપિક બનવા જઈ રહી છે. અત્યાર સુધી ભારતીય સિનેમા જગતમાં ઘણી બાયોપિક બની છે, પરંતુ આ પહેલીવાર બનવા જઈ રહ્યું છે જ્યારે ભારતીય સિનેમા ઈન્ડસ્ટ્રીની બાયોપિક બનવા જઈ રહી છે. આ ફિલ્મના નિર્દેશનની જવાબદારી રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા નીતિન કક્કરને સોંપવામાં આવી છે. તો મેક્સ સ્ટુડિયોના વરુણ ગુપ્તા અને શોઈંગ બિઝનેસના કાર્તિકેય પ્રોડક્શન સંભાળશે.

એસએસ રાજામૌલી ફિલ્મ્સે પણ ગણેશ ચતુર્થીના શુભ અવસર પર તેમની નવી ફિલ્મ મેડ ઈન ઈન્ડિયાનું ટીઝર સોશિયલ મીડિયા પર શેર કર્યું છે. ટીઝરની સાથે, એસએસ રાજામૌલીએ લખ્યું, જ્યારે મેં પહેલીવાર નરેશન સાંભળ્યું, ત્યારે તેણે મને પહેલા જેવો ભાવુક બનાવી દીધો. બાયોપિક બનાવવી એ પોતે જ એક મુશ્કેલ કાર્ય છે, પરંતુ ભારતીય સિનેમાના પિતાની કલ્પના કરવી તેનાથી પણ વધુ પડકારજનક છે.

# ૭૦થી વધુ ઉંમરના આ સ્ટાર્સ બોલિવૂડ પર આજે પણ કરે છે રાજ

। મુંબઈ, તા.૨૧ ।

બોલિવુડની દુનિયામાં ટકી રહેવું દરેકની પહોંચમાં નથી. પોતાના અભિનય સિવાય સ્ટાર્સે પોતાના લુક અને ફિટનેસ પર પણ ખાસ ધ્યાન આપવું પડે છે. તે જ સમયે, ઈન્ડસ્ટ્રી વિશે એવું કહેવામાં આવે છે કે ફક્ત યુવાનો જ તેમાં અજાયબીઓ કરી શકે છે અને જેમ જેમ તેમની ઉંમર વધે છે તેમ તેમ તેમને કામ મળતું બંધ થઈ જાય છે. જો કે કેટલાક સ્ટાર્સે આ વાતને ખોટી સાબિત કરી છે. બોલિવૂડ ઈન્ડસ્ટ્રીના હીમેન ધર્મેન્દ્ર ૮૭ વર્ષના થઈ ગયા છે. આમ છતાં પણ તે



સ્ક્રીન પર જાદુ ફેલાવતા જોવા મળે છે. અભિનેતા ગેસ્ટ તરીકે હાજર રહીને ઘણા રિયાલિટી શોમાં ભાગ લેતો જોવા મળે છે. ફરી એકવાર મોટા પડદા પર ધમાલ મચાવી છે. ધર્મેન્દ્ર આલિયા ભટ્ટ અને રણવીર સિંહ સ્ટારર ફિલ્મ ’રોકી ઔર રાની કી પ્રેમ કહાની’માં જોવા મળ્યા હતા.

સદીના મેગાસ્ટાર અમિતાભ બચ્ચનની ૮૦ વર્ષની ઉંમરમાં પણ ખૂબ જ ડિમાન્ડ છે. અભિનેતા ટેલિવિઝનના સૌથી લોકપ્રિય ક્વિઝ રિયાલિટી શો ’કૌન બનેગા કરોડપતિ’ની ફ્રેન્ચાઈઝી હોસ્ટ કરે છે. આ સાથે તે ઘણી જાહેરાત અને ફિલ્મોમાં પણ પોતાનો ચાર્મ ફેલાવી રહ્યા છે. અમિતાભ આગામી દિવસોમાં ફિલ્મ ’પ્રોજેક્ટ કે’માં જોવા મળશે. આ સિવાય તેની પાસે બીજી કેટલીક શાનદાર ફિલ્મો પણ છે. મિથુન ચક્રવર્તી ૭૩ વર્ષના થઈ ગયા છે.

# નવી સંસદ ભવન પહોંચી કંગના રનૌત-એશા ગુપ્તા

। મુંબઈ, તા.૨૧ ।

૧૯ સપ્ટેમ્બરે દેશને નવી સંસદ ભવન મળી. આ દરેક માટે ઐતિહાસિક ક્ષણ છે. આ ખાસ અવસર પર પીએમ મોદી અને તેના મંત્રીઓએ દેશવાસીઓને શુભકામના પાઠવી હતી. નવી સસંદ ભવનના ઉદ્ઘાટનમાં બોલિવુડની ૨ અભિનેત્રીઓ પણ જોવા મળી હતી. કંગના રનૌત અને એશા ગુપ્તા નવી સસંદ પહોંચી હતી. બંન્ને અભિનેત્રીઓને સ્પેશિયલ આમંત્રણ આપવામાં આવ્યું હતુ. કંગના રનૌત



અને એશા ગુપ્તાનો સંસદ ભવનની બહારનો વીડિયો સામે આવ્યો છે. જેમાં બંન્ને અભિનેત્રીઓ ભારતીય પૌશાકમાં જોવા મળી રહી છે. કંગના વ્હાઈટ સાડીમાં જોવા મળી હતી. તેમજ એશા ગુપ્તા પીચ કલરના સુટમાં સુંદર લાગી રહી હતી. કંગના અને એશાએ ફોટોગ્રાફર્સને પોઝ પણ આપ્યા હતા.

કંગનાએ મહિલા અનામત બિલ પર વાત કરી હતી. તેમણે પીએમ નરેન્દ્ર મોદીના કામની પ્રશંસા કરી હતી. કંગનાએ જણાવ્યું કે, મહિલાઓ માટે રાજકારણમાં કરિયર બનાવવું કેટલું મુશ્કેલ છે. કંગનાએ કહ્યું કે નવી સંસદનું પ્રથમ સત્ર મહિલા સશક્તિકરણને સમર્પિત કરવું એ સન્માનની વાત છે. તેમણે કહ્યું કે, પીએમ મોદી જ્યારથી દેશના વડાપ્રધાન બન્યા છે.

## વર્ષ ૧૯૯૯માં રિલીઝ થયેલી ફિલ્મનું ધ બ્લેર વિચ પ્રોજેક્ટે બોક્સ ઓફિસ પર અબજોની કમાણી કરી હતી

# ૫૦ લાખમાં બનેલી આ હોરર ફિલ્મે ૨૦ અબજ રૂપિયાની કરી હતી કમાણી

। મુંબઈ, તા.૨૧ ।

દુનિયાભરમાં ઘણી હોરર ફિલ્મો બને છે જે વાર્તાની સાથે ખૂબ જ ડરામણી હોય છે. બોલિવૂડથી લઈને હોલિવૂડ સુધી ઘણી એવી ફિલ્મો આવી છે જે જોઈને તમને પરસેવો છૂટી જશે. હોલીવુડની ’ધ કોન્જુરિંગ’ હોય કે ’એનાબેલ’... આ ફિલ્મો જોયા પછી તમારી રાતોની ઊંઘ હરામ થઈ જશે. ઘણીવાર જોવા મળે છે કે આવી ફિલ્મોનું બજેટ ઘણું વધારે હોય છે. પરંતુ આજે અમે તમને એક એવી હોરર ફિલ્મ વિશે જણાવીશું જે ખૂબ જ ઓછા બજેટમાં બની છે અને બોક્સ ઓફિસ પર અબજોની કમાણી કરી છે. આ ફિલ્મનું નામ છે ’ધ બ્લેર વિચ પ્રોજેક્ટ’, જે વર્ષ ૧૯૯૯માં રિલીઝ થઈ હતી. આ હોન્ટેડ ફિલ્મનું નિર્દેશન ડેનિયલ મિરિક અને એડ્યુઆર્ડો સાંચેઝ દ્વારા કરવામાં આવ્યું હતું. દાવો કરવામાં આવે છે કે આ ફિલ્મને એકલી જોતી વખતે ઘણા લોકોને પરસેવો છૂટી ગયો હતો. આ ફિલ્મમાં માઈકલ વિલિયમ્સ, જોશુઆ લિયોનાર્ડ અને હીથર ડોનાહ્યુ મુખ્ય ભૂમિકામાં છે. ફિલ્મમાં ત્રણ યુવાન છોકરાઓની વાર્તા બતાવવામાં આવી છે, જેઓ એક પ્રોજેક્ટ પર કામ કરી રહ્યા છે. એક દિવસ, પ્રોજેક્ટની તપાસ કરતી વખતે, આ ત્રણ છોકરાઓ અચાનક ગાયબ થઈ જાય છે. તેના ગુમ થયાના એક વર્ષ બાદ તેમનો કેમેરો મળી આવે છે. આ પછી ખબર પડે છે કે આ ત્રણ છોકરાઓનું શું થયું. ખાસ વાત એ છે કે ૪૯ લાખ રૂપિયામાં બનેલી આ ફિલ્મે ૨૦ અબજ રૂપિયાની કમાણી કરી હતી. આ ફિલ્મનું શૂટિંગ માત્ર ૮ દિવસમાં પૂર્ણ થયું હતું. બોક્સ ઓફિસ પર જોરદાર કમાણી જોઈને બધા ચોંકી ગયા. તો જો તમે હજુ સુધી આ આઇકોનિક ફિલ્મ જોઈ નથી, તો આજે જ તમારા મિત્રો સાથે જુઓ.

# ઝાલોદ ભાજપ મહિલા મોરચા દ્વારા લોકસભામાં નારી શક્તિ વંદન અધિનિયમ બિલ લોસભામાં પાસ થતા ઉજવણી કરાઈ

## બસ સ્ટેશન વિસ્તારમાં ફટાકડા ફોડી મહિલાઓએ આભાર અભિનંદન ઉત્સવ ઉજવ્યો




। પંકજ પંડિત ઝાલોદ, તા.૨૧ ।

ગણેશ ચતુર્થીના દિવસે નવા સંસદ ભવનમાં મંગળવારથી કામગીરીનો પ્રારંભ કરવામાં આવેલ હતો. નવા સંસદ ભવનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા મહિલા અનામત બિલ રજૂ કરવામાં આવેલ હતું. આ બિલને વડાપ્રધાન દ્વારા નારી શક્તિ વંદન કાયદો નામ આપેલ હતું. આ બિલને નવાં સંસદ ભવનમાં મુકાતા જ સર્વ સાંસદો દ્વારા સર્વ સંમતિ થી આ કાયદો પાસ કરવામાં આવેલ હતો. આ બિલ પાસ થતા જ દેશભરની મહિલાઓ દ્વારા આ બિલ પાસ કરવા બદલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આભાર માન્યો હતો.

ઝાલોદ મહિલા મોરચા દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નારી શક્તિ વંદન બિલને વધાવી લેતા તેની ઉજવણી બસ સ્ટેશન વિસ્તારમાં સરદાર વલ્લભભાઈ પટેલ ચોક ખાતે કરવામાં આવી હતી. ભારતીય મહિલાઓ માટે સંસદમાં વડાપ્રધાન દ્વારા નારીને સન્માન આપે તેવો કાયદો બનાવાતા ફટાકડા ફોડીને આ બિલને મહિલા મોરચા દ્વારા વધાવી લેવામાં આવ્યો હતો. ઝાલોદ શહેર મહિલા મોરચા દ્વારા આભાર અભિનંદન ઉત્સવ ઉજવવામાં આવેલ હતો અને ભાજપ મહિલા મોરચા દ્વારા નરેન્દ્ર મોદી તુમ આગે બઢો હમ તુમ્હારે સાથ હૈ ના નારા લગાવ્યા હતા.

સાથે સાથે ભાજપ મહિલા મોરચા દ્વારા રામસાગર તળાવમાં સારા વરસાદને લઈ નવું નીર આવતા તેના પૂજન અર્ચન કરી વધામણાં કરવામાં આવેલ હતુ.



ઝાલોદ, તા.૨૧

આયુષ્યમાન ભવ અભિયાન અંતર્ગત આજે અનવરપુરા પ્રાથમિક શાળામાં તાલુકા આરોગ્ય વિભાગ દ્વારા નેશનલ સિકલસેલ એનીમિયા નિર્મૂલન કાર્યક્રમ કરવામાં આવ્યો જેમા rbsk, cho, mphw, કરુ દ્વારા સિકલસેલ ટેસ્ટીંગ, આભા આઈડી અને સાથે સાથે અન્ય આરોગ્ય વિષયક માહિતી આપવામા આવી.

# જસદણથી વહેલી સવારે અમરેલી જતી બસ બે દિવસથી અચાનક ગુમ



હુસામુદીન કપાસી
। જસદણ, તા.૨૧ ।

જસદણથી વહેલી સવારે ૫:૪૫ મિનિટે અમરેલી જતી એસ ટી બસ અચાનક બે દિવસથી ગુમ થઈ જતાં આજે બીજા દિવસે પણ અનેક મુસાફરો અને વિધાર્થીઓ રઝળી પડ્યા હતા જે લોકોને સવારે સાત વાગ્યે અમરેલી પહોંચવાનું હોય તેઓ આજે એક બે બસો બદલાવી છે ક દસ વાગ્યે અમરેલી પહોંચ્યા હતાં વિધાર્થીઓ અને પ્રવાસીઓને અનુરૂપ આ બસ બે દિવસથી કોઈ કારણ વગર બંધ કરવામાં આવતાં આ બાબતે આગેવાનોએ આંદોલનની ચીમકી પણ ઉચ્ચારી હતી જસદણથી વહેલી સવારે અમરેલી તરફ જતી આ બસરૂટ વર્ષોથી ચાલે છે પણ હમણાં આ બસ વીંછિયા રાત્રિ રોકાણ કરી વહેલી સવારે જસદણથી અમરેલી જતી હોય કોઈ કારણોસર આ બસ બે દિવસથી અચાનક ગુમ થઈ જતાં પ્રવાસીઓ અને વિધાર્થીઓ મુશ્કેલીમાં મુકાઈ ગયા છે ત્યારે આ બસ રાત્રિ રોકાણ જસદણ કરે અને દરરોજ સવારે ૫:૪૫ ને બદલે આ બસનો સમય વહેલી સવારે ૫:૩૦ કલાકનો કરવા અને નિયમિત કરવા માંગણી ઊઠવા પામી છે જો આ રૂટ કોઈ કારણ વગર બંધ કરવામાં આવશે નિયમિત નહી કરાય તો જસદણવાસીઓએ ગાંધી ચિંધ્યા માર્ગે જવાની ઈચ્છા પણ વ્યક્ત કરી છે બે દિવસથી અચાનક આ અમરેલીનો રૂટ કેમ બંધ છે? એવી પૂછપરછ કરવામાં ૦૨૮૨૧૨૨૦૨૨૦ ઉપર ફોન કરવામાં આવતાં ફોન નોરિપ્લાય થયો હતો ત્યારે ડેપોના અધિકારીઓ આ બાબતે ધ્યાન આપે એવી વ્યાજબી માંગણી વ્યાપક ઊઠવા પામી છે.

# બાબરખડક પ્રાથમિક શાળાએ સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત ગાંધીનગર આયોજિત જિલ્લા કક્ષાની શાળાકીય રમત સ્પર્ધામાં પ્રથમ નંબર આવી શાળાનું નામ રોશન કર્યું




। ગાંધીનગર, તા.૨૧ ।

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત ગાંધીનગર આયોજિત જિલ્લા કક્ષાની શાળાકીય રમત સ્પર્ધા દક્ષિણા વિધાલય નારગોલ તાલુકો ઉમરગામ મુકામે યોજાયો હતો જેમાં એથ્લેટિક્સ સ્પર્ધાઓ ભાઈઓ-બહેનો અંડર ૧૪ અન્ડર ૧૯ નો સમાવેશ કરવામાં આવ્યો હતો જેમાં બાબરખડક પ્રાથમિક શાળા તાલુકો કપરાડા જિલ્લો વલસાડ કોચ તરીકેની ભૂમિકા અદા કરનાર ગણેશભાઈ એલ.જાદવના માર્ગદર્શન હેઠળ અંડર ૧૪ બહેનો વિભાગમાં ૨૦૦ મીટર દોડમાં સ્નેહાંગીબેન ગણેશભાઈ પ્રથમ નંબરે વિજેતા થયા હતા જ્યારે ઉર્વશી બેન જીગ્નેશભાઈ ઉંચી કુદ તથા ૮૦ મીટર વિઘ્ન દોડમાં પ્રથમ નંબર મેળવી શાળાનું તથા ગામનું નામ રોશન કર્યું હતું તેવો હવે રાજ્યકક્ષાની સ્પર્ધામાં રમવા જશે વલસાડ જિલ્લાનું નેતૃત્વ કરશે. આમ શાળા પરિવાર તેમને ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવે છે સાથે શાળા પરિવાર દ્વારા તમામનુ સન્માન પણ કરવામાં આવ્યું હતું

## પોસ્ટરો પ્લેકાર્ડ સાથે દેખાવો કરી વડાપ્રધાનનો આભાર માન્યો

# મહિલા આરક્ષણ બીલ પાસ થતાં રાજપીપળા ખાતે નર્મદાજિલ્લા મહિલા મોર્ચાની બહેનો દ્વારા ફટાકડા ફોડી ખુશાલી મનાવાઈ



। દીપક જગતાપ રાજપીપળા, તા.૨૧ ।

નવી સંસદના પહેલા જ દિવસે ઐતિહાસિક મહિલા અનામત બિલ લોકસભામાં રજૂ ૨/૩ બહુમતિથી પાસ થઈ જતાં રાજપીપલા ખાતે નર્મદાજિલ્લા મહિલા મોરચાની બહેનો, નાંદોદના મહિલા ધારાસભ્ય ડૉ.દર્શનાબેન દેશમુખત તથા જિલ્લા ભાજપા પ્રમુખ ઘનશ્યામ પટેલતથા મહિલા મોરચા પ્રમુખ જયશ્રીબેન ધામેલ, રાજપીપલા નગરપાલિકા પ્રમુખ ધાર્મિષ્ઠાબેન પટેલ સહીત મહિલા મોર્ચાની બહેનો તથા ભાજપાના આગેવાનોની ઉપસ્થિતિમાં રાજપીપલા સફેદ ટાવર પાસે ફટાકડા ફોડી આતશબાજી કરી ખુશી વ્યક્ત કરી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો આભાર માન્યો હતો.

આ પ્રસંગે નાંદોદના ધારાસભ્ય ડૉ દર્શનાબેન દેશમુખે જણાવ્યું હતું કે આજરોજ કેન્દ્રની ભાજપ સરકાર દ્વારા લોકસભામાં મહિલા આરક્ષણબીલ નારી શક્તિ વંદના એક્ટ નામથી રજૂ કરવામાં આવ્યું છે. આજે ૪૫૪ જેટલા સભ્યના બહુમત વોટીંગથી આ બીલ પસાર કરવામાં આવ્યું છે.આજનો દિવસ ઐતિહાસિક અને ક્રાંતિકારી દિવસ ગણાશે.

આ માટે તેમણે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો આભાર માન્યોહતો . અને જણાવ્યું હતુ કે ૨૭ વર્ષના ગાળામાં આ દિવસ ૧૧ વખત રજૂ કરવામાં આવ્યું હતું.આનાથી લોકસભામાં મહિલા સશક્તિકરણ વધશે.અને આનાથી લોકસભામાં વિધાનસભામાં મહિલાઓને ૩૩ ટકા અનામત મળશે. અને દેશને આગળ લઈ જવામાં મહિલાઓનો સિંહફાળો રહેશે. આ બિલ કાયદો બન્યા બાદ લોકસભા અને દેશની અન્ય વિધાનસભાઓમાં દર ત્રીજી સાંસદ એક મહિલા હશે.એ માટે દર્શનાબેને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ખેડા જિલ્લા આરોગ્યશાખા ખાતે પ્રિનેટલ ડાયગ્નોસ્ટીક ટેકનીક એક્ટ અન્વયે એડવાઈઝરી કમીટી મીટીંગ યોજાઈ



। નડિયાદ, તા.૨૧ ।

દિકરીઓ માટે સતત ચિંતનશીલ રાજય સરકારશ્રીની સુચના અને માર્ગદર્શન અનુસાર ખેડા જિલ્લામાં આરોગ્ય તંત્ર દ્વારા પ્રિનેટલ ડાયગ્નોસ્ટીક ટેકનીક એક્ટ અન્વયે જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીની અધ્યક્ષતામાં તા.૨૧.૦૯.૨૦૨૩ ના રોજ પીએનડીટી એડવાઈઝરી કમીટીની મીટીંગ આરોગ્ય શાખા, ખેડા જિલ્લા પંચાયત ખાતે યોજાઈ હતી.

આ મીટીંગમાં પીસી પીએનડીટી એક્ટ અંતર્ગત રજીસ્ટર્ડ હોસ્પિટલોના નવીન રજીસ્ટ્રેશન, રીન્યુઅલ રજીસ્ટ્રેશન તથા કેન્સલેશનની તથા સેક્સ રેસિયો બાબતે ચર્ચા કરવામાં આવી. સેક્સ રેસીયો સંતુલિત કરવા અને બેટી વધાવો અભિયાન બાબતે ચર્ચા કરવામાં આવી. તદ ઉપરાંત મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ.વી.એ. ધ્રુવેએ ઓછા સેકસ રેસિયો ધરાવતા તાલુકામાં સ્ટીંગ, ડીકોય તથા દિકરીના જન્મદરમાં વધારો કરવા, દીકરીના ગર્ભ પરીક્ષણ/જાતિની પસંદગી અટકાવવા, દીકરીની સુરક્ષા અને સલામતી અંગેનો પ્રચાર પ્રસાર તથા આઈઈસી કરવા સહિતના મુદ્દે ચર્ચા કરી જરૂરી માર્ગદર્શન આપ્યુ હતુ. આ મીટીંગમાં મુખ્ય જિલ્લા અધિકારીશ્રી ડૉ.વી.એ. ધ્રુવે, આરસી.એચ.ઓ શ્રી પઠાણ, એ.ડી.એચ.ઓ શ્રી શાલિનીબેન, સી.ડી.એમ.ઓ શ્રી, ડૉ. કવિતા શાહ, પીડીયાટ્રીશન ડો. બુસરા, એનજીઓ પ્રતિનિધિ શ્રી મનીષા દલાલ હાજર રહ્યા હતા.

# મોરબીમાં ટીબીના દર્દીઓને જિલ્લા કલેક્ટર જી.ટી. પંડ્યાના હસ્તે પોષણક્ષમ આહાર કીટ વિતરણ કરાઈ



। મોરબી, તા.૨૧ ।

‘ટીબી મુક્ત ભારત’ અભિયાન અંતર્ગત જિલ્લા ક્ષય કેન્દ્ર મોરબી ખાતે મોરબી જિલ્લા કલેકટરશ્રી જી.ટી. પંડ્યાના અધ્યક્ષસ્થાને ટીબી દર્દીઓને પોષણક્ષમ આહારયુક્ત કીટ વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ‘ટીબી મુક્ત ભારત’ અભિયાન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં જિલ્લા કલેકટરશ્રી જી.ટી. પંડ્યા દ્વારા ટીબીના દર્દીઓને પોષણક્ષમ આહારની અગત્યતા વિશે સમજ આપવામાં આવી હતી. આ કાર્યક્રમ અંતર્ગત જિલ્લા ક્ષય અધિકારીશ્રી ડો. ધનસુખ અજાણાએ દર્દીઓને મફત નિદાન સારવાર તથા સરકારશ્રી દ્વારા અપાતી સહાય અંગે માર્ગદર્શન આપ્યું હતું. ઉપરાંત તેમના દ્વારા ટીબી અંગે સામાજિક જાગૃતતા ફેલાય તે અંગે પણ યોગ્ય સમજ આપવામાં આવી હતી.

આ કાર્યક્રમનો ૪૦ જેટલા ટીબીના દર્દીઓએ લાભ લીધો હતો જેમને મહાનુભાવોના હસ્તે પોષણક્ષમ આહારની કીટ વિતરણ કરવામાં આવી હતી.

## પડાણા ખાતે પોષણ માસ અને એનીમિયા મુક્ત ભારત અંતગર્ત કાર્યક્રમો યોજાયા

# પોષણમાસ અંતર્ગત યોજાયેલ વાનગી સ્પર્ધાના કાર્યક્રમમાં ૬૦ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો

। જામનગર, તા.૨૧ ।

જામનગર જિલ્લાના પડાણા ગામે આવેલ શ્રીરૂપજી મેઘજી શાહ માધ્યમિક શાળા ખાતે પોષણ માસ અંતર્ગત વાનગી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં શાળાની ધોરણ ૯-૧૦ની ૬૦ જેટલી વિદ્યાર્થીનીએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં ભાગ લીધેલ વિદ્યાર્થીનીઓને આઈ.સી.ડી.એસ વિભાગ દ્વારા ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. ત્યાર બાદ એનીમિયા મુક્ત ભારત કાર્યક્રમ અંતર્ગત પડાણા આરોગ્ય કેન્દ્રના એમ.પી. એસ બી.એમ. ગોસાઈ, સુનીલભાઈ ગાગીયા અને ડીમ્પલબેન સોંદરવા દ્વારા કિશોરીઓને દર બુધવારે આયર્ન, ફોલિક એસીડની ગોળી લેવા અંગે તેમજ કૃમિનાશક ગોળી દર વર્ષે એક વખત લેવા અંગે સમજાવામાં આવ્યું હતું. કુપોષણને કારણે એનીમિયા વધતો હોવાથી તે અંગે સમજૂતી આપવામાં આવી હતી.

મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો.એચ. એચ.ભાયા, તાલુકા હેલ્થ ઓફિસર ડો.પી. ડી પરમાર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પડાણાના ડો. કાજલ નકુમના માર્ગદર્શન હેઠળ અને જીલ્લા આઈ.સી.ડી.એસ વિભાગના સંકલન સાથે આ કાર્યક્રમમાં આઈ.સી.ડી. એસ વિભાગના કોર્ડીનેટર હંસાબેન, મુખ્ય સેવિકા ચંદ્રિકાબેન નિમાવત, આંગણવાડી સુપરવાઈઝર, વર્કર તેમજ વિસ્તારના આશા, ડી.એસ.બી.સી.સી ચિરાગભાઈ પરમાર જોડાયા હતા અને કાર્યક્રમને સફળ બનાવામાં આવ્યો હતો.

# રાજય સરકાર દ્વારા રાજકોટ ખાતે કાર્યરત મહાત્મા ગાંધી છાત્રાલય બની વિદ્યાર્થીઓના સુવર્ણ ભાવિનું સ્થળ

દરેક યુવાનનું સ્વપ્ન હોય છે કે તે દેશના ઉત્થાનમાં જોડાય....ભારત આજે સૌથી વધુ યુવાધન ધરાવતો દેશ છે ત્યારે આ યુવાશક્તિ દેશના વિકાસ અને સુરક્ષા કાજે સમર્પિત થાય ત્યારે ભારતને વિશ્વ મહાસત્તા બનતું કોઈ રોકી શકે નહીં. આજના યુવાનોને દેશ સેવા માટે આગળ વધવા માત્ર સાચી દિશા આપનારની જરૂર છે અને આ સાચી દિશા સાથે સૌરાષ્ટ્રના વિવિધ વિસ્તારોમાંથી રાજકોટમાં આવી અભ્યાસ હેતુ વસેલા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને રાજકોટની મહાત્મા ગાંધી છાત્રાલય દ્વારા ભવિષ્ય માટે સાચી દિશા સાથે સંપૂર્ણ માર્ગદર્શન અને આવશ્યક જરૂરિયાતો પૂર્ણ કરી, રાષ્ટ્રના ભવિષ્યના ઘડતરમાં યોગદાન આપવા માટે તૈયાર કરવામાં આવી રહ્યા છે.

રાજકોટ શહેરના કાલાવાડ રોડ સ્થિત રાજ્ય સરકારના અનુસૂચિત જાતિ કલ્યાણ વિભાગ હેઠળના મહાત્મા ગાંધી છાત્રાલયમાં સૌરાષ્ટ્રના વિવિધ જિલ્લાના વિદ્યાર્થીઓને રહેવા- જમવાની સુવિધા તો મળે જ છે પણ સાથે જ વિદ્યાર્થીઓને ઉજ્જ્વળ ભવિષ્ય માટે વિવિધ સરકારી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી પણ કરાવવામાં આવે છે.



# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે અપાર ઊર્જા અને ઉત્સાહ તમને ઘેરી વળશે અને તમારી સામે આવનારી કોઈપણ તક તમે તમારા ફાયદા માટે ઉપયોગમાં લેશો. કેટલાક લોકો માટે પ્રવાસ દોડધામભર્યો અને તાણયુક્ત પુરવાર થશે-પણ આર્થિક રીતે વળતર આપશે. આજે તમારૂં લગ્નજીવન મસ્તી, આનંદ અને અત્યંત શાંતિનો અનુભવ કરાવનારૂં ઠરશે. તમારી સંતતિ માટે કશુંક ખાસ આયોજન કરો.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે તમે તમારા હકારાત્મક અભિગમ તથા આત્મવિશ્વાસ દ્વારા તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરો એવી શક્યતા છે. આજે તમારે મહત્વના મુદ્દા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. આજે તમે તમારા જીવનસાથી સાથે તમારા જીવનનો શ્રેષ્ઠતમ દિવસ વિતાવશો. આ રાશિ ના પરિણીત જાતકો ને આજે સાસરાપક્ષ થી ધન લાભ થવા ની શક્યતા છે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે સ્વસ્થ રહેવા માટે તમારા ખોરાક પર અંકુશ રાખો તથા વ્યાયામ કરો. લાંબા-ગાળાના દ્દષ્ટિકોણથી રોકાણ કરવું જરૂરી. તમે આજે તમારા મનપસંદ કાર્યો કરવા નું મન બનાવશો, પરંતુ કાર્ય ની વિપુલતા ને કારણે તમે તે કરી શકશો નહીં. આજે તમને અનુભૂતિ થશ કે તમારી જીવનસંગિની માટે તમારૂં મહત્વ કેટલું છે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે તમે જો હાલના સમયમાં હતોત્સાહની લાગણી અનુભવતા હો તો-તમારે યાદ રાખવું જઈએ કે આજે યોગ્ય વિચારો અને વર્તન જરૂરી એવી રાહત લાવશે. સટ્ટાકીય પ્રવૃત્તિઓ નફો લાવશે. મુશ્કેલીના સમયમાં તમારી મદદ કરનારા સંબંધીઓ તરફ તમારી કૃતજ્ઞતા વ્યક્ત કરો. તમારૂં નાનકડું પગલું તેમનો ઉત્સાહ વધારશે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે તમને તમારી જાત માટે સારી લાગણી થાય એવી બાબતો કરવા માટે અદભુત દિવસ. વગર આમંત્રિત મહેમાન આજે ઘરે આવી શકે છે પરંતુ આ મહેમાન ના લીધે તમને આર્થિક લાભ થયી શકે છે. તમારૂં બાળક જેવું તથા નિર્દોષ વર્તન પારિવારિક સમસ્યા ઉકેલવામાં મહત્વની ભૂમિકા ભજવશે. આજે તમે તમારા પ્રેમી સાથે ક્યાંક ફરવા જવા ની યોજના બનાવશો.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે સ્વાસ્થ્યની દૃષ્ટિએ સારો દિવસ. તમારી ખુશખુશાલ મનઃસ્થિતિ તમને ઈચ્છિત ટૉનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે. જે લોકોએ પોતાના પૈસા જુગાર માં લગાવી રાખ્યા છે તેમને આજે નુકસાન થવાની શક્યતા છે. તમને જુગાર થી દૂર રહેવાની સલાહ આપવા માં આવે છે. ગૃહપ્રવેશ માટે શુભ દિવસ.

**તુલા (ર,ત) :**
આજના દિવસે મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. તમારી જાતને મોટા ગ્રુપ સાથે સાંકળવાની પ્રવૃત્તિ ખૂબ જ મનોરંજક સાબિત થશે- પણ તમારો ખર્ચ ખાસ્સો વધી જશે. તમારા દેખાવ અને વ્યક્તિત્વને નીખારવા કરેલા પ્રયત્નો તમારા સંતોષ મુજબનું પરિણામ આપશે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે તાણથી મુક્ત થવા માટે તમારો કીમતી સમય તમારા બાળકો સાથે વિતાવો. બાળકોમાં રહેલી ઈલાજની શક્તિની અનુભૂતિ તમને થશે. કેમ કે તેઓ આ પૃથ્વી પરના સૌથી આધ્યાત્મિક અને સંવેદનશીલ વ્યક્તિઓમાં છે. તમને જાતે જ લાગશે કે તમારામાં શક્તિનો સંચાર થયો છે. એમ તો આજે નાણાકીય પક્ષ સારું રહેશે પરંતુ તમને આ પણ ધ્યાન રાખવું હશે કે તમે તમારા પૈસા નકામા ખર્ચ ના કરો.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે સારા લાભ મેળવવા માટે મોટી વયના લોકોએ તેમની શક્તિનો હકારાત્મક ઉપયોગ કરવો જરૂરી છે. તમારૂં સમર્પણ તથા સખત મહેનતની નોંધ લેવાશે તથા આજે તેને કારણે તમારી માટે આર્થિક વળતર પણ લાવશે. કોઈક વ્યક્તિ તમારા જીવનસાથીમાં વધારે પડતો રસ લેશે, પણ દિવસના અંતે તમને સમજાશે કે કશું જ ખોટું નથી થઈ રહ્યું.

**મકર (ખ,જ) :**
આજના દિવસે વ્યસ્ત સમયપત્રક છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે પણ તમારા જીવનને હળવાશથી લેતા નહીં, જીવનની દરકાર જ સત્ય હકીકત છે એ બાબત અનુભવજો. રોકાણ કરવું જોઈએ પણ એ પૂર્વે યોગ્ય સલાહ લો. સમય બગાડવો એ સારી વસ્તુ નથી. શક્યતા છે કે તમારા અને તમારા જીવનસાથી વચ્ચેનો તણાવ અનેક ગણો વધશે અને એ બાબત લાંબા ગાળે તમારા સંબંધો માટે સારી નહીં હોય.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે તમારે તમારી હોશિયારીની કુનેહ તથા મુત્સદીપણાનો ઉપયોગ તમારા મગજને પજવી રહેલી સમસ્યાઓ ઉકેલવા માટે કરવાની જરૂર છે. કોઈ રોચક પત્રિકા અથવા ઉપન્યાસ વાંચી આજ ના દિવસ ને તમે સારી રીતે પસાર કરી શકો છો? આજે તમારા જીવનસાથી સાથે તમને તમારા જીવનની શ્રેષ્ઠ સાંજ ગાળવા મળશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે આપવાનો તમારો સ્વભાવ છૂપા આશીર્વાદ સમાન સાબિત થશે કેમ કે શંકા, નાહિંમત થવું, શ્રદ્ધાનો અભાવ,લાલચ, જોડાણ,અહંકાર તથા ઈર્ષા જેવા દુર્ગુણોથી તમને મુક્ત કરશે. મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે. તમે જો કોઈ પરિસ્થિતિથી દૂર ભાગશો-તો એ શક્ય હોય એટલી ખરાબ રીતે તમારો પીછો કરશે.

### કેનેડાનો ભારતની ટ્રાવેલ એડવાઇઝરીને જવાબ

# પબ્લિક સેફ્ટી મિનિસ્ટર લેબ્લેન્કે કહ્યું કે કેનેડા એક સુરક્ષિત દેશ છે

### દેશમાં ખાલિસ્તાની તરફી તત્વોની વધતી ગતિવિધિઓને જોતા કેટલાક મહિનાઓથી ભારત-કેનેડા સંબંધોમાં તણાવ

। નવી દિલ્હી, તા.૨૧ ।

કેનેડાની સરકારે ભારતની ટ્રાવેલ એડવાઈઝરીને ફગાવી દીધી હતી. તમને જણાવી દઈએ કે કેન્દ્રીય વિદેશ મંત્રાલયે વધતી જતી ભારત વિરોધી ગતિવિધિઓ અને નફરતના ગુનાઓ વચ્ચે કેનેડાની યાત્રા કરવાની યોજના બનાવી રહેલા ભારતીયોને 'અત્યંત સાવધાની' રાખવા કહ્યું હતું. રોઈટર્સના અહેવાલ મુજબ, નવી દિલ્હીની ચેતવણીને નકારી કાઢતા કેનેડાના પબ્લિક સેફ્ટી મિનિસ્ટર ડોમિનિક લેબ્લેંકે કહ્યું કે કેનેડા એક સુરક્ષિત દેશ છે. ભારતની ટ્રાવેલ એડવાઈઝરી નવી દિલ્હી અને કેનેડા વચ્ચેના બગડતા સંબંધો દર્શાવે છે. નોંધનીય છે કે કેનેડાના વડા પ્રધાન જસ્ટિન ટ્રૂડોએ દાવો કર્યો હતો કે જૂનમાં ભારત સરકારના એજન્ટો અને ખાલિસ્તાન સમર્થક આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યા વચ્ચે 'સંભવિત સંબંધ' છે. ભારતે મંગળવારે આરોપોને "વાહિયાત" અને "પ્રેરિત" તરીકે ફગાવી દીધા હતા અને કેનેડાના બદલામાં એક વરિષ્ઠ કેનેડિયન રાજદ્વારીને આ કેસમાં ભારતીય અધિકારીની હકાલપટ્ટી કરી હતી.

ભારતની ટ્રાવેલ એડવાઈઝરી જણાવે છે કે, 'તાજેતરમાં ધમકીઓએ ખાસ કરીને ભારતીય રાજદ્વારીઓ અને ભારતીય સમુદાયના તે વર્ગોને નિશાન બનાવ્યા છે જેઓ ભારત વિરોધી એજન્ડાનો વિરોધ કરે છે. તેથી, ભારતીય નાગરિકોને સલાહ આપવામાં આવે છે કે તેઓ કેનેડામાં એવા વિસ્તારો અને સંભવિત સ્થળોએ મુસાફરી કરવાનું ટાળે જ્યાં આવી ઘટનાઓ જોવા મળી છે. ઉત્તરી અમેરિકાના દેશમાં ખાલિસ્તાની તરફી તત્વોની વધતી ગતિવિધિઓને જોતા છેલ્લા કેટલાક મહિનાઓથી ભારત-કેનેડા સંબંધોમાં તણાવ જોવા મળ્યો છે. ભારત માને છે કે ટ્રૂડો સરકાર તેની વાસ્તવિક ચિંતાઓ પર ધ્યાન આપી રહી નથી. ભારતની ટ્રાવેલ એડવાઈઝરીને કેનેડાની ટ્રાવેલ ઈન્ફોર્મેશન વિરૂદ્ધ જેવા સાથે તેવા પ્રતિક્રિયા રૂપમાં પણ જોવામાં આવે છે, જે બંને દેશો વચ્ચે વધતા તણાવ વચ્ચે અગાઉ અપડેટ કરવામાં આવી હતી.

### ખાલિસ્તાનીઓ પર કસાશે લગામ

# ખાલિસ્તાની આતંક ઉપર જોરદાર પ્રહારની તૈયારી

### NIAએ BKI ના આતંકીઓ રિંદા, લાંદા અને ત્રણ અન્ય વિશે જાણકારી આપવા બદલ કેશ રિવોર્ડની જાહેરાત કરી

। નવી દિલ્હી, તા.૨૧ ।

કેનેડામાં ખાલિસ્તાની આતંકીઓની ગતિવિધિઓ તેજ થયા બાદ ભારતે પણ જવાબી કાર્યવાહી કરી છે. NIA એ બબ્બર ખાલસા ઈન્ટરનેશનલ (BKI) ના આતંકીઓ રિંદા, લાંદા અને ત્રણ અન્ય વિશે જાણકારી આપવા બદલ કેશ રિવોર્ડની જાહેરાત કરી છે. એજનસીએ બુધવારે સૂચીબદ્ધ આતંકવાદી હરવિંદર સિંહ સંધુ ઉર્ફે રિંદા, અને લખબીર સિંહ સંધુ ઉર્ફે લાંદાની સૂચના આપનારાઓને ૧૦-૧૦ લાખ રૂપિયા કેશ ઈનામ આપવાની જાહેરાત કરી છે.

NIA તરફથી આ આતંકવાદીઓના ત્રણ સહયોગીઓ પરમિંદર સિંહ કૈરા ઉર્ફે પટ્ટુ, સતનામ સિંહ ઉર્ફે સતબીર સિંહ ઉર્ફે સત્તા અને યદવિંદર સિંહ ઉર્ફે યદ્દા વિશે જાણકારી આપનારાઓને ૫-૫ લાખ રૂપિયાની કેશ રિવોર્ડની જાહેરાત કરાઈ છે. તમાં પાંચ મામલા ભારતની શાંતિ અને સાંપ્રદાયિક સદભાવને બગાડવા અને પંજાબ રાજ્યમાં આતંક ફેલાવવાના હેતુથી બીકેઆઈની આતંકી ગતિવિધિઓ સાથે




જોડાયેલા છે. એનઆઈએએ યુપીએ ની કલમ ૧૭, ૧૮, ૧૮ બી, અને ૩૯ હેઠળ કેસ દાખલ કર્યો હતો. વોન્ટેડ આતંકીઓ પર પંજાબમાં આતંકવાદી હાર્ડવેર અને નશીલા પદાર્થોની તસ્કરી કરવાનો આરોપ છે. આ સાથે જ વેપારીઓ અને અન્ય પ્રમુખ વ્યક્તિઓ પાસેથી જબરદસ્તીથી વસૂલી દ્વારા આતંકી સંગઠન બીકેઆઈ માટે ધન ફેગુ કરવા અને દહેશતગર્દી ફેલાવવાનો પણ મામલો છે. જે આતંકીઓ પર એજન્સીએ ઈનામ જાહેર કર્યું છે તે પંજાબ રાજ્યમાં આતંકનો માહોલ બનાવવા માટે ટાર્ગેટ કિલિંગ્સ અને કાનૂન પ્રવર્તન એજન્સીઓને નિશાન બનાવવામાં વોન્ટેડ રહ્યા છે. એનઆઈએની તપાસમાં ખબર પડી છે કે આ આતંકવાદીઓ પૈસાની લાલચ આપીને નવા લોકોને બીકેઆઈમાં ભરતી કરવામાં લાવ્યા હ તા. તેમણે ભારતના વિવિધ ભાગોમાં પોતાની આતંકી ગતિવિધિઓને વધારવા માટે વિવિધ દેશોમાં એક નેટવર્ક પણ સ્થાપિત કર્યું છે. હરવિંદર સિંહ સંધુ ઉર્ફે રિંદા હાલ પાકિસ્તાનમાં છૂપાયેલો છે. તે ભારત તરફથી વોન્ટેડ આતંકી છે અને મૂળ રીતે ગેટ નંબર ૫, સચખંડ, ગુરુદ્વારા હજૂર સાહિબ, જિલ્લા નાંદેડ મહારાષ્ટ્રનો છે. તેનું સ્થાયી સરનામું પંજાબમાં તરનતારન જિલ્લો છે. જ્યારે લાંદા પંજાબના તરનતારન જિલ્લાના ગામ હરિકેનો રહીશ છે. પરમિંદર સિંહ ખેરા ઉર્ફે પટ્ટુ બાંધેલવાલા પંજાબ જિલ્લાના ફિરોઝપુરનો રહીશ છે. સતનામ સિંહ ઉર્ફે સતબીર સિંહ ઉર્ફે સત્તા તરનતારનના નૌશેરા પન્નુઆન ગામનો રહીશ છે. યાદવિંદર સિંહ ઉર્ફે યદ્દા પણ તરનતારન જિલ્લાના જ ચંબા કલા ગામનો રહીશ છે. એનઆઈએએ લોકોને અપીલ કરી છે કે આ આતંકીઓ વિશે કોઈ પણ જાણકારી તેના દિલ્હી હેડક્વાર્ટર કે ચંડીગઢ બ્રાન્ચ ઓફિસમાં આપી શકો છો. જાણકારી આપનારાનું નામ ગુપ્ત રાખવામાં આવશે.

### કેનેડાની જાણો સાચી સ્થિતિ

# કેનેડામાં ભણતા સવા લાખ ગુજરાતી વિદ્યાર્થીઓનો પરિવાર ચિંતામાં ?

### ભારતની રાજધાની દિલ્હીમાં યોજાયેલી જી૨૦ સમિટ બાદ ભારત અને કેનેડાના સંબંધોમાં થોડી ખટાશ આવી છે



। નવી દિલ્હી, તા.૨૧ ।

ભારતની રાજધાની દિલ્હીમાં યોજાયેલી જી૨૦ સમિટ બાદ ભારત અને કેનેડાના સંબંધોમાં થોડી ખટાશ આવી હોય તેવું પ્રતિત થઈ રહ્યું છે. ભારતીય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કેનેડાના પ્રધાનમંત્રી જસ્ટિન ટ્રુડો જી૨૦માં એક મંચ પર એક સાથે હતા. જોકે, આ સમિટ બાદ અચાનક સંબંધો જાણે બદલાયેલા બદલાયેલાં લાગી રહ્યાં છે. ઉલ્લેખનીય છેકે, રાજદ્વારી દ્વંદ્વ વચ્ચે કેનેડા માટે ભારત સરકારે એડ્વાઈઝરી જાહેર કરી. કેનેડા અને ભારત વચ્ચે હાલ કથળેલા રાજદ્વારી સંબંધો વચ્ચે ભારત સરકારે બુધવારે કેનેડા જનારા ભારતીયો માટે સાવચેતી દાખવવાની સલાહ આપતી એડવાઈઝરી પ્રસિદ્ધ કરતાં અત્યારે જેમના સંતાનો કેનેડામાં ભણી રહ્યા છે અથવા સગાં-સંબંધી કેનેડામાં રહે છે તેવા ગુજરાતીઓમાં થોડીક ચિંતાનો માહોલ જોવા મળ્યો છે.

એક અંદાજ મુજબ, દર વર્ષે ગુજરાતમાંથી ૪૦ હજાર જેટલા વિદ્યાર્થીઓ કેનેડાની જુદી જુદી યુનિવર્સિટી-કોલેજમાં અભ્યાસ માટે જાય છે. આ ઉપરાંત, વર્ષોથી સ્થાયી થયેલા ગુજરાતીઓના પરિજનો પણ અંદાજે તેમની મુલાકાતે ત્યાં જતા હોય તેઓ પણ હવે કમ સે કમ વિચારણા કરતા થયા હોવાનું મનાય છે.

ચાલુ વર્ષે આખા વર્લ્ડમાંથી અંદાજે ૯ લાખ જેટલા વિદ્યાર્થીઓએ કેનેડાની જુદી જુદી શૈક્ષણિક સંસ્થામાં પ્રવેશ મેળવ્યો હોવાનું જાણવા મળ્યું છે, જેમાથી ૧ લાખ ૮૫ હજાર એટલે કે, ૨૦ ટકા જેટલા વિદ્યાર્થી માત્ર ભારતનાં છે. ભારતમાંથી સૌથી વધુ પંજાબ અને હરિયાણામાથી વિદ્યાર્થીઓ કેનેડા ભણવા માટે જાય છે. ભારત સરકાર દ્વારા જાહેર કરાયેલ એડવાઈઝરીના કારણે રાજ્ય અને દેશના નાગરિકોમાં ચિંતા પ્રસરતાં તેનો ફાયદો ઉઠાવી એજન્ટો લૂંટ ચલાવે તો નવાઈ નહી તેવી ચર્ચા ઉઠી છે. ગુજરાતની વાત કરવામાં આવે તો મહેસાણા, ગાંધીનગર, સાબરકાંઠા સહિતના વિસ્તારમાં સામાજિક પરીબળોના કારણે મોટી સંખ્યામાં લોકો વિદેશ જઈ રહ્યા છે, જેમાં અમેરીકા, ઓસ્ટ્રેલીયા અને કેનેડા પ્રથમ પસંદગી છે. વિદેશ જવા માટે એજન્ટોને લાખો રૂપિયા ફી ચુકવવામાં આવે છે. જોકે હવે સરકારની એડ્વાઈઝરીના નામે એજન્ટો વીઝા પ્રોસેસ અધરી બની હોવાના ખોટા કારણે આપી વધુ પૈસા ખંખેરવાનો કીમિયો અપનાવે તો નવાઈ નહી.

ત્રીજા નંબરે ગુજરાતના વિદ્યાર્થીઓની સંખ્યા હોય છે. ગુજરાતમાંથી દર વર્ષે હજાર વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવે છે, જે ચાલુ વર્ષે ગયેલા છે. બીજી તરફ ભારત સરકાર દ્વારા આજે ૨૦મી સપ્ટેમ્બરના રોજ સાવચેતી દાખવતી એડ્વાઈઝરી પ્રસિદ્ધ કરાતાં વાલીઓમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. ગુજરાત અને ભારતના વાલીઓમાં ઉઠેલી ચિંતાને લઈ કેનેડા સહિત વિશ્વના વિવિધ દેશોમાં વિદ્યાર્થીઓને ભણવા અર્થે મોકલનાર કન્સલ્ટન્ટે ને પૂછતા તેમણે જણાવ્યું હતુ કે, હું અત્યારે કેનેડામાં છું અને અહીં આ પ્રકારનો મોટી બાબત છે. કોઈ ચિંતાનો માહોલ નથી. અહીં લોકોને કોઈ પ્રશ્ન મુદ્દે પ્રોટેસ્ટ કરવું જેટલા હોય તો પણ વિકઓફનો ઈંતેજાર કરતાં હોય છે. આ મામલો બંન્ને દેશના ઉચ્ચ લેવલનો છે જેમાં સામાન્ય વ્યક્તિ કે, વિદ્યાર્થીને કોઈપણ પ્રકારની મુશ્કેલી સર્જાય તેવુ હાલમાં જણાતું નથી. કેનેડામાં દર વર્ષે મોટી સંખ્યામાં ભારતીયો આવે છે અને સ્થાયી થાય છે. એટલુ જ નહી, કેનેડાની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં આખા વિશ્વમાંથી આવતા કુલ વિદ્યાર્થીઓ પૈકી ૨૦ ટકા જેટલાં ભારતમાંથી આવે છે.

### તમિલનાડુના મંત્રીનું વધુ એક વિવાદાસ્પદ નિવેદન

# રાષ્ટ્રપતિને વિધવા-આદિવાસી હોઈ નવા સંસદ ભવનના ઉદ્ઘાટનમાં નિમંત્રણ ન અપાયું

। ચેન્નાઈ, તા.૨૧ ।

તમિલનાડુના મંત્રી અને ડીએમકે નેતા ઉદયનિધિ સ્ટાલિને નવા સંસદ ભવનના ઉદઘાટન કાર્યક્રમમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને આમંત્રણ ન કરવા અંગે સવાલો ઊઠાવ્યા હતા. સ્ટાલિને કહ્યું કે રાષ્ટ્રપતિ મુર્મુને એટલા માટે ન બોલાવાયા કેમ કે તે વિધવા છે અને આદિવાસી સમુદાયથી સંબંધ ધરાવે છે. ઉદયનિધિ સ્ટાલિને ફરી એકવાર કટાક્ષમાં પૂછ્યું કે શું આને જ આપણે સનાતન ધર્મ કહીએ છીએ? સ્ટાલિને મદુરૈમાં એક કાર્યક્રમમાં કહ્યું કે અમે તેની વિરુદ્ધ અવાજ ઊઠાવતાં રહીશું.

ઉદયનિધિએ એ વાત પર ભાર મૂક્યો કે આશરે ૮૦૦ કરોડના ખર્ચે તૈયાર કરાયેલા નવા સંસદ ભવનનો પ્રોજેક્ટ યાદગાર છે. તેમ છતાં ભારતના પ્રથમ નાગરિક હોવા છતાં રાષ્ટ્રપતિ મુર્મુને આમંત્રિત ન કરાયા કેમ કે તેમની આદિવાસી પૃષ્ઠભૂમિ અને એક વિધવા હોવાને લીધે તેમને આ કાર્યક્રમથી દૂર રાખવાનો નિર્ણય લેવાયો. ઉદયિનિધિએ કહ્યું કે નવા સંસદ ભવનનું ઉદઘાટન કરાયું. તમિલનાડુથી અધિનમોને બોલાવાયા પણ ભારતના રાષ્ટ્રપતિને આમંત્રણ નહીં કેમ કે તે એક વિધવા છે અને આદિવાસી સમુદાયથી છે, શું આ જ સનાતન ધર્મ છે? મુર્મુને ન તો પહેલા નવા સંસદ ભવનના ઉદઘાટનમાં આમંત્રિત કરાયા અને ન તો વર્તમાન વિશેષ સત્રમાં આમંત્રિત કરાયા.



વારાણસીમાં લોલાર્ક શશતી ઉત્સવ પ્રસંગે ભક્તો દ્વારા કુંડમાં પવિત્ર ડૂબકી લગાવવા માટે મોટી સંખ્યામાં આવ્યા હતાં.

### મનોરંજન ઈન્ડસ્ટ્રીમાંથી આઘાતજનક સમાચાર

# 3 ઈડિયટ્સના લાયબ્રેરિયન અખિલ મિશ્રાનું નિધન

। નવી દિલ્હી, તા.૨૧ ।

એન્ટરટેઈનમેન્ટ ઈન્ડસ્ટ્રીમાંથી શોકિંગ ખબર સામે આવી રહી છે. ફિલ્મ '૩ ઈડિયટ્સ'માં લાઈબ્રેરિયનની ભૂમિકાથી ફેમસ થયેલા એક્ટર અખિલ મિશ્રાનું નિધન થઈ ગયુ છે. અખિલ મિશ્રાનું એક દુર્ઘટનામાં મોત થઈ ગયુ છે. એક્ટરના મોત અંગે એવી ચર્ચા ચાલી રહી છે કે, તેઓ હેદરાબાદમાં શૂટિંગ કરી રહ્યા હતા તે દરમિયાન કોઈ બિલ્ડિંગથી પરથી પડી જતા તેમનું મોત થઈ ગયુ છે.

અભિનેતાએ ૫૮ વર્ષની ઉંમરમાં દુનિયાને અલવિદા કહી દીધુ છે. તેમના મિત્ર અને એક્ટિંગ કોચ કુલવિંદર બખ્શીએ તેમના મોતની પુષ્ટિ કરી છે. અખિલ મિશ્રાની બોડીને પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવામાં આવી છે. અખિલે અનેક ટીવીશો અને ફિલ્મોમાં કામ કર્યું છે. તેમણે ઉત્તરન, ઉડાન, સીઆઈડી, શ્રીમાન શ્રીમતી, ભારત એક ખોજ, રજની જેવા શો કર્યા હતા. ફિલ્મોની વાત કરીએ તો અભિનેતાએ ડોન અબ્બા, હજારો ખ્વાહિસે ઐસી, ૩ ઈડિયટ્સમાં કામ કર્યું હતું. ઈન્ડસ્ટ્રીમાં અખિલે વર્ષો સુધી કામ કર્યુ પરંતુ તેમને ફેમ '૩ ઈડિયટ્સ'માં લાઈબ્રેરિયન દૂબેના રોલથી મળી. સીરિયલ ઉતરનમાં ઉમેદ સિંહ બુદેલાના રોલમાં પણ તેમને ખૂબ પસંદ કરવામાં આવ્યા હતા.

અખિલની પત્ની સુઝેન બર્નેટ પણ વ્યવસાયે એક્ટ્રેસ છે. પતિના અવસાન બાદ તે શોકમાં છે. અખિલની પહેલી પત્ની મંજુ મિશ્રા હતી.

## વિશેષ

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનું પર્યાવરણ સંરક્ષણની દિશામાં મહત્વનું પગલું

# ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ ૮ મહત્વના યાત્રાધામો ખાતે ૧૨.૨૦ લાખ ચોરસ મીટર વિસ્તારમાં કરે છે ઉચ્ચ કક્ષાની સફાઈ કામગીરી

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પર્યાવરણ સંરક્ષણની દિશામાં એક મહત્વનું પગલું ભરી રાજ્યમાં તે પર્વતો પર સ્વચ્છતા અભિયાન ચલાવવાની મંજૂરી આપી છે કે જ્યાં પ્રસિદ્ધ યાત્રાધામો છે અને લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ પહોંચે છે.

રાજય સરકારના સાહસ ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ (જીપીવાયવીબી) એ મુખ્યમંત્રી સમક્ષ યાત્રાધામો ધરાવતા આ પર્વતોની પવિત્રતા જાળવી રાખવા માટે ત્યાં સ્વચ્છતા અભિયાન ચલાવવાની દરખાસ્ત મૂકી હતી કે જેને મુખ્યમંત્રીએ મંજૂરી આપી દીધી છે. મુખ્યમંત્રી દ્વારા મંજૂરી મળતાં જ જીપીવાયવીબીએ અંબાજીમાં ૨૩ સપ્ટેમ્બરથી શરૂ થતાં ભાદરવી પૂનમના મેળા પહેલા ગબ્બર પર્વત પર 'પર્વત પવિત્રતા અભિયાન' પ્રારંભ કર્યું છે. એટલું જ નહીં, નવરાત્રિ પ્રારંભ થતાં પહેલા પાવાગઢ અને ગિરનાર પર્વતોએ પણ મોટા પાયે સફાઈ કામગીરી શરુ કરવામાં આવશે.

જીપીવાયવીબીના સચિવ શ્રી આર. આર. રાવલે જણાવ્યું કે લાંબા સમયથી જણાતુ હતું કે અંબાજી, પાવાગઢ ખાતે આવેલ શ્રી મહાકાળી મંદિર તથા ગિરનાર તીર્થ જેવા યાત્રાધામો અરવલ્લી, પાવાગઢ અને ગિરનાર પર્વતો પર હોવાના કારણે આ પવિત્ર યાત્રાધામ પરિસરોની આસપાસના ડુંગરાળ વિસ્તારોમાં સફાઈ કામગીરી થઈ શકતી નહોતી. ઉપરથી અહીં આવતા શ્રદ્ધાળુઓ દ્વારા મંદિરના ચોકથી કચરો સીધા પર્વતીય ખીણમાં ફેંકી દેવામાં





આવે છે. પર્વતો પર આ રીતે ગંદગી થતા પર્યાવરણને પણ નુકસાન પહોંચે છે અને પર્વતોની પવિત્રતાની સાથે જ જે તે યાત્રાધામની શોભા વિરુદ્ધ છબી ઉત્પન્ન થાય છે. તેથી ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ યાત્રાધામ ધરાવતાં આવા ડુંગરો પર સ્વચ્છતા અભિયાન ચલાવવાની દરખાસ્ત મૂકી હતી કે જેને મુખ્યમંત્રીએ મંજૂરી આપી પર્યાવરણ સંરક્ષણની દિશામાં મહત્વની પહેલ કરી હતી. મુખ્યમંત્રી દ્વારા આ દરખાસ્તને મંજૂરી મળ્યા બાદ બોર્ડે તેમના માર્ગદર્શન હેઠળ પ્રથમ વખત પર્વતીય પ્રદેશ પર સ્થિત પવિત્ર યાત્રાધામ પરિસરોની સ્વચ્છતા તથા આસપાસના ફિજિબલ-વિઝિબલ ડુંગરાળ વિસ્તારોમાં કચરો-ગંદગી સાફ કરવાની વ્યાપક સફાઈ ઝુંબેશ શરૂ કરવાનો નવતર પ્રયોગ હાથ ધર્યો છે.

શ્રી રાવલે જણાવ્યું કે ભાદરવી પૂનમના મેળાને ધ્યાને લઈ ગબ્બર પર્વત-અંબાજી પરિસરમાં ગત ૪થી ઑગસ્ટથી ગબ્બર પર્વત સ્વચ્છતા અભિયાન પ્રારંભ કરી દેવામાં આવ્યું છે; જ્યારે શ્રી મહાકાળી માતા મંદિર-પાવાગઢ તથા ગિરનાર તીર્થ-ગિરનાર પર્વત ઉપર પણ આગામી નવરાત્રિ પહેલા વ્યાપક સ્વચ્છતા અભિયાન શરુ કરવામાં આવશે.

**જીપીવાયવીબી દ્વારા કરવામાં આવે છે ઉચ્ચ કક્ષાની સ્વચ્છતા કામગીરી**

જીપીવાયવીબી દ્વારા રાજ્યનાં આઠ મહત્વના યાત્રાધામો અંબાજી, શામળાજી, ડાકોર, પાવાગઢ, સોમનાથ, દ્વારકા, પાલીતાણા તથા જુનાગઢ-ગિરનાર તેમજ તેની આસપાસના વિસ્તારોમાં એપ્રિલ-૨૦૧૮થી હાઈ એંડ ક્લીનલીનેસ (ઉચ્ચ કક્ષાની સ્વચ્છતા) અભિયાન શરુ કરાયુ હતું. આ સફાઈ અભિયાન હેઠળ આ આઠ યાત્રાધામોમાં મંદિર પરિસર જ નહીં, પણ મંદિરને જોડતા મુખ્ય માર્ગો, બજાર વિસ્તાર, ગબ્બર, વૉક-વે અને જ્યાં શ્રદ્ધાળુઓ/યાત્રાળુઓ/પ્રવાસીઓનો વધારે ઘસારો રહે છે, તેવા વિસ્તારોમાં ઉચ્ચ કક્ષાની સ્વચ્છતા કામગીરી કરવામાં આવી રહી છે.

**અદ્યતન સ્વચ્છતા સાધનો, ૧૫૦૦ કરતા વધુ મેનપાવર**

રાજ્યનાં આ મહત્વના યાત્રાધામોમાં ઉચ્ચ કક્ષાની સ્વચ્છતા કામગીરી માટે અદ્યતન સ્વચ્છતા સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે કે જેમાં રાઈડ ઑન સ્વીપર મશીન, રાઈડ ઑન સ્ક્રબર મશીન, વૉક બિહાઈંડર સ્ક્રબર તથા વૉટર જેટ મશીનનો સમાવેશ થાય છે. આ યાત્રાધામોમાં દર ૮૦૦ ચોરસ મીટરે ૧ ડસ્ટબીન સહિત કુલ ૧૫૨૬ ડસ્ટબીનો અને દર ૧૫૦૦ ચોરસ મીટે ૧ સફાઈ કામદાર સહિત કુલ ૧૫૨૬ કામદારોની વ્યવસ્થા કરાઈ છે. સુપરવિઝન માટે થર્ડ પાર્ટી ઈંસ્પેક્શન એજંસીની વ્યવસ્થા કરવામાં આવી છે. તેવી જ રીતે દરેક યાત્રાધામ ખાતે સાઈન બોર્ડ લગાવવામાં આવ્યા છે કે જેમાં શ્રદ્ધાળુઓ/યાત્રાળુઓ સફાઈ કામગીરી અંગે બોર્ડની કચેરીના વ્હૉટ્સએપ કે ઈ-મેલ આઈડી પર ફરિયાદ કરી શકે છે. બોર્ડે એક સ્વચ્છતા એપ્લિકેશન પણ બનાવી છે કે જેમાં જઈ કચેરીમાંથી જ આઠે યાત્રાધામોની સફાઈ કામગીરીની તસવીરો જોઈ શકાય છે.

**"પીએમના સ્વચ્છતા મિશનને સાર્થક કરવાનો પ્રયત્ન, શ્રદ્ધાળુઓ પણ આપે સહકાર"**

જીપીવાયવીબીના સચિવ શ્રી આર. આર. રાવલે જણાવ્યું કે રાજ્ય સરકારનું ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના 'સ્વચ્છતા મિશન'ને 'સ્વચ્છતા, ત્યાં પ્રભુતા'ના મંત્ર વડે સાર્થક કરવાનો પ્રયત્ન કરી રહ્યું છે. આ સાથે જ તેમણે યાત્રાધામો પર આવતા શ્રદ્ધાળુઓ, યાત્રાળુઓ તેમજ પ્રવાસીઓને પણ અપીલ કરી છે કે તેઓ આ પવિત્ર યાત્રાધામોમાં જ્યાં-ત્યાં ગંદગી ન ફેલાવી તથા સ્વચ્છતા જાળવી રાખવા માટે રાજ્ય સરકાર તેમજ બોર્ડના સ્વચ્છતા અભિયાનને સફળ બનાવવામાં સહકાર આપે. તેમણે જણાવ્યું કે પર્વતોની પવિત્રતા જળવાઈ રહેશે, તો પર્યાવરણને થતું નુકસાન પણ રોકી શકાશે.

# સુરતમાં પોલીસનું નો ડ્રગ્સ ઈન સુરત સિટી અભિયાન

## રાજસ્થાન ખાતેથી એમડી ડ્રગ્સ બનાવવામાં વપરાતા એવા ૧૦ કિલોથી વધુ રો મટીરીયલનો શંક્સપ્દ માદક પદર્થિનો જથ્થો પણ ઝડપી પાડ્યો છે

। સુરત, તા.૨૧ ।

સુરત ક્રાઈમ બ્રાંચની ટીમને માહિતી મળી હતી કે NDPSના ગુનામાં લાજપોર મધ્યસ્થ જેલમાં કેદ રહેલા આરોપી સુનીલ કૌશિક જેલમાંથી મોબાઈલ ફોન ઓપરેટ કરી હરિયાણા ભિવાની ખાતે રહેતા તેના પિતા ગજાનંદ શર્મા સાથે સંપર્ક કરી હરિયાણાથી પડોશી રાજય રાજસ્થાનની હદમાંથી ગુજરાત રાજ્યના સુરત તથા અન્ય શહેરો તેમજ મહારાષ્ટ્ર રાજ્યમાં પ્રતિબંધિત ડ્રગ્સનો જથ્થો ઘુસાડવાનું કાવતરું કરે છે. બાતમીના આધારે ડીસીબી પોલીસે ગત ૧૯ તારીખના રોજ સુનીલ કૈશિક અને તેના પિતા ગજાનંદ શર્મા વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. સુરત ક્રાઈમ બ્રાંચની ટીમે માહિતીના આધારે રાજસ્થાન ખાતે ગુપ્ત ઓપરેશન હાથ ધરી પાલી જિલ્લાના પાતીગામમાં આવેલા રાજપુરોહિતોકા બાસમાં આવેલા વાડાની ઓરડીમાંથી અલગ અલગ પ્લાસ્ટિકની બેગોમાંથી સફેદ કલરના ગાંગડા તથા પાવડર સ્વરૂપના શંકાસ્પદ માદક પદાર્થોનો જથ્થો જેનું કુલ વજન ૧૦ કિલો ૯૦૧ ગ્રામ છે તે કબ્જે કરવામાં આવ્યો છે. પોલીસની અત્યાર સુધીની તપાસમાં કબજે કરવામાં આવેલો શંકાસ્પદ જથ્થો આરોપીઓ વલસાડ જિલ્લામાં આવેલા ઉમરગામ ખાતે ફેક્ટરી ખોલીને ત્યાં એમ. ડી ડ્રગ્સ બનાવવાના રો મટીરીયલસ તરીકે ઉપયોગમાં લેવાના હોવાનું જણાઈ આવ્યું હતું, જે અંગે સુરત ક્રાઈમ બ્રાંચ દ્વારા તપાસ ચાલુ છે. આરોપીઓની પૂછપરછમાં આરોપી ઘનશ્યામ મુલાણી, સુનીલ કૌશિક, વિરામણી ઉર્ફે અન્ના પાંડુરંગા લાજપોર જેલમાં સાથે હતા ત્યારે તમામે એમ. ડી ડ્રગ્સ બનાવવાનો પ્લાન કર્યો હતો જેના ભાગરૂપે ઘનશ્યામ મુલાણી અને વિરામણી ઉર્ફે અન્ના પાંડુરંગાએ પેરોલ જમ્પ કર્યો છે. અગાઉ ત્રણેય આરોપીઓએ કૌશિકના પિતા ગજાનંદ શર્મા પાસેથી ૧૨ કિલો જેટલો એમ.ડી ડ્રગ્સની બનાવટમાં વપરાતા રો મટીરીયલ્સનો જથ્થો મેળવી રાજસ્થાનમાં એમ.ડી ડ્રગ્સ બનાવી વેચાણ કરેલ હોવાની કબુલાત કરી છે. વધુમાં વીરામણી ઉર્ફે અન્ના પાંડુરંગા અગાઉ વર્ષ ૨૦૨૦ માં DCB પોલીસ મથકે પકડી પડેલા ૧ કિલોથી વધારે એમડી ડ્રગ્સના જત્થામાં મુંબઈ ખાતેથી ઝડપી પાડ્યો હતો, જેમાં તેને મુંબઈ ખાતેથી એમડી ડ્રગ્સ મંગાવેલું હતું. આરોપી સુનીલ કૌશિક ડી,આર.આઈ. દ્વારા વર્ષ ૨૦૧૯માં પકડવામાં આવેલા ૭.૬૯૪ કિલો એમડી ડ્રગ્સના ગુનામાં લાજપોર જેલમાં છે. આ ઉપરાંત સુરત ક્રાઈમ બ્રાંચની ટીમે લાજપોર જેલમાં જેલ પોલીસની મદદથી આરોપી સુનીલ કૌશિકની ઝડતી કરી હતી જેમાં આ ગુનામાં ઉપયોગમાં લીધેલો મોબાઈલ ફોન પણ મળી આવ્યો હતો.

સુરત પોલીસ કમિશ્નર અજય તોમરે આ કેસ અંગે માહિતી આપતા જણાવ્યું હતંપ કે આ કેસમાં ઘનશ્યામ મુલાણી નામના આરોપીની ધરપકડ સુરત શહેરમાંથી કરવામાં આવી છે. આ આરોપી ઘનશ્યામ મુલાણી વર્ષ ૨૦૧૯માં તેના બનેવીની હત્યાના કેસમાં પકડાયો હતો. જયારે વિરામણી ઉર્ફે અન્ના પાંડુરંગા હાલમાં વોન્ટેડ છે. સુનીલ કૌશિક હાલમાં જેલમાં છે અને અન્ય આરોપીને પકડવાના ચક્રોગતિમાન કરવામાં આવ્યા છે. આરોપીઓ ડ્રગ્સ બનાવવામાં સફળ રહ્યા હોત તો ૮ થી ૯ કરોડ રૂપિયા જેટલું ડ્રગ્સ બન્યું હોત અને યુવાધન બરબાદ થયું હોત.

## ન્યૂઝ બ્રિફ

### અમદાવાદના પશ્ચિમ ઝોનના વિસ્તારોમાં પાણીકાપ મુકવામાં આવ્યો

। અમદાવાદ, તા.૨૧ ।

અમદાવાદના પશ્ચિમ ઝોનના વિસ્તારોમાં ભર ચોમાસે પાણીકાપ મુકવામાં આવ્યો છે. શહેરના પશ્ચિમ ઝોનના નારણપુરા, નવરંગપુરા, નવા વાડજ, પાલડી, સાબરમતીમાં પાણી કાપ કરવામાં આવ્યો છે. મળતી માહિતી અનુસાર કેશવનગરમાં પાણીની લાઈનમાં ભંગાણ સર્જાયુ હોવાથી પાણીકાપ મુકવામાં આવશે. બુલેટ ટ્રેનની કામગીરી પાણીની લાઈન તૂટી હતી. અમદાવાદના પશ્ચિમ ઝોનના વિસ્તારોમાં ભર ચોમાસે પાણીકાપ મુકવામાં આવ્યો છે. શહેરના પશ્ચિમ ઝોનના નારણપુરા, નવરંગપુરા, નવા વાડજ, પાલડી, સાબરમતીમાં પાણી કાપ કરવામાં આવ્યો છે. મળતી માહિતી અનુસાર કેશવનગરમાં પાણીની લાઈનમાં ભંગાણ સર્જાયુ હોવાથી પાણીકાપ મુકવામાં આવશે.બુલેટ ટ્રેનની કામગીરી પાણીની લાઈન તૂટી હતી. છસ્ઝ્રના પાણી પુરવઠા વિભાગ દ્વારા પાણીની પાઈપ લાઈનનું કામગીરી હાથ ધરવામાં આવી છે. કામગીરીના પગલે આવતીકાલ સુધીમાં સ્થિતિ સામાન્ય થવાની શક્યતા છે.

### વડાપ્રધાન ૨૭ સપ્ટેમ્બરે આવશે ગુજરાત કરોડોના વિકાસકાર્યોની આપશે ભેટ

। અમદાવાદ, તા.૨૧ ।

પીએમ નરેન્દ્ર મોદીના ગુજરાત પ્રવાસના કાર્યક્રમમાં ફેરફાર કરવામાં આવ્યો છે. ૨ ઓક્ટોબરના બદલે પીએમ મોદી ૨૭ સપ્ટેમ્બરે ગુજરાતની મુલાકાત લેશે. મહિલા અનામત બિલ પસાર થયા બાદ તેમની આ પ્રથમ ગુજરાત મુલાકાત હોવાથી ભાજપ દ્વારા તેમના સ્વાગત માટે ભવ્ય આયોજન કર્યું છે. પીએમ મોદીના સ્વાગત માટે એરપોર્ટ પર મહિલા સંમેલન યોજવામાં આવશે. પીએમ નરેન્દ્ર મોદીના ગુજરાત પ્રવાસના કાર્યક્રમમાં ફેરફાર કરવામાં આવ્યો છે. ૨ ઓક્ટોબરના બદલે પીએમ મોદી ૨૭ સપ્ટેમ્બરે ગુજરાતની મુલાકાત લેશે. મહિલા અનામત બિલ પસાર થયા બાદ તેમની આ પ્રથમ ગુજરાત મુલાકાત હોવાથી ભાજપ દ્વારા તેમના સ્વાગત માટે ભવ્ય આયોજન કર્યું છે. પીએમ મોદીના સ્વાગત માટે એરપોર્ટ પર મહિલા સંમેલન યોજવામાં આવશે. આ સંમેલનમાં ૧૦ હજારથી વધુ મહિલાઓ સામેલ થાય તેવી કવાયત હાથ ધરાશે. આ પ્રસંગે મહિલાઓ પીએમ મોદીનું ભવ્ય સ્વાગત કરશે. કાર્યક્રમના આયોજનને લઈ અમદાવાદ ભાજપમાં બેઠકોનો ધમધમાટ શરૂ થઈ ગયો છે.

## બાળકોને નવા પુસ્તકો આપવા આયોજન

# પૂરગ્રસ્ત શાળામાં પુસ્તકો પલળી જવા અંગેની છાત્રોની વ્યથા તંત્રએ સાંભળી

## વડોદરા જિલ્લાના કાંઠા વિસ્તારના ગામોમાં ઘોડાપૂરને કારણે પ્રાથમિક શાળાઓમાં પાઠ્ય પુસ્તકો પલળી ગયા

। અમદાવાદ, તા.૨૧ ।

ગુજરાતમાં છેલ્લા ચાર-પાંચ દિવસથી સાર્વત્રિક વરસાદ પડી રહ્યો છે. જેના કારણે નદી-નાળાઓ છલકાઈ ગયા છે. ઉપરવાસમાંથી પણ ભારે વરસાદના પગલે નર્મદાના સરદાર સરોવર ડેમમાં પાણીની આવક વધી હતી. જેના પગલે ડેમમાંથી નર્મદા ડેમમાં પાણી છોડવાની ફરજ પડી હતી. જે પછી નર્મદા નદીમાં આવેલા પૂરને કારણે વડોદરા જિલ્લાના કાંઠા વિસ્તારના ગામોમાં ઘૂસી ગયા હતા અને પુસ્તકો પલળી ગયા હતા.

વડોદરા જિલ્લાના કાંઠા વિસ્તારના ગામોમાં નર્મદા નદીમાં આવેલા ઘોડાપૂરને કારણે પ્રાથમિક શાળાઓમાં પાઠ્ય પુસ્તકો પલળી ગયા હતા.આ વિસ્તારોમાં રાહતના કામોનું નિરીક્ષણ કરવા માટે ગ્રામ વિસ્તારોમાં પહોંચેલા કલેક્ટર અતુલ ગોર અને જિલ્લા વિકાસ અધિકારી મમતા હિરપરા સમક્ષ કેટલાક બાળકોએ પોતાની વ્યથા પ્રસ્તુત કરી હતી. બાળકોએ જણાવ્યુ હતુ કે પ્રાથિમક શાળામાં અભ્યાસ માટેના તેમના પુસ્તકો પલળી ગયા છે. બાળકોની આ સાંભળી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આવા બાળકોને નવા પાઠ્ય પુસ્તકો આપવા માટેની વ્યવસ્થા કરવામાં આવી છે.

વડોદરા જિલ્લામાં નર્મદા નદીના રોદ્ર રૂપથી આવેલા આપત્તિથી ભારે તારાજી સર્જાઇ છે. જે ઘરોમાં પાણી ઘૂસી જવાથી નુકસાન થયું છે, તેનો સર્વે ચાલી રહ્યો છે. ત્યારે પૂરગ્રસ્ત વિસ્તારોની મુલાકાતે પહોંચેલા બે અધિકારીઓ સમક્ષ ઘરવખરી, વેપારવાણિજ્ય અને કૃષિમાં થયેલા નુકસાનની રજૂઆતો આવી હતી. પૂરના કારણ કોઈ જાનહાની તો થઈ નથી પણ આ પૂરની અસર બાળકોના શિક્ષણ પર પડી છે. શાળામાં રહેલા બાળકોના પુસ્તરો પલળી ગયા છે. જો કે કોઈ ગ્રામજનોએ પોતાના બાળકને શિક્ષણમાં થયેલા નુકસાનની વાત કરી ન હતી. અધિકારીઓએ કેટલાક ગામોમાં બાળકોને મળીને પૂછપરછ કરી કે તમારા પુસ્તકોની સ્થિતિ શું છે ? ત્યારે બાળકોએ જવાબ આપ્યો કે તેમના પાઠ્યુ પુસ્તકો પલળી ગયા છે.

## વિદેશી દારૂ સહિતના માદક દ્રવ્યોની હેરાફેરી બેકાબુ

# નારોલ-એસજી હાઈવે પરથી ૧.૨૦ કરોડથી વધુનું એમડી ડ્રગ્સ જપ્ત

## આ કેસમાં કુલ આઠ આરોપીઓ સામે ગુનો દાખલ કરવામાં આવ્યો, ત્રણથી ચાર આરોપીઓને ઝડપી લેવાયા

। અમદાવાદ, તા.૨૧ ।

શહેરમાં વિદેશી દારૂ સહિતના માદક દ્રવ્યોની હેરાફેરી હવે બેકાબુ બની ગઈ છે. શહેરમાંથી વારંવાર દારૂ અને ડ્રગ્સનો જથ્થો ઝડપાઈ રહ્યો છે. ત્યારે ફરીવાર શહેરમાં નારોલ અને એસજી હાઈવે પરથી ક્રાઈમ બ્રાંચે ડ્રગ્સનો જથ્થો ઝડપી પાડ્યો છે. આઠ લોકો સામે ગુનો દાખલ કરીને ૧.૨૦ કરોડથી વધુ રકમનો એમડી ડ્રગ્સનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે અમદાવાદમાં અમદાવાદ ક્રાઈમ બ્રાંચ દ્વારા બુધવારે રાતે શહેરના નારોલ અને એસજી હાઈવે પરથી એક કરોડ અને વીસ લાખનું એમડી ડ્રગ્સ કબ્જે કરી લેવામાં આવ્યુ છે. આ કેસમાં કુલ આઠ આરોપીઓ સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. જેમાંથી ત્રણથી ચાર આરોપીઓને ઝડપી લેવામાં આવ્યા હોવાનું પોલીસ સુત્રો જણાવી રહ્યાં છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, આ ડ્રગ્સ ક્યાંથી લાવવામાં આવ્યુ હતુ અને તેને કોને આપવાનું તે અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવશે.

## અમદાવાદમાં ઇન્કમટેક્સ વિભાગનું સુપર ઓપરેશન

# શહેરના જાણીતા બિલ્ડર સ્વાતિ બિલ્ડકોન પર આઈટીના દરોડા

## સ્વાતિ બિલ્ડકોન સાથે કનેક્શન ધરાવતા એક મોટા કેમિકલ ગ્રુપ પર પણ દરોડા પાડવામાં આવ્યા

। અમદાવાદ, તા.૨૧ ।

સુરત બાદ અમદાવાદમાં ઈક્રમટેક્સ વિભાગે સુપર ઓપરેશન હાથ ધર્યું છે. જેમાં શહેરના જાણીતા બિલ્ડરો પર ઈક્રમટેક્સ વિભાગે તવાઈ બોલાવી છે. આ પહેલા સુરતમાં ડાયમંડ અને જ્વેલર્સ સાથે સંકળાયેલા ત્રણ મોટા ગ્રુપ પર તવાઈ બોલાવી હતી.

શહેરમાં લાંબા સમય બાદ ઈક્રમટેક્સ વિભાગના દરોડા પાડવામાં આવ્યા છે. સુત્રોમાંથી મળતી માહિતી મુજબ શહેરના જાણીતા બિલ્ડર સ્વાતિ બિલ્ડકોન પર સવારથી જ ઈક્રમટેક્સ વિભાગે કાર્યવાહી હાથ ધરી છે. આ સિવાય સ્વાતિ બિલ્ડકોન સાથે કનેક્શન ધરાવતા એક મોટા કેમિકલ ગ્રુપ પર પણ દરોડા પાડવામાં આવ્યા છે જેમાં સ્વાતિના અશોક અગ્રવાલ અને સાકેત અગ્રવાલ સહિતના ભાગીદારોને ત્યાં તપાસની કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ ઉપરાંત મહેશ કેમિકલ ગ્રુપના અલગ-અલગ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા છે.

## કોંગ્રેસ અગ્રણીઓની અસરગ્રસ્ત વિસ્તારની મુલાકાત

# નર્મદાના નીરથી તબાહી, SITની રચના કરી કોંગ્રેસની ન્યાયિક તપાસની માગ

। ભરૂચ, તા.૨૧ ।

નર્મદાના પૂરગ્રસ્ત વિસ્તારોની કોંગ્રેસના પ્રતિનિધિ મંડળે મુલાકાત લીધી હતી. કોંગ્રેસ નેતાઓએ અસરગ્રસ્તોની વેદના અને વ્યથા સાંભળી હતી. પૂરને કારણે અસરગ્રસ્તોને તાત્કાલિક કેશ ડોલ સહિતની રાહત ચૂકવવામાં આવે અને માનવસર્જિત આફતની SITની રચના કરી ન્યાયિક તપાસની કરવાની કોંગ્રેસ પક્ષ માગ કરી હતી. દક્ષિણ ગુજરાતના નર્મદા, અંકલેશ્વર, ભરૂચ સહિતના જિલ્લાઓમાં નર્મદાના નીરથી ભયાવહ પૂરની સ્થિતિ સર્જાયેલી છે. ત્યારે કોંગ્રેસ નેતાઓનું એક પ્રતિનિધિ મંડળેઅસરગ્રસ્તવિસ્તારનીમુલાકાતલીધીહતી. કોંગ્રેસનો આરોપ છે કે, આ માનવસર્જિત આપદાને કારણે સરદાર સરોવર પરિયોજના-બંધ સંચાલન સત્તાધીશોની ગંભીર ગુનાહિત બેદરકારી અને બેજવાબદારીના લીધે હજારો પરિવારો પુરનો ભોગ બન્યા છે. કરોડો રૂપિયાની ઘરવખરી અને સંપત્તિને નુકસાન થયું છે.

પૂરગ્રસ્ત બનેલા નર્મદા ભરૂચ જિલ્લાના નાગરિકોની મુલાકાત અને સ્થાનિક વિસ્તારોમાં ગંભીર પરિસ્થિતિનો તાગ મેળવવા કોંગ્રેસ પક્ષનું ઉચ્ચ કક્ષાનું પ્રતિનિધિ મંડળ ભરૂચ, નર્મદા જિલ્લાની આજ રોજ મુલાકાત લીધી હતી અને ભરૂચ-નર્મદા જિલ્લાના પૂર અસરગ્રસ્ત વિસ્તારના લોકોની વેદના અને સમસ્યાઓને સાંભળી હતી અને આંખે દેખ્યો તારાજીનો ચિતાર મેળવ્યો હતો. નર્મદા ડેમમાંથી છોડાયેલા ૧૮ લાખ ક્યૂસેકથી વધુ પાણીએ ભરૂચ અંકલેશ્વર શહેર સહિત ગ્રામ્ય વિસ્તારમાં ભારે ખાનાખરાબી સર્જી છે.

## નવરાત્રિની પ્રેક્ટિસ દરમ્યાન યુવાનનું હાર્ટ એટેકથી મોત

# જૂનાગઢમાં દાંડીયારાસ રમતા ૨૪ વર્ષીય યુવાનનું કરૂણ મોત થયું

। જૂનાગઢ, તા.૨૧ ।

જૂનાગઢમાં દાંડીયારાસ રમતા ૨૪ વર્ષીય યુવાનનું કરૂણ મોત થયું છે. નવરાત્રિની પ્રેક્ટિસ દરમ્યાન યુવાન જમીન પર ઢળી પડ્યો હતો. આ યુવકનું નામ ચિરાગ પરમાર છે. ચિરાગ પરમાર નામના ૨૪ વર્ષીય યુવાનનું ગરબા રમતા મૃત્યુ થયું હતું. જમીન પર ઢળી પડતાં યુવાનને સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડાયો હતો. રાજ્યમાં છેલ્લા ઘણા સમયથી હાર્ટ એટેકનું પ્રમાણ વધી ગયું છે. ગઈકાલે રાજકોટમાં હાર્ટ એટેકના કારણે એક દિવસમાં ૩ વ્યક્તિના મોત થયું હતું. આ સિલસિલો આજે પણ યથાવત રહ્યો છે. જૂનાગઢમાં દાંડીયારાસ રમતા ૨૪ વર્ષીય યુવાનનું કરૂણ મોત થયું છે. નવરાત્રિની પ્રેક્ટિસ દરમ્યાન યુવાન જમીન પર ઢળી પડ્યો હતો. આ યુવકનું નામ ચિરાગ પરમાર છે. ચિરાગ પરમાર નામના ૨૪ વર્ષીય યુવાનનું ગરબા રમતા મૃત્યુ થયું હતું. જમીન પર ઢળી પડતાં યુવાનને સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડાયો હતો. પરંતુ હોસ્પિટલ પહોંચે એ પહેલા જ ડોક્ટરે યુવાનને મૃત જાહેર કર્યો હતો. બીજી બાજુ ચિરાગ પરમારનું મોત થતાં પરિવારમાં ઘેરા શોકની લાગણી વ્યાપી ગઈ છે. રાજકોટમાં હાર્ટ એટેકના કારણે ૨૪ કલાકમાં ૩ વ્યક્તિના મોત થતા અરેરાટી મચી ગઈ હતી. ૨૬ વર્ષીય, ૪૦ વર્ષીય અને ૪૧ વર્ષીય વ્યક્તિના મોત થતા સમગ્ર પંથકમાં ખળભળાટ મચી ગયો હતો. જાણવા મળી રહ્યું છે કે રાજકોટના ત્રણેય યુવાનોને છાતીમાં દુખાવો ઉપડતાં સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

## તોફાની ગેંગના તમામ સભ્યો ગુનાહિત ઇતિહાસ ધરાવે છે

# આજ કુછ તુફાની કરતે હૈ કોડવર્ડ સાથે ચેઇન સ્નેચિંગ કરતી ગેંગનો પર્દાફાશ

## ચેઇન સ્નેચિંગ કર્યા બાદ લૂંટ કરેલી ચેઈનને ગોળ ગોળ ફેરવતા ફેરવતા નિકળી જતા અને રીંગરોડ પર કોઈ હોટલ કે ઢાબા પર જઇ થમ્સઅપ અને વેફરની પાર્ટી કરતા હતા

। અમદાવાદ, તા.૨૧ ।

પોલીસે જે બે આરોપીઓની ધરપકડ કરી છે, તેમના નામ મોહમ્મદહયાન અન્સારી અને મોહમ્મદમોઈન શેખ છે. બંને આરોપીઓની પૂછપરછમાં સામે આવ્યું છે કે, આરોપી મોહમ્મદહયાન અંસારી અને મોહમ્મદમોઈન શેખ બન્ને આરોપીઓ તથા અન્ય બે વ્યકિત તુફેલ ઉર્ફે માઉઝર શેખ તેમજ ઈમરાન ઉર્ફે કાણો મેવાતી આ ચારેયની એક ગેંગ હતી.

ક્રાઈમ બ્રાન્ચે તુફાની ગેંગના બે સભ્યોની ધરપકડ કરી છે, જ્યારે અન્ય બે સભ્યો હજી પણ પોલીસ પકડથી દૂર છે. તોફાની ગેંગના તમામ સભ્યો ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. ‘‘આજ કુછ તુફાની કરતે હૈ, કોડવર્ડનો ઉપયોગ કરી ચેઈન સ્નેચિંગ કરતા હતા. ચેઈન સનેચિંગ કર્યા બાદ હોટલ પર ઠંડા પીણા અને વેફરની પાર્ટી કરતા હતા. અમદાવાદ શહેર અને ખાસ કરીને પૂર્વના વિસ્તારોમાં ચેઈન સ્નેચિંગની અનેક ફરિયાદો પોલીસ મથકમાં નોંધાઈ હતી. જેને લઈને પોલીસ પણ સતર્ક બની હતી અને આ ચેઈન સ્નેચિંગોને શોધવા પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચને માહિતી મળી હતી કે, શહેરના નિકોલ વિસ્તારમાં સ્નેચિંગ કરેલા ચેન વેચવા માટે અમુક લોકો આવી રહ્યા છે. જેના આધારે પોલીસે નારોલ વિસ્તારમાંથી બે લોકોની ધરપકડ કરી છે.

પોલીસે આ બંનેની પૂછપરછ કરતાં ચોકાવનારી વિગતો સામે આવી છે. પોલીસે જે બે આરોપીઓની ધરપકડ કરી છે, તેમના નામ મોહમ્મદહયાન અન્સારી અને મોહમ્મદમોઈન શેખ છે. બંને આરોપીઓની પૂછપરછમાં સામે આવ્યું છે કે, આરોપી મોહમ્મદહયાન અંસારી અને મોહમ્મદમોઈન શેખ બન્ને આરોપીઓ તથા અન્ય બે વ્યકિત તુફેલ ઉર્ફે માઉઝર શેખ તેમજ ઈમરાન ઉર્ફે કાણો મેવાતી આ ચારેયની એક ગેંગ હતી. જે તેમની ગેંગને ‘‘તુફાની ગેંગ’’ તરીકે ઓળખાવતા હતા.આ ચારેય કોઈ કામ ધંધો કરતા નહિ. જ્યારે રૂપિયાની જરૂર હોય ત્યારે એકબીજાને ફોન કરી ‘‘આજ કુછ તુફાની કરતે હૈ’’ એમ જણાવી ભેગા થતા અને મોહમ્મદહયાનનું નંબર વગરનું બાઈક લઈ ચેઈન સ્નેચિંગ કરવા નીકળી જતા.

ચેઈન સ્નેચિંગ કર્યા બાદ લૂંટ કરેલી ચેઈનને ગોળ ગોળ ફેરવતા ફેરવતા નિકળી જતા અને રીંગરોડ પર કોઈ હોટલ કે ઢાબા પર જઈ થમ્સઅપ અને વેફરની પાર્ટી કરતા હતા. છેલ્લા એક મહિનામાં આ તુફાની ગેંગ દ્વારા વહેલી સવાર તથા મોડી રાતના સમયે મણીનગર, કાલુપુર અને કાગડાપીઠ વિસ્તારમાં ટુ વ્હીલર તથા ચાલતા જઈ રહેલા લોકોના ગળામાંથી સોનાની ચેઈનની લૂંટ કરી હતી. જે સોનાની ચેઈન વેચાણ કરવા માટે જતા પોલીસે પકડી પાડયા હતા. આ ગેંગના સભ્યો ગુનાહીત ઈતિહાસ પણ ધરાવે છે.

# ૧ લાખ પરિવારો ૩ દિવસ ભૂખ્યાં-તરસ્યાં રઝડ્યાં

। અમદાવાદ, તા.૨૧ ।

ભરૂચ જિલ્લામાં આવેલાં વિનાશક પુરને કારણે ભારે તારાજી સર્જાઈ છે. ૧ લાખ પરિવારો ૩ દિવસ ભૂખ્યાં, તરસ્યાં, અંધારપટમાં રઝડતા રહ્યાં. મામલો ગંભીર બનતા સરકારના મંત્રી કુંવરજી હળપતિ સરકારી મલમ લગાડવા આવ્યાં. ત્યારે અચાનક જનાક્રોશ ફાટી નીકળ્યો. અસરગ્રસ્ત લોકોએ મંત્રી હળપતિનો ઉધડો લીધો. લોકોએ કહ્યું કે, તમારી ચાપલૂસી અમને ભારે પડી, જુઓ ચારેકોર તબાહી મચી છે. એક લાખથી વધુ પરિવારો આ પ્રકારે પાણી છોડવાને કારણે ૩ દિવસ ભૂખ્યાં-તરસ્યાં અંધારપટ્ટમાં રહ્યાં. અસરગ્રસ્તોએ રોકડું પરખાવ્યું, સરકારે જ નુકસાન કર્યુ છે ને હવે ક પૂછવા આવ્યા છોઃ ઘર- દુકાનોમાં જઈને જુઓ, કેવી હાલત છે. ઉલ્લેખનીય છેકે, સરદાર સરોવર ડેમમાંથી છોડાયેલા ૧૯ લાખ ક્યુસેક પાણીના કારણે નર્મદા નદી ગાંડીતૂર બનતા ભરૂચ જિલ્લો પૂરના પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. ઉલ્લેખનીય છેકે, ૧૭ સપ્ટેમ્બરે આ પાણી છોડાયું હતું અને તે દિવસે પ્રધાનમંત્રી મોદીનો જન્મદિવસ હતો. ભરૂચ જિલ્લાના અંદાજીત ૧ લાખ પરિવારોને ત્રણ દિવસ સુધી ભૂખ્યા તરસ્યા અને લાઈટ વિના પૂરના ભયાનક પાણી વચ્ચે સમય વિતાવવો પડયો તેનો જનઆક્રોશ બુધવારે જોવા મળ્યો હતો. જેમાં પ્રભારી મંત્રી, જન પ્રતિનિધિઓ અને અધિકારીઓ લોકોના રોષનો શિકાર બન્યા હતા. ભરૂચના દાંડીયાબજાર વિસ્તારમાં પ્રભારીમંત્રી કુંવરજી હળપતિનો ઉશ્કેરાયેલા લોકોએ ઉધડો લેતાં ચાલતી પકડી હતી. ધારાસભ્ય રમેશ મિસ્ત્રીની ઉપસ્થિતિમાં જ રોષે ભરાયેલા યુવાન અને મહિલાઓએ ભાજપના ટોચના નેતાઓને અપશબ્દો કહ્યા હતા. જોકે, આ સમગ્ર મામલે મંત્રી કુંવરજી હળપતિએ ઉડાઉ જવાબ આપતા જણાવ્યુંકે, આમાં મુખ્યમંત્રીની કોઈ જવાબદારી આવતી નથી. જાણીબૂઝીને પાણી છોડ્યું નથી.

# સુરત બોમ્બ પ્લાન્ટ ૨૦૦૮નો આરોપી ઝહીરનો સગોભાઈ ડ્રગ્સ કેસનો આરોપી હોવાનું સામે આવ્યુ

। સુરત, તા.૨૧ ।

સુરતમાંથી ઝડપાયેલા ડ્રગ્સના કેસમાં મોટો ખુલાસો થયો છે. ડ્રગ્સ કેસના એક આરોપીનું કનેકશન સિમીના સક્રિય કાર્યકર્તા સાથે મળ્યુ છે. સુરત બોમ્બ પ્લાન્ટ ૨૦૦૮નો આરોપી ઝહીરનો સગોભાઈ ડ્રગ્સ કેસનો આરોપી હોવાનું સામે આવ્યુ છે. સુરત અને અમદાવાદ બોમ્બ કેસમાં ભૂમિકા ભજવનાર આરોપીનો ભાઈ ઝડપાયો છે. રાજ્યમાં અવારનવાર નશાકારક પદાર્થો મળી આવતા હોય છે. તો સુરતમાંથી ઝડપાયેલા ડ્રગ્સના કેસમાં મોટો ખુલાસો થયો છે. ડ્રગ્સ કેસના એક આરોપીનું કનેકશન સિમીના સક્રિય કાર્યકર્તા સાથે મળ્યુ છે. સુરત બોમ્બ પ્લાન્ટ ૨૦૦૮નો આરોપી ઝહીરનો સગોભાઈ ડ્રગ્સ કેસનો આરોપી હોવાનું સામે આવ્યુ છે.

સુરત અને અમદાવાદ બોમ્બ કેસમાં ભૂમિકા ભજવનાર આરોપીનો ભાઈ ઝડપાયો છે. સુરત અને અમદાવાદ બોમ્બ કેસમાં ભૂમિકા ભજવનાર આરોપીનો ભાઈ ઝડપાયો છે. ઝહીર હાલ જેલની બહાર અને તેનો સગોભાઈ સુરતમાં ડ્ર્ગ્સનો વેપલો કરે છે. સુરતમાંથી ઝડપાયેલા ડ્રગ્સ કેસમાં ઝહિર સામેલ છે કે નહીં તે અંગે ક્રાઈમ બ્રાન્ચ તપાસ હાથ ધરશે.




માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨